પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન



અધરામૃતની મહાપ્રસાદી પાવલ

સત્સંગ - ૫

પ્રેષકઃ

શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર
સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧
સંપર્કઃ (બપોરના ૨-૦૦ થી રાતના ૧૦-૩૦)
૦૨૬૯૨ ૨૫૪૦૪૬, ૯૮૨૫૮ ૯૮૭૨૦

ધર્મ-અધર્મ શાસ્ત્રની વ્યાખ્યા

શાસ્ત્રં ગચ્છન્તિ વૈ નરા : મનસ્ગચ્છન્તિ વાનરા ॥

શાસ્ત્રની આજ્ઞા મુજબ વર્તે એ જ નર અને મન મુજબ (શાસ્ત્રથી વિરુદ્ઘ) વર્તે તે વાનર

.. ..

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિયનિગ્રહ : ।
ધીર્વિધા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥

(મનુસ્મૃતિ - ૬/૯૨)

સન્તોષ, ક્ષમા, દમ, અપરિગ્રહ, પવિત્રતા, ઈન્દ્રિયસંયમ, બુદ્ધિ, સત્ય, અક્રોધ આ દશલક્ષણ ધર્મના છે.

.. ..

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિત : ।
તસ્માદ્ધર્મો ન હન્તવ્યો માનો ધર્મો હતોઽવધીત્ ॥

(મનુસ્મૃતિ - ૮/૧૫)

નાશ થયેલો ધર્મ નાશ કરે અને રક્ષણ કરાયેલ ધર્મ રક્ષણ કરે છે. નષ્ટધર્મ કયાંક આપણને જ નષ્ટ ન કરી દે. આ વિચાર કરીને ધર્મનો નાશ ક્યારેય ન થવા દેવો.

.. ..

આહાર નિદ્રા ભય મૈથુનંચ સામાન્યમેતત્ પશુભિર્નરાણાં ।
ધર્મો હિ તેષાં અધિકો વિશેષો ધર્મે હિના નર પશુભિઃ સમાના ॥

ખાવું, સુવું, ડરવું અને શરીરની ઈન્દ્રિયોના ભોગો ભોગવવા એ તો મનુષ્ય અને પશુ બંનેમાં સમાન છે. મનુષ્યની વિશેષ ઓળખ તો ધર્મથી જ થાય છે. ધર્મ વિનાનો મનુષ્ય પશુસમાન જ છે.

શ્રી અસીમકૃપા પાત્ર વૈષ્ણવજન ....

અમારા સૌના સદૈન્ય ભગવદ્ સ્મરણ.

ઘણાં લાંબા સમયની રાહ જોવડાવ્યા પછી **સત્સંગ-૫ ની અધરામૃતની મહાપ્રસાદી પાતળ** અમારા તરફથી પરોસાઇ રહી છે. આમાં **ધર્મ શું ?, અધર્મ શું ?** તેનું **શ્રીમદ્‌ભાગવત, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો વગેરેમાંથી અને પુષ્ટિ અસ્મિતા અભિયાન રાજકોટ**- સંકલન કર્તા શ્રી રમેશભાઇ પંચાસરાના પુસ્તકમાંથી આપને પરોસી રહ્યાં છીયે.

જ્યારે પ્રસાદી પાતળમાં બધું સમાવી લેવાનું હોય અને ''પાતળની મર્યાદા '' હોય ત્યારે **પરોસનાર ઉપર વધુ અને બધુ પરોસવાની જવાબદારી આવે છે.** અમારી યાથામતિ એ તે સજાવવાની કોશિશ કરી છે. આપ સૌ આપની રુચિ અનુસાર તે ગ્રહણ કરી સંપ્રદાયમાં આપણા સૌની નિષ્ઠા વધે - દ્રઢ થવાય. અને **પોષણના અભાવમાં ઉપદ્રવ પામતા રોગોનો પ્રતિકાર કરવાની શક્તિ ભગવદ્ ઈચ્છાથી આપણે પ્રાપ્ત કરીએ, તેજ મનોરથ છે.**

આ શક્ય બને જ્યારે આપણે વાંચનથી, અધ્યયનથી , ચિંતન થી આપણી બુધ્ધિમાં સત્ય - અસત્ય; કર્તવ્ય - અકર્તવ્ય; ધર્મ - અધર્મ;... વગેરેનો વિવેક દ્રઢ કરી જીવન જીવવાનું શરૂ કરીએ ત્યારે, એટલે કે **વાંચી-સમજી, વિચારી તેને આચરણમાં મુકીશું તો જ આ શક્ય બનશે.**

ઉદાહરણ રૂપે લઈએ તો શ્રીમહાપ્રભુજી પોતાના ગ્રંથોમાં કહે છે **'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ : ....'** ; **'ગૃહેસ્થિત્વા સ્વધર્મત :'** ; **'તદ્ સિધ્ધયે તનુ-વિત્તજા'** આ ગ્રંથો શરણે આવેલા જીવનું કર્તવ્ય એટલે કે ધર્મ, સ્વરૂપે સમજાવે છે. જો આપણે તે વિરૂદ્ધનું વર્તન કરીયે તો અધર્મ ગણાશે અને સંપ્રદાયનાં પ્રવર્તક ગુરૂ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો દોષ લાગશે.

એવી જ રીતે આપશ્રી જણાવી રહ્યા છે કે, અન્યાશ્રય ન કરવો, અસમર્પિતનું ખાનપાન ન કરવું... વિગેરે આપણે જો આચરણમાં નથી મુકતા તો આપણે લીધેલા બ્રહ્મસંબંધનો નાશ થાય છે. તેવું ટીકાકારો જણાવે છે.

જો આપણે ' દેવ દ્રવ્ય ' ખાઈશું તો, શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, જે દેવદ્રવ્ય ખાશે તે મારો નહીં કહેવાય (મારા સંપ્રદાયનો નહીં કહેવાય) અને મહાપતિત બની જશે.

આવા કથનોમાંથી - ધર્મ શું છે એટલે આપણું કર્તવ્ય શું છે ? - તેનો વિચાર કરી પોતાનાં જ ઘરમાં પોતાનાં જ ઠાકોરજીની સેવા કરી, તે જ પ્રસાદ લેવો અથવા સમર્પિતનો જ પ્રસાદ લેવો તેવો આગ્રહ ધર્મ બનશે - તેની વિરૂદ્ધનું આચરણ અધર્મ બનશે. માટે બુદ્ધિથી એ જ વિચારવું રહ્યું કે આપણા માટે કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું ?

તેવી જ રીતે, જ્યાં જ્યાં શ્રી ઠાકોરજીની આજ્ઞા હોય તે પ્રમાણે જીવન જીવવું તે કર્તવ્ય (ધર્મ) બને છે. તેની વિરૂદ્ધ જવું તે અકર્તવ્ય (અધર્મ) બને છે પરંતુ આમાં સાંપ્રદાયિક

વિવેક, વિચાર માંગી લે છે. ઉદાહરણ રૂપે, આપણું કર્તવ્ય છે - 'પ્રભુ સુખાર્થે' દરેક ક્રિયા કરવી તે હવે જો ભગવદ્ આજ્ઞા હોય પણ તે કાર્ય કરવાથી ભગવદ્સુખ ન સચવાતું હોય તો **તેણે ભગવદ્ આજ્ઞા પણ ન પાળવામાં વિવેક છે.** વાર્તા પ્રસંગમાં આવે છે.

જીયદાસજીએ રાતનાં શ્રીઠાકોરજીનાં પોઢી ગયા પછી પંખાની સેવા કરવાની માંગણી શ્રીગુસાંઇજી આગળ મુકી છે. તે **સેવાનો પ્રકાર ન હોવાથી** શ્રીગુસાંઇજી ના પાડે છે. જીયદાસજીએ બહુ વિનંતી કરી ત્યારે છૂટ આપી છે અને જણાવ્યું છે કે આંખો બંધ કરીને પંખાની સેવા કરજો, કેમ કે આ સેવાનો અધિકાર જીવનો નથી. તેથી દર્શન ના થાય.

કેટલાક દિવસો સુધી આંખો બંધ કરીને આખી રાત પંખાની સેવા કરી છે. એક દિવસે ઠાકોરજીએ આજ્ઞા કરી '**મારા દર્શન કર**' પરંતુ તેમણે (જીયદાસે) આંખો ખોલી નથી. પંખાની જ સેવા ચાલુ રાખી છે. બીજે દિવસે ઠાકોરજીએ ગુસાંઇજીને ફરીયાદ કરતા જણાવ્યું કે '**તમારો સેવક મારી આજ્ઞા નથી માનતો**' ગુસાંઇજીએ જીયદાસને બોલાવી પૂછ્યું કે કેમ 'શ્રીઠાકોરજીની આજ્ઞા નથી પાળતો' જીયદાસજીએ બધી વાત ગુસાંઇજીને જણાવી અને કહ્યું કે, **''મેં આંખો એટલા માટે ન ખોલી કેમ કે, દર્શન કરવાથી મારી આંખોને સુખ મળત- શ્રીઠાકોરજીને સુખ ન મળત. સેવા - ભગવદ્ સુખાર્થે કરવાની છે. જ્યારે આ દર્શનનું સુખ મારી આંખોને મળત - માટે મેં ના પાડી છે. છતાં કોઇ અવિવેક થતો હોય તો દંડવત કરી માફી માંગુ છું.''**

શ્રીગુસાંઇજી પ્રસન્ન થયા શ્રીઠાકોરજી પ્રસન્ન થયા અને દર્શન આપ્યા **આમ શ્રીઠાકોરજીની કઇ આજ્ઞા માનવી અને કઇ ન માનવી તે વિવેક જીવે વિચારવાનો છે.**

(સાર : માટે જીવે ભગવદ્સુખને પ્રાધાન્યતા આપી સેવાનો વ્યવહાર કરવાનો છે.)

એવી જ રીતે, કિશોરીબાઇની વાર્તામાં શ્રીઠાકારજી જણાવે છે કે, '' એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસેથી કાંઇ પણ સામગ્રી મારા માટે લે છે તો તે હું અંગીકાર કરતો નથી'' (અહીંયા ખાસ ધ્યાન રાખવાનું છે કે કાંઇ પણ સામગ્રી નો અર્થ થાય છે અનાજ - ફલ - વસ્ત્ર - ફુલ - શ્રૃંગાર... વિગેરે)

માટે આપણે આપણા ઠાકોરજીનું સુખ વિચારવું હોય તો સેવા કરવા માટે કોઇનું કાંઇ પણ ન લેવું તે ઉત્તમ પક્ષ બને છે. (શાસ્ત્રએ જયાં છૂટ મૂકી છે તે લેવામાં બાધ નથી. જેમકે, ચુટકી માંગીને લાવવું, પુત્રનું - પતિનું - મા-બાપનું, સ્વકિયનું જો તેઓ સંપ્રદાય વિરોધી ન હોય તો). જ્યારે કન્યાદાન થયેલી પુત્રીનું તેના મા-બાપથી ન લેવાય - આ બધું નિષેધ છે.

આમ વૈષ્ણવોએ ધર્મ-અધર્મનો વિચાર કરી વિવેક પૂર્વક તેનું આચરણ કરવાનું છે. આ સમજવા સત્સંગ - ૫ ની પાતળ પરોસી છે. આપ સૌ આપની રુચિ અનુસાર ગ્રહણ કરશો. આપણી સૌની સંપ્રદાયમાં નિષ્ઠા વધે- અધર્મ નિષેધ કર્મને સમજીએ - છોડીયે તેજ મનોરથ છે.

_ શેષ ભગવદ્ ઇચ્છા

સત્સંગ - ૫

મહાપ્રસાદની કણિકા

વિભાગ - ૧

(સામાન્ય જાણકારી ૧ થી ૧૫)

(A) શાસ્ત્રનું સ્વરૂપ અને સમજણ ૧
(B) માર્ગ (પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ, પ્રવાહમાર્ગ) 3
(C) સંપ્રદાય અને તેનું બંધારણ ૪
(D) ગુરૂ અને તેમના લક્ષણો ૫
(E) દીક્ષા (શરણદીક્ષા, બ્રહ્મસંબંધદીક્ષા) ૮
(F) ભક્તિ અને તેનું નિરૂપણ ૧૧
(G) ભગવદ્ સેવા ૧૩
(H) આચાર (આજ્ઞા-નિષેધ) ૧૪

વિભાગ - ૨

(ધર્મ-અધર્મની જાણકારી ૧૬ થી ૪૨)

(A) શ્રીમદ્ ભગવદ્ગીતાનાં આધારે ધર્મ-અધર્મની જાણકારી ૧૬
(B) શ્રીમદ્ ભાગવતનાં આધારે ધર્મ-અધર્મની જાણકારી ૧૯
  (૧) ધર્મનું રહસ્ય ૧૯
(૨) ધર્મનાં તેર પત્ની-પુત્રનું વિવેચન ૨૦
  (૩) સામાન્યધર્મો તથા વર્ણાશ્રમ ધમા ૨૨
    (A) સામાન્યધર્મ ૨૨
    (B) વર્ણના ધર્મ ૨૩
    (C) આશ્રમના ધર્મ ૨૩
    (D) સન્યસ્તાશ્રમનો ધર્મ ૨૪

અમારા પ્રકાશન નિ:શુલ્ક
મેળવવા પત્ર વ્યવહાર કરવો.

સંપ્રદાયના સત્સંગ માટે
અમારા પર અને અનુકુળતા
મુજબ આવીશું-સંપર્ક કરવો.

શ્રી વલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
સત્સંગ સ્થળ : C/o. ચિરાગ લેબોરેટરી
શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ,
આણંદ. ☎ : (૦૨૬૯૨) ૨૫૪૦૪૬
બુધવાર - રવિવાર - (૪ થી ૬ સાંજના)
ન્યોછાવર : નિ:શુલ્ક વિતરણાર્થ
(વાંચો-વંચાવો-સત્સંગ)

    (E) ગૃહસ્થાશ્રમના સામાન્ય ધર્મો ૨૪
    (F) ગૃહસ્થાશ્રમના મોક્ષપ્રદ વિશેષ ધર્મો ૨૬
  (૪) અધર્મનું સ્વરૂપ અને તેની પરંપરા ૨૭
  (૫) ધર્મનાં ચાર ચરણ ૨૮
  (૬) ધર્મમાંજ આવતા અધર્મનાં ચરણ ૨૯
  (૭) ધર્મનું સ્વરૂપ બળદનું અને અધર્મનું સ્વરૂપ ગધેડાનું ૩૧
  (૮) અધર્મનાં ૯ (નવ) પ્રાણ આધાર ૩૧
  (૯) કલિ (કલહ) ને રહેવાનાં પાંચ સ્થાન ૩૨

(C) શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોના આધારે ધર્મ-અધર્મનું વિવેચન ૩૩
  (૧) તત્ત્વાર્થદીપ નિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણ ૩૩
  (૨) તત્ત્વાર્થદીપ નિબંધ-સર્વનિર્ણય પ્રકરણ ૩૪
  (૩) ષોડશગ્રંથ અંતર્ગત ૩૮

(D) સંપ્રદાય સાર ૪૦

વિભાગ - 3

(A) અજ્ઞાન અશ્રદ્ધા અને સંશયની જાણકારી ૪૩ થી ૫૧

સત્સંગ - ૫ માં નીચે જણાવેલ ગ્રંથોની સહાયતા લીધી છે.

શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત પુરાણ, સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઇજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વગેરેના ગ્રંથો અને ટીકાઓ, પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર - રાજકોટથી પ્રસિદ્ધ થયેલ પુસ્તિકા **'ધર્મા-ધર્માગ્રદર્શનમ્'**(સંકલન કર્તા શ્રી રમેશભાઇ પંચાસરા).

સમજણમાં સરળતા પડે માટે, ૮૪ - ૨૫૨ વૈષ્ણવોની વાર્તા સાહિત્ય માંથી લીધું છે. તેમજ **'સંપ્રદાયસાર'**માં શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતો જણાવ્યા છે.

નોંધ : અમારા જીવ સ્વભાવથી જે કાંઇ દોષ આ પાતળ પરોસવામાં રહી ગયો હોય તો અમારું ધ્યાન દોરવા વિનંતી.

વિભાગ-૧

(A) શાસ્ત્રનું સ્વરૂપ અને સમજણ

શાસ્ત્રનું સ્વરૂપ સમજવાનું એટલા માટે જરૂરી છે કે, શાસ્ત્ર આપણને વિધિ-નિષેધ, ધર્મ-અધર્મ અને કાર્ય-અકાર્ય સમજાવે છે. શાસન કરે તે શાસ્ત્ર ! શાસ્ત્રનું શાસન પશુ માટે નથી. પ્રભુ માટે નથી ; પણ માનવ માટે છે. પશુ શાસ્ત્રથી નીચી કક્ષામાં છે, પ્રભુ ઉંચી કક્ષામાં છે. પશુ તો શરીર-ઈન્દ્રિયો-મન-બુદ્ધિથી **શાસ્ત્રોકત આચાર-વિચારમાં અસમર્થ છે.** પ્રભુ તો સર્વસમર્થ છે - શાસ્ત્રથી પર છે - તે ઇચ્છે તો લીલા-માત્રથી શાસ્ત્ર-શાસન સ્વીકારે ; ન ઇચ્છે તો લીલા-પૂર્વક શાસ્ત્ર-શાસનથી ઉપર વિહાર કરે ! **સામાન્યત : શાસ્ત્ર-શાસન કરે છે, માનવોનું.**

પ્રેમ અને પ્રસન્નતાને, આનંદ અને આત્મીયતાને, શોધતો માનવ વાસનાવશ કે મોહવશ, જાણ્યે કે અજાણ્યે પણ, ઇન્દ્રિયો-મન-બુદ્ધિ દોરે તેમ દોરવાઇ જાય છે ; સન્માર્ગને બદલે અસન્માર્ગે આથડતો થઇ જાય છે ; અને **'ઇન્દ્રિય-સુખ રૂપ'ના નરકમાં ઘસડાઇ જાય છે.** નરકના દ્વાર ત્રણ - કામ, ક્રોધ અને લોભ ! કામ ભોગથી, ક્રોધ સાનુકૂલ પરિણામથી અને લોભ યથેચ્છ લાભથી **સુખનો આભાસ તો ઉભો કરી દે છે !** પછી તો, તેમાંથી છૂટવાની ક્યારેક ઇચ્છા થવા છતાં પણ આ સર્વ-નાશક-માર્ગમાંથી છટકવું અઘરૂં છે. **કામાદિ-દોષોનો ત્યાગ શાસ્ત્રોકત સદાચારથી થાય છે.**

શાસ્ત્ર તો નકશા (માનસચિત્ર) જેવા છે. તે તો દિશા-માર્ગ દર્શાવે છે. તે દર્શાવેલી દિશામાં-યોગ્ય માર્ગે ચાલવાનું તો માનવે તેની વિવેક-બુદ્ધિથી છે. શાસ્ત્રતો સફલ-સુખનો-જીવનમાર્ગ દર્શાવે છે ; અને નિષ્ફલ દુઃખનો જીવનમાર્ગ પણ દર્શાવે છે.સુખનો માર્ગ છે - વિધિ ! દુઃખનો માર્ગ છે - નિષેધ ! વિધિ - માર્ગે ચાલે તેને સુખ-સફલતા મળે છે. નિષેધ-માર્ગે ચાલે તેને દુઃખ-નિષ્ફલતા મળે છે. વિધિ માર્ગ એટલે ધર્મ ; નિષેધ માર્ગ એટલે અધર્મ. માનવના જીવન-હિત માટે શાસ્ત્ર તો બંનેનું દર્શન કરાવે છે. વિધિ સુખ-સફલતાનો નિર્દેશ કરીને પ્રવૃત્તિમાં મન-બુદ્ધિને જોડે છે. નિષેધ અસફલતા - દુઃખનો નિર્દેશ કરીને મન-

બુદ્ધિને તેમાંથી રોકે છે.

શહેરોમાં આધુનિક રાજમાર્ગ પર વાહન-વ્યવહારની સરલ- સલામત અવર-જવરમાં સંજ્ઞા-સૂચક, **લાલ-પીળી-લીલી** બત્તીઓ રાખવામાં આવે છે. **લીલી-બત્તી** હોય તો માર્ગ પર વાહન ચલાવવામાં સરલતા છે, ભય નથી તેમ સૂચવે છે, **પીળી બત્તી** ચાલવાની કે અટકવાની તૈયારી રાખવા સૂચવે છે. લાલ-**બત્તી** ચાલુ હોય તો વાહન ચલાવવામાં સરલતા નથી, ભય છે, તેમ તે સૂચવે છે. લીલી-બત્તી વાહન-વ્યવહારમાં વિધિ રૂપ છે, લાલ-બત્તી નિષેધ રૂપ છે. **આ લાલ-લીલી-બત્તી માર્ગમાં વિઘ્ન માટે નથી** ; પણ નિર્વિઘ્ન વાહન વ્યવહાર ચલાવવા માટે છે. **તેમ, શાસ્ત્રમાં કહેલા વિધિ-નિષેધ જીવન-વ્યવહારને નિર્વિઘ્ને ચલાવવા માટે છે.** તેની મર્યાદામાં રહેવાથી સુખ મળે ; તે મર્યાદા ન પાળવાથી દુઃખ મળે. **શાસ્ત્ર જે કરવાનું કહે તે - વિધિ ! શાસ્ત્ર જે ન કરવાનું કહે તે નિષેધ ! તે બંને મળીને ધર્મ કહેવાય છે.** આ વિધિ-નિષેધના પરિપાલનથી જીવનયાત્રામાં અકસ્માત-અનર્થ-થવા ન સંભવે.

શાસ્ત્ર વિધિ-નિષેધાત્મક ધર્મ બતાવે છે. તે પ્રમાણે વિવેક-બુદ્ધિથી, મનને વશમાં લઈને, ઈન્દ્રિયરૂપ ઘોડાઓને યોગ્ય રીતે ચલાવવાથી, જીવન યાત્રા સરલ થાય - સફલ થાય. દેહાનુસંધાન હોય ત્યાં સુધી આ શાસ્ત્ર-વિધાન પ્રમાણે જીવવું જરૂરી છે. ‘‘હું ભગવાનનો અંશ હોવાથી તેમનો દાસ છું ’’ - એવું ભાન દઢ થતાં, **પ્રભુપ્રેમની કોમલ** - વેલને તો શાસ્ત્રોકત વર્ણાશ્રમધર્મની વાડમાં ગુપ્ત-સુરક્ષિત રખાય. દેહાભિમાન હોય ત્યાં સુધી શાસ્ત્રોકત ધર્મો જ સ્વધર્મ છે, શાસ્ત્ર પ્રમાણ છે. લોકોને જીવનયાત્રાનું યથાર્થ જ્ઞાન નથી માટે, નિઃસ્વાર્થ ઋષિઓએ પ્રભુ-પ્રેરણાથી શાસ્ત્ર પ્રકટ કર્યા છે. શ્રદ્ધાળુ સમાજને તે સન્માર્ગે દોરે છે, અસન્માર્ગથી અટકાવે છે, શાસન કરે છે. તેનું અનુસરણ સૌને માટે હિતાવહ છે. શાસ્ત્ર-વિધિ છોડીને, પોતાની કામનાઓ પ્રમાણે, અશાસ્ત્રીય રીતે, સ્વચ્છંદથી, જીવનાર-વર્તનારને સિદ્ધિ-સફલતા, સુખ, પરમ-જ્ઞાન-ગતિ મળતાં નથી ; તેથી, શું કરવું ? શું ન કરવું ? - એ વિષયમાં શાસ્ત્ર પ્રમાણ છે, - યથાર્થ જ્ઞાનનું સાધન છે. શાસ્ત્રે કહેલો વિધિ સમજીને સ્વધર્મનું આચરણ કરવું યોગ્ય છે. શ્રીમદ્ભગવદગીતામાં ભગવાને આ જ કહ્યું છે :- ‘યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય … કર્મ કર્તુમિહાર્હસિ !’ ॥ ૧૬-૨૩॥

(B) માર્ગ

ઇષ્ટપ્રાપ્તિના ઉપાયને 'માર્ગ' કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જેના વડે આપણે પોતાનું મનગમતું મેળવી કે શોધી શકીએ તેને 'માર્ગ ' (ઉપાય, સાધન) કહેવામાં આવે છે.

ત્રણેય પ્રકારના જીવોને, પોતપોતાના નિયત સ્વભાવ મુજબ જે ઇષ્ટ હોય છે તે પ્રાપ્ત કરવા માટે ત્રણ માર્ગો પણ ભગવાને જ પ્રગટ કર્યા છે. પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ આ ત્રણેય માર્ગોનો આપણે પરિચય મેળવીશું.

(૧) પુષ્ટિભક્તિમાર્ગ : મોક્ષની પણ ઇચ્છા રાખ્યા વગર શ્રીકૃષ્ણની પૃષ્ટિ (કૃપા) દ્વારા શ્રીકૃષ્ણની ભક્તિ મેળવવાના માર્ગને 'પૃષ્ટિભક્તિમાર્ગ ' કહેવામાં આવે છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માત્ર પૃષ્ટિભક્તિમાર્ગથી જ થઇ શકે છે. કર્મ, જ્ઞાન કે ઉપાસના માર્ગથી નહીં. આથી ફળની દ્દષ્ટિએ 'પૃષ્ટિભક્તિમાર્ગ ' સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

(૨) મર્યાદા માર્ગ : વેદમાં બતાવેલા કર્મ-જ્ઞાન તથા તંત્ર શાસ્ત્રમાં બતાવેલા શ્રીકૃષ્ણની વિભુતિરૂપ સૂર્ય વગેરે દેવોની ઉપાસના વડે મોક્ષ મેળવવાના માર્ગને 'મર્યાદામાર્ગ ' કહેવામાં આવે છે. **મર્યાદામાર્ગમાં સ્વર્ગ-મોક્ષ વગેરે મેળવવાના ત્રણ માર્ગો છે.** કર્મ માર્ગ, જ્ઞાન માર્ગ અને ઉપાસના માર્ગ (મર્યાદાભક્તિ માર્ગ).

(અ) કર્મમાર્ગ : શાસ્ત્રમાં બતાવેલ યજ્ઞ વગેરે કર્મોને ભગવાનની ક્રિયાશક્તિનું પ્રાકટ્ય જાણી, કર્મથી મળતા ફળોમાં લાલચ ન રાખતાં, તે ફળોને શ્રીકૃષ્ણને સમર્પવા. શાસ્ત્રમાં જે કર્મો કરવાની મનાઇ છે તેવા 'નિષિદ્ધ ' કર્મોનો ત્યાગ કરવો. અનિવાર્યપણે કરવાના 'નિત્યકર્મ ' તથા પ્રસંગોપાત કરવાના 'નૈમિત્તિક કર્મો ' જ કરવા. **આ પ્રમાણે કરવાથી બધા જ પાપ તથા પુણ્યોનો નાશ થાય ત્યારે મોક્ષ મળે.** કર્મફળોની લાલચમાં દોરાઇને 'કામ્ય કર્મો ' કરનારને ? સ્વર્ગ વગેરે નાશવંત ફળો જ મળે છે, જન્મ-મરણનાં ચક્રથી મોક્ષ નહીં. આને કર્મમાર્ગ કહેવામાં આવે છે.

(બ) જ્ઞાનમાર્ગ : લૌકિક તથા પારલૌકિક **સર્વબાબતોમાં તીવ્ર વૈરાગ્ય કેળવી સંન્યાસ** લઇ શાસ્ત્રમાં બતાવેલા જ્ઞાન સાધન વડે (અક્ષર બ્રહ્મ સાયુજ્યરૂપ) મુક્તિ મેળવવાના માર્ગને 'જ્ઞાનમાર્ગ ' કહેવામાં આવે છે.

(ક) ઉપાસના માર્ગ : તંત્ર શાસ્ત્રમાં બતાવેલા પ્રકારે ઇષ્ટદેવના નામમંત્રની

દીક્ષા લઇ, શાસ્ત્રમાં જે દેવી-દેવતાઓનું વર્ણન હોય તેમની બ્રહ્મ તરીકે મંત્ર વિધિથી ઉપાસના વડે મોક્ષ મેળવવાના માર્ગને 'ઉપાસના માર્ગ' કે ' મર્યાદા ભક્તિમાર્ગ ' કહેવામાં આવે છે.

(૩) **પ્રવાહ માર્ગ :** **સારા - નરસા કર્મોના કારણે કર્મ ફળ ભોગવવા જન્મમરણના ફેરામાં ફરતા રહેવાના માર્ગને 'પ્રવાહ માર્ગ '** કહેવામાં આવે છે.

ઘણું કરીને દરેક માર્ગોના પેટા માર્ગ હોય છે. આ પેટા માર્ગોને જ 'સંપ્રદાય ' નામ દ્વારા ઓળખવામાં આવે છે. **મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા ' પ્રવર્તિત સંપ્રદાય'** એ 'પૃષ્ટિભક્તિમાર્ગ ' નો જ પેટા માર્ગ છે. આપણે સંપ્રદાયનું સ્વરૂપ સમજીએ.

(C) સંપ્રદાય

વ્યાખ્યા : શિષ્યના આત્મકલ્યાણને માટે ગુરૂ દ્વારા આપવામાં આવતી, ઇષ્ટદેવના નામમંત્રની, દીક્ષાની પરંપરાને 'સંપ્રદાય ' કહેવામાં આવે છે. (સમ્યક + પ્રદાય એટલે વારસામાં મળેલું જે ગુરૂ દ્વારા શિષ્યને વારસામાં મળે છે.)

જો ઇશ્વર પ્રાપ્તિનો મનગમતો ઉપાય બતાવનારા ધર્મ સંપ્રદાયો વિભિન્ન સ્વભાવ-રૂચિ ધરાવતા જીવોને ન જડે તો તેઓ પોતાનો આધ્યાત્મિક વિકાસ કેવી રીતે સાધી શકે ? વળી આ જગત પ્રભુએ પોતાની ક્રીડા (રમવા) માટે બનાવ્યું છે અને ક્રીડા વિવિધતા વગર ન થઇ શકે. **આ કારણથી પણ વિભિન્ન જીવો માટે વિભિન્ન સંપ્રદાયો હોવા જરૂરી છે.** દરેક શાસ્ત્રીય સંપ્રદાયો કોઇ ખાસ હેતુથી કોઇ ખાસ વર્ગના લોકો (જીવો) માટે **ભગવાનની આજ્ઞાથી જ પ્રવર્તિત થયા છે.** આથી જ બધા સંપ્રદાયો પોતપોતાનામાં પરિપૂર્ણ છે, જરૂરી છે તથા સારા છે.

સંપ્રદાયનું બંધારણ : સુસ્થાપિત તથા સુવિચારિત દરેક સંપ્રદાયના ચાર પક્ષો હોય છે. **(૧)** તત્ત્વદર્શન કે તત્ત્વવિચારપક્ષ **(૨)** સિદ્ધાન્ત પક્ષ **(૩)** સાધના, આચાર કે વ્યવહાર પક્ષ **(૪)** ફળપક્ષ. ચારપક્ષોની સામે ઉપદેશો પણ ચાર પ્રકારના હોય છે.

(૧) **તત્ત્વોપદેશ :** પરતત્ત્વ શું છે, જીવ-જગતનું સ્વરૂપ તેમજ મૂળ શું, પરમાત્મા સાથે જીવ જગતનો કયા પ્રકારનો સંબંધ છે. આવા સંપ્રદાયના સિદ્ધાન્ત, વ્યવહાર અને ફળ પક્ષના તાત્વિક આધારના ઉપદેશને 'તત્ત્વોપદેશ '

કહેવામાં આવે છે.

(૨) **સિદ્ધાન્તોપદેશ** : વ્યવહારનું નિયમન કરવા માટેના નીતિ-નિયમોનું નિરૂપણ તત્ત્વના વિચારના આધારે, 'સિદ્ધાન્તોપદેશ ' કહેવામાં આવે છે.

(૩) **વ્યવહારોપદેશ** : સિદ્ધાન્તને વ્યવહારમાં **કઇ રીતે મુકવા અને કઇ રીતે ન મૂકવા** તે બાબતના સુચનો 'વ્યવહારોપદેશ ' માં કરવામાં આવે છે.

(૪) **ફળોપદેશ** : વ્યવહારોપદેશમાં દર્શાવેલ વ્યવહાર અનુસાર વ્યવહાર (સાધના) કરતાં કરતાં મળતા ફળનું નિરૂપણ 'ફળોપદેશ ' દ્વારા કરવામાં આવે છે.

(D) ગુરૂ અને તેમના લક્ષણો

જ્ઞાન જેમ સાચા ગુરૂ વિના મળતું નથી, તેજ પ્રમાણે ગુરૂ વિના કોઇ ધર્મ સંપ્રદાયમાં પ્રવેશ પણ મળી શકતો નથી. આથી જ માણસના જીવનમાં ગુરૂનું સ્થાન ખૂબ મહત્વપૂર્ણ છે. 'ગુરૂ' તેને કહેવામાં આવે છે કે જે શિષ્યને મંત્રદીક્ષા આપીને સંપ્રદાયના સિદ્ધાન્તોનું સંપૂર્ણ જ્ઞાન કરાવે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય પૃષ્ટિભક્તિસમ્પ્રદાયના પ્રવર્તક તેમજ તેના સર્વોચ્ચ ગુરૂ છે. તેથી જ આ ભયંકર કલિયુગમાં ભગવન્માર્ગના અજ્ઞાનને કારણે આંધળા બનેલા નિઃસાધન દૈવી પૃષ્ટિજીવોને. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનું જ્ઞાન થાય તે માટે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે અનેક ગ્રંથોની રચના કરી છે. તે મુખ્યત્વે નીચે મુજબ છે.

- બ્રહ્મસૂત્ર, મીમાંસા સૂત્ર તથા ગાયત્રીમન્ત્ર ઉપર ભાષ્યો
- શ્રીભાગવત ઉપર 'શ્રીસુબોધિની ' વ્યાખ્યા
- સ્વતંત્ર ગ્રંથોમાં તત્ત્વાર્થદીપ નિબંધ, ષોડશ ગ્રંથો, પત્રાવલમ્બન વગેરે.
- સ્તોત્ર ગ્રંથોમાં શ્રીપુરુષોત્તમસહસ્ત્રનામ, શ્રીમધુરાષ્ટક, શ્રીપરિવૃઢાષ્ટકમ્, શ્રીકૃષ્ણાષ્ટકમ્, શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્, શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્ વગેરે.

શિષ્યને સમ્પ્રદાયની દીક્ષા આપીને તેને માર્ગના સિદ્ધાન્તોનું જ્ઞાન કરાવે તેને 'ગુરૂ ' કહેવાય, ગુરૂ એ માર્ગદર્શક છે તેથી તેની પવિત્ર ફરજ છે કે પોતાના શિષ્યોને :

- ધર્મના માર્ગે દોરે
- માર્ગના સિદ્ધાન્તોની સાચી સમજણ આપે
- અધર્મથી દૂર રાખે
- સેવા કરવાની પ્રેરણા આપે અને

- શિષ્યમાં ભક્તિભાવ વધે એવો પ્રયાસ કરે.

આ સાથે તે

- **પોતે પણ ધર્મનું આચરણ કરે.**

આવા કર્તવ્યનિષ્ઠ ગુરૂને શોધીને તેના શિષ્ય થવું જોઇએ. એવા ગુરૂ, પરંતુ ઓળખવા કઇ રીતે તો શ્રી મહાપ્રભુ **'સર્વનિર્ણય ' નિબંધમાં કેવા લક્ષણવાળા પુરૂષને ગુરૂ બનાવવો જોઇએ તે બતાવતા આજ્ઞા કરે છે :-**

कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितम् नरम् ।
श्रीभागवततत्त्वज्ञ भजेत् जिज्ञासुरादरात् ॥

સેવા કરવાની ઇચ્છા ધરાવતા જિજ્ઞાસુએ નીચે બતાવેલા ત્રણ લક્ષણો **દીક્ષા આપનારમાં** છે કે નહીં એવી ખાતરી કરીને પછી જ તેની પાસેથી સમ્પ્રદાયની દીક્ષા (અષ્ટાક્ષર, બ્રહ્મસંબંધ) લેવી જાઇએ. **તેથી દીક્ષા આપનાર શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત આચરણ કરવાવાળો ન હોય.**

૧. ☞ - શ્રી મહાપ્રભુજીએ બતાવેલા પ્રકારે પોતાના ઘરમાં જ સેવા કરતો હોવો જોઇએ. (મંદિર કે હવેલી બનાવીને તેમાં નહીં)
  - ભગવત્સેવાને ફલરૂપ જાણીને કરતો હોય (તેના દ્વારા પૈસા, પ્રતિષ્ઠા કે ભોગ મેળવવા નહીં)
  - જેમ વૈષ્ણવો પોતાના ઘરમાં પોતાના જ ધનથી, પરિવાર સહિત જાતે જ સેવા કરે છે તેમ, પોતે પણ કરતો હોવો જોઇએ. (મંદિર, હવેલીમાં કે બીજાના પૈસા લઇને કે નોકરો રાખીને નહીં)
  - ભગવત્સેવા માટે કોઇપણ પાસેથી ધન, ભેટ-સામગ્રી માંગતો ન હોવો જોઇએ અને **કોઇ આપવા તૈયાર થાય તેને સ્વિકારતો પણ ન હોવો જોઇએ.**

૨. ☞ પ્રભુની સેવા કરતો હોય પણ **જો આ સેવા પાખંડ કે લોભથી કરતો હોય તો એવી વ્યક્તિ ગુરૂ થવા લાયક ન ગણાય.** આથી ગુરૂએ લોકો ને દેખાડવા, વાહવાહી મેળવવા કે લોકો પાસેથી શ્રીઠાકોરજી માટે પૈસા લેવા સેવા ન કરવી જોઇએ.

૩. ☞ ભાગવત કેમકે ભક્તિમાર્ગનો આધાર છે, **આથી બ્રહ્મસંબંધ આપનાર ઓછામાં ઓછું 'ભાગવતના સાર' ને તો જાણતો હોવો જ જોઇએ.**

આમ તો , આપણા બધાના ગુરૂ શ્રીમહાપ્રભુજી છે જ છતાંય **શ્રીવલ્લભાચાર્યની આજ્ઞા હોવાથી** (ઉપર જણાવેલ શ્લોક અને તેના પરની ટીકાનો ભાવાનુવાદ જણાવે છે કે) **ઉપરોક્ત ત્રણ લક્ષણો જેનામાં હોય એવા પુરૂષ વલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય પાસેથી દીક્ષા લેવી જોઈએ. અયોગ્ય વ્યક્તિ પાસેથી દીક્ષા લેવાથી દીક્ષા આપનાર તથા લેનાર બંનેનું અનિષ્ટ થાય છે.**

અહીં એક બાબત સાવધાનીપૂર્વક દયાનમાં લેવા યોગ્ય છે. શ્રીઆચાર્યચરણ દ્વારા સ્વમાર્ગીય દીક્ષાદાનનો અધિકાર પોતાના વંશજોને અપાયો હોવાથી જો કોઇ કારણોસર કોઇક વલ્લભવંશજ શ્રીમહાપ્રભુજીએ નિધરિલ ગુરૂના લક્ષણો કેળવવા તરફ દુર્લક્ષ સેવે અને તે કારણોસર **જો તેનામાં ગુરૂના જરૂરી લક્ષણો ન દેખાતા હોય તો તે એક વલ્લભવંશજ છે એટલા માત્રથી તેને ગુરૂ ન બનાવવો જોઈએ.**

આથી જ, ગૌતમધર્મસૂત્રમાં લખ્યું છે : જેની પાસેથી દીક્ષા લીધી હોય તે ગુરૂ જો પોતે જ કશું જાણતો ન હોય, એટલે કે (૧) અજ્ઞાની હોય ; અથવા જાણતો બધુ હોય પરંતુ (૨) શિષ્યને અભ્યાસ ન કરાવતો હોય ; અથવા (૩) ગુરૂ પાપકર્મ કરતો હોય કે તેવી પ્રેરણા પણ કરતો હોય, **તો તેવા ગુરૂનો ત્યાગ કરી દેવો જોઈએ.**

ગુરૂ-શિષ્યના સંબંધમાં કેટલી ઉંચી અને પવિત્ર ભાવના આપણા ઋષિમુનિઓએ બતાવી છે ! કેટલી ગંભીરતાથી આપણી ધર્મપરંપરામાં દીક્ષા પ્રણાલીને લેવામાં આવી હતી ! જ્યારે આજે તો..

આથી આધુનિક ઉપદેશકો (ગુરૂઓ) જો **શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત** વચનો (જેમકે, સેવા ત્રણ પ્રકારે થઇ શકે, તનુજા, વિત્તજા, તથા માનસી; પુષ્ટિમાર્ગમાં દેવદ્રવ્ય ન થાય ; સિદ્ધાન્તો બધા વૈષ્ણવો માટે છે, ગુરૂઓ માટે નહીં ; દેવદ્રવ્યનો પ્રસાદ ખાઇ શકાય ; કોઇના મર્યા પાછળ ભાગવત બેસાડી શકાય ; વૈષ્ણવોના શ્રીઠાકોરજી પુરુષોત્તમ નથી હોતા પણ ગુરૂ તરીકે બિરાજતા હોય છે, તેથી ઉતરતી કક્ષાના હોય છે જ્યારે ગુરૂના શ્રીઠાકોરજી મોટા-ચઢીયાતા સર્વોદ્ધારક હોય છે ; હવેલી - મંદિરોમાં ભેટ - સામગ્રી શ્રીઠાકોરજી માટે આપવા જોઈએ ; શ્રીઠાકોરજીના મનોરથો કરાવવા જોઈએ ; બાંધેલો નેગ ઘટાડવો ન જોઈએ ; શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં તમે શું સમજો ? વાંચશો તો બહિર્મુખ થઇ જશો વગેરે વગેરે) **આપતા હોય તો તેવા ઉપદેશ પ્રમાણે અનુસરણ કદાપી ન કરવું જોઈએ.**

એટલા માટે આધુનિક વલ્લભવંશજ જો ગુરૂના લક્ષણ ધરાવતા ન હોય પણ તેઓ ઉપદેશ જો, સર્વલક્ષણ સમ્પન્ન શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત મુજ આપતા હોય તો તેવો ઉપદેશ સદ્ગુરૂના ઉપદેશની માફક જ ફળ આપનારો હો શકે છે. પરન્તુ આધુનિક વલ્લભવંશજોની બુદ્ધિ દુઃસંગ વગેરે (પૈસા કે પ્રતિષ્ઠાન લાલચ, અન્યાશ્રય) દોષોથી માર્ગના સિદ્ધાન્તોથી વિપરિત તો નથી થઇ ગઇ ચકાસી લેવું.

ગુરૂના સંદર્ભમાં એક અતિશય પ્રેરણાદાયક પ્રસંગ **નિજવાત ઘરૂવાર્તાના પુસ્તકમાં નિજવાર્તામાં ૧૬ નંબરની વાર્તા અવગાહન કરવ** જેવી છે (તે દરેક વૈષ્ણવે અવશ્ય જ વાંચી સમજી લેવી જોઇએ)

(E) દીક્ષા

કોઇપણ શાળામાં પ્રવેશ કરતાં પહેલાં વિદ્યાર્થીએ પ્રવેશપત્ર ભરી આપવું પડે છે. પ્રવેશપત્ર માન્ય થયા પછી જ વિદ્યાર્થીને શાળામાં અભ્યાસ કરવ મળે છે. તે જ પ્રમાણે કોઇપણ ધર્મસંપ્રદાયમાં જો પ્રવેશ મેળવવો હોય તો સંપ્રદાયની મંત્રદીક્ષા લેવી જરૂરી હોય છે. સનાતન ધર્મના શાસ્ત્રોમાં કહ્યું છે દીક્ષા લીધા વિના જો કોઇ કાંઇ પણ (ધર્મસાધના રૂપે) કરે છે તો તે, કર્યું કારવ્યું બધું નકામું જાય છે. આથી દીક્ષા મેળવવી અનિવાર્ય (જરૂરી) છે.

દીક્ષામાં મુખ્યત્વે બે પ્રયોજનો છે : ૧. માર્ગમાં પ્રવેશ કરનારની યોગ્યત જાણવી કે જેથી અયોગ્ય વ્યક્તિ સંપ્રદાયમાં ઘુસી ન જાય અને ૨. સંપ્રદાયમાં પ્રવેશ મેળવનાર સ્વમાર્ગીય સાધના પ્રાણાલીને અનુસાર પવિત્રતા પ્રાપ્ત કરે.

પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવા માટેની દીક્ષાનું નામ છે 'શરણમંત્ર દીક્ષા' અથવા શરણદીક્ષા.

શરણદીક્ષા : બીજા ધોરણમાં પ્રવેશ કરવો હોય તો પહેલું ધોરણ પાસ કરવું પડે. તેમ, શરણદીક્ષા દ્વારા પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવો હોય તો તે **માટે પણ સંપ્રદાયના બંધારણ મુજબ કેટલીક યોગ્યતા હોવી જરૂરી છે.** તે યોગ્યતાઓની જાણકારી હોવી અને તેમાં દ્રઢ હોવું જરૂરી છે જેને નીચે મુજબ ગણાવી શકાય.

૧. શ્રીકૃષ્ણથી મોટા કોઇપણ દેવી-દેવતા નથી.
૨. શ્રીકૃષ્ણ સિવાય ઉદ્ધાર કરનાર કોઇ જ નથી.
૩. શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવી-દેવતાઓનો કે અન્ય કોઇનો પણ આશ્રય વૈષ્ણવ માટે મહાન અપરાધ છે.

૪. શ્રીકૃષ્ણના શરણે જઇને શ્રીકૃષ્ણના દાસ બની જીવન વિતાવવામાં જ વૈષ્ણવી જીવનની સાર્થકતા છે.

ઓછામાં ઓછા આ ચાર સિદ્ધાન્તો જો હૃદયમાં દૃઢ થઇ ગયા હોય ત્યારે શરણદીક્ષા (નામપમાવવું = ''શ્રીકૃષ્ણ : શરણં મમ'' એ મંત્રની દીક્ષા) લઇને પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં પ્રવેશી શકાય.

અન્ય દેવી-દેવતાઓનો આશ્રય-પૂજા-માનતા-વ્રત કે જપ છોડ્યા વગર જો શરણદીક્ષા લેવામાં આવે તો એવી દીક્ષાનો કોઇ અર્થ નથી રહેતો. આવી રીતે દીક્ષા લેનારને કોઇપણ રીતે પુષ્ટિભક્તિમાર્ગીય કહી ન શકાય. **તેથી અન્યાશ્રયનો ત્યાગ પુષ્ટિમાર્ગમાં અનિવાર્ય છે.** (ઉપર જણાવ્યું તે પ્રમાણે **શાળામાં દાખલ થનારે શાળાના દરેક નિયમોનું પાલન કરવું તે તેની ફરજ બને છે.)**

કોઇપણ દીક્ષામંત્ર માટે એ શાસ્ત્રીય સામાન્ય નિયમ છે કે જ્યારે પણ કોઇ દીક્ષિત વ્યક્તિ પોતાના દીક્ષામંત્રનો ભાવાર્થ ભૂલી જઇ તેનો (મંત્રનો) જપ - સ્મરણ કરવાનું પણ છોડી દે તો તે દીક્ષિત વ્યક્તિમાંથી તે દીક્ષા નિવૃત્ત (ન હોવા બરાબર)થઇ જાય છે.

બ્રહ્મસંબંધ દીક્ષા : પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુસેવા કરવા ઇચ્છનારનું બ્રહ્મસંબંધથી દીક્ષિત થયેલું હોવું આવશ્યક ગણાય છે. બ્રહ્મસંબંધ દીક્ષા મેળવવા ઇચ્છનારમાં સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીના બંધારણ મુજબ **ઓછામાં ઓછી નીચે મુજબની યોગ્યતા હોવી જોઇએ :**

- શ્રીકૃષ્ણમાં દૃઢ વિશ્વાસ
- અન્યાશ્રયનો ત્યાગ
- તિલક-કંઠી વગેરે બ્રાહ્ય ચિન્હો
- સંપ્રદાયનું જ્ઞાન મેળવવામાં તત્પરતા અને
- શ્રીકૃષ્ણની સેવા કરવાની ઇચ્છા

ઉપરોક્ત લક્ષણો દીક્ષાર્થી ધરાવે છે કે નહીં ? તેની પરીક્ષા કર્યા વિના **ગુરૂ તેને બ્રહ્મસંબંધ ન આપી શકે.** અને લક્ષણો ન હોવા છતાં ગુરૂ તેને બ્રહ્મસંબંધ દીક્ષા આપે તો તેને **ભગવાનનું નામ વેચવાનો અપરાધ લાગે છે,** શ્રી મહાપ્રભુજીનો અપરાધ લાગે છે તેમજ સંપ્રદાયનો અપરાધી બને છે, અને એક જીવને અંધારામાં રાખીને ભટકાવવાના કારણે અપરાધ લાગે છે. અને લેનારને પણ અપરાધ લાગે છે તેનું કારણ પણ સ્પષ્ટ જ છે. **જે બ્રહ્મસંબંધમંત્રનો ભાવાર્થ**

વાંચવાથી સામાન્ય માણસને સમજાઇ જશે કે શા માટે અપરાધ લાગે છે.

પુષ્ટિભક્તિસંપ્રદાયમાં બ્રહ્મસંબંધ એ ભગવદ્સેવા કરવા માટેનો અધિકાર છે એટલે અધિકાર મેળવ્યા વિના કોઈપણ કાર્ય થઇ શકતું નથી અને કરે તો તે ફલિત થતું નથી તેથી ભગવદ્સેવારૂપી સાધના કરવા માટે જ **બ્રહ્મસંબંધરૂપી અધિકાર મેળવવો જરૂરી છે. જેને ભગવદ્સેવા નથી કરવી તેના માટે બ્રહ્મસંબંધ લેવું અને આપવું બંને મહાન અપરાધ છે.**

પૃષ્ટિભક્તિસંપ્રદાયમાં ભગવદ્ - સેવાનો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત મુજબનો **આ એક જ પ્રકાર છે** કે પોતે પોતાના ઘરમાં પોતાના શ્રીઠાકોરજીની પોતાના તન-મન-ધનથી પોતાના પરિવાર સાથે તેના સહયોગથી સર્વ-સમર્પણપૂર્વક 'સિદ્ધાન્ત રહસ્ય' ગ્રંથમાં ભગવાનની આજ્ઞા 'અસમર્પિતવસ્તુનાં તસ્માદ્વર્જનમાચરેત્ ', 'નિવેદિભીઃ સમપ્ર્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિ ', 'તસ્માદ્આદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્ ' અનુસાર કરવી જોઇએ. **આવી સેવા કરવા માટે જ બ્રહ્મસંબંધ લેવું અને આપવું એવો માર્ગનો સિદ્ધાન્ત છે.**

આવી ભગવત્સેવાના પ્રકાર સિવાય આધુનિક **કપોલકલ્પિત પ્રકારથી** એટલે કે ફક્ત મીસરી, ઝારી, દુધઘર, નાગરી, અનસખડી કે માત્ર સખડી જ વિ. સેવાના પ્રકાર સંપ્રદાયમાં માન્ય નથી અને શ્રીમહાપ્રભુજીએ ક્યાંય ઉપદેશ્યા પણ નથી અને **તેનું કાંઇ પણ ફળ નથી તેમ શ્રીહરિરાયજી (શિક્ષાપત્રવાળા) પણ સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે** તેથી આવા અંધારામાં કોઇએ પણ રહેવું જોઇએ નહીં.

જેમણે બ્રહ્મસંબંધ આ બધું જાણ્યા વિના લઇ લીધું હોય તેમણે ઓછામાં ઓછું જે મંત્રની દીક્ષા લીધી હોય તે નિવૃત ન થઇ જાય તેના માટે બ્રહ્મસંબંધમંત્રના બને તેટલા પાઠ તો પવિત્ર સ્થિતિમાં કરવા જ જોઇએ.

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ : ભગવાન કૃષ્ણથી વિખૂટા પડ્યે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-કલેશનો આનંદ થવો જોઇએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજનવલ્લભ) ને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું, 'હે કૃષ્ણ ! હું તમારો છું.'

ઉપરના ભાવાર્થનો મંત્ર બોલીને તુલસી - દળ કે પત્ર હાથમાં રાખી શ્રીઠાકોરજી આગળ પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે આજથી હું આ બધું આપને સમપર્ણ કરું છું **અને હવે આ બધાનો ઉપયોગ હું પહેલા આપના માટે કરીશ અને પછી જ હું તેનો પ્રસાદરૂપે ભોગ કરીશ અને આ પ્રતિજ્ઞા ત્યારે જ નભી શકે જ્યારે ઘરમાં સર્વસમર્પણપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરીએ જો આવી સેવા ન કરીએ તો આ પ્રતિજ્ઞાનો ભંગ થાય છે** એટલે કે બોલીને ફરી જવું અથવા ખોટું બોલવું અને તે પણ ક્યાં ! સાક્ષાત શ્રીઠાકોરજી સામે પતિવ્રતા તુલસીની સાક્ષીમાં, અને શ્રીમહાપ્રભુજીના સાનિધ્યમાં.

સામાન્ય માણસ પાસે પણ બોલીને ફરી જઈએ તો અપરાધ-દોષ લાગે છે. આ તો.......

આનો વિચાર દરેકે શાંત ચિત્તથી કરવો જરૂરી છે એટલે **ફક્ત બ્રહ્મસંબંધ લઈને કંઠી પહેરી લેવાથી ઉદ્ધાર નહીં થઈ જાય** આ બધા કર્તવ્યો નિભાવશું ત્યારે ઉદ્ધારની અપેક્ષા કાંઈક સાર્થક થાય. નહિંતર તો **'અંધે ગુરુ લાલચી ચેલા દોનો નરકમેં ઠેલઠેલા '** નો જ ઘાટ બને છે. **'અજગર અને કીડીઓ '** (નિજવાર્તા) જેવો જ ઘાટ બને છે.

(F) ભક્તિ અને તેનું નિરૂપણ

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ, શ્રીમહાપ્રભુજીને ભક્તિની વ્યાખ્યા : 'માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તૂ સૂદઢ સર્વતોધિક સ્નેહ' માન્યછે : એટલે કે પુષ્ટિપુરુષોત્તમના સંપૂર્ણ માહાત્મ્ય જ્ઞાન સહિત, **પુષ્ટિપ્રભુમાં** કોઈપણ પરિસ્થિતિમાં ડગે નહીં કે ઓછો ન થાય એવો, **લૌકિક-અલૌકિક સઘળા પદાર્થો કરતાં અધિક-વિશેષ સ્નેહ તેનું નામ ભક્તિ.**

ભક્તિ પણ બે પ્રકારની છે, એક **મર્યાદાભક્તિ** જે શાસ્ત્રના વિધિ-વિધાનોની મર્યાદામાં રહીને કરવામાં આવતી **મર્યાદાભક્તિ** અને બીજી શાસ્ત્રના વિધિ-વિધાનો જેમાં ટૂંકા પડી જાય અને **શાસ્ત્રનો વિરોધ પણ ન થાય** તેવી પ્રભુની વિશેષ કૃપાથી પ્રાપ્ત થતી **'પુષ્ટિભક્તિ'**.

શ્રીમહાપ્રભુજીએ જે માર્ગનું પ્રવર્તન કર્યું તેનું નામ 'પુષ્ટિભક્તિ માર્ગ ' છે. એટલે **આપણે બધા આ પુષ્ટિભક્તિમાર્ગ ના અનુયાયીઓ છીએ. ('હવેલી ધર્મના' નહીં)**

ભગવાને ગીતામાં અનેક જગ્યાએ ભક્તિની મહત્તા બતાવી છે.

(૧) મારામાં મનવાળો થા મારો **ભકત થા** (૯/૩૪)

(૨) જો અત્યન્ત દુષ્ટ આચરણવાળો પણ મને **અનન્યતાથી ભજે** તો તેને સારો જ માનવો (૯/૩૦)

(૩) મારા **ભક્તનો** નાશ થતો નથી (૯/૩૧) જે મને **ભક્તિથી** પત્ર, ફુલ, ફલ અને જલ અર્પે છે તે હું આરોગું છું (૯/૨૬)

(૪) જેઓ મને **ભક્તિથી** ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું (૯/૨૯)

(૫) તે સર્વજ્ઞ સર્વભાવથી મારૂં **ભજન કરે છે.** (૧૫/૧૯)

(૬) જે મને **અવ્યભિચારી ભક્તિયોગથી** સેવે છે તે બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે. (૧૪/૨૬)

(૭) **અનન્ય ભક્તિથી** જ એવા પ્રકારનો હું શક્ય છું વગેરે. (૧૮/૬૬)

ભક્તિ શબ્દ 'ભજ' ધાતુ ઉપરથી બનેલો છે અને 'ભજ' નો અર્થ થાય છે સેવા, ભજ-સેવાયાં એટલે ભક્તિને એક સ્વતંત્ર પુરૂષાર્થ, પંચમ પુરૂષાર્થરૂપે કહેવામાં આવેલી છે તેથી **મનુષ્યના ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે, આ ચારેય પુરૂષાર્થોથી પર એવી પંચમ પુરૂષાર્થરૂપા ભક્તિ છે.** એટલે સ્વતંત્ર ભક્તિ છે.

ભક્તિથી કાંઇ બીજું ફલ નથી મેળવવાનું ભક્તિ માટે જ ભક્તિ કરવાની છે. આનુ નામ 'પુષ્ટિભક્તિ '. જો ભક્તિથી કાંઇક બીજું ફલ મળતું હોય તો તે મર્યાદાભક્તિ થઇ જાય છે કારણ કે **પુષ્ટિભક્તિમાં સાધન-ફલ જુદા જુદા નથી.** અથવા તેવી અપેક્ષાથી ભક્તિ થાય તો આપણે ત્યાં ભગવદ્ સેવા એ આ પુષ્ટિભક્તિનાં મુખ્ય અંગરૂપે કરવામાં આવે છે. તેથી સેવાનું ફલ સેવા જ છે. સેવા કરીને બીજું કોઇ ફલ પ્રાપ્ત કરવાનું નથી. શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ' ગ્રંથમાં આજ્ઞા કરે છે ' ભગવદ્દરૂપ સેવાર્થંતત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્', 'ભગવાન એવ હી ફલં ' અને ચતુઃશ્લોકીમાં પણ સ્વતંત્ર ભક્તિનું ચાર શ્લોક દ્વારા નિરૂપણ છે. અને 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથમાં પણ 'સર્વં સમર્પિતં ભકત્યા કૃતાર્થોસિ સુખી ભવ' અને 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં પણ 'એહિકે-પારલોકે ચ સર્વથા શરણં હરિ: ' વગેરેમાં આ નિરૂપણ કરેલું છે.

(G) ભગવદ્ સેવા

પુષ્ટિભક્તિના મુખ્ય અંગરૂપ ભગવદ્સેવા છે. શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાન્ત મુક્તાવલી ' ગ્રંથમાં આ ભગવદ્સેવાનું સાચું સ્વરૂપ બતાવેલું છે. 'કૃષ્ણસેવા-સદા કાર્યા માનસી સા પરા મતા, ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુ-વિત્તજા ' એટલે કે **કૃષ્ણ સેવા હંમેશા કરવીજોઇએ. તેમાં માનસી છે તે પરાસેવા છે, ચિત્તનું પ્રભુમાં પરોવાવું તે સેવા છે** તેની સિદ્ધિ તનુવિત્તજા સેવા દ્વારા થાય છે. એટલે આને ઉલ્ટાવીને સમજીએ તો તનુવિત્તજા સેવા કરવાથી ચિત્ત પ્રભુમાં પરોવાય છે. ચિત્ત પ્રભુમાં પરોવવાથી માનસી સિદ્ધ થાય છે અને માનસી સિદ્ધ થવાથી કૃષ્ણસેવા હંમેશા (નિરંતર) થતી રહે છે.

એટલે પ્રથમ પગથીયું તનુવિત્તજા છે. તનુવિત્તજા એટલે તન, એટલે શરીર - દેહ અને વિત્ત એટલે દ્રવ્ય (બધા જ પ્રદાર્થો). **પોતાના શરીરથી અને પોતાના દ્રવ્ય એટલે પોતાની જ બધી વસ્તુઓથી ભગવદ્ સેવા કરવાની છે. આનું નામ જ ભગવદ્ સેવા છે.** અર્થાત તન પોતાનું અને ધન બીજાનું લઇને નહીં કે, પછી પોતાનું ધન અને બીજાના તનથી પણ નહીં. પોતાનું જ તન અને પોતાનું જ ધન.

બીજાને ધન આપીને તેના તનથી સેવા કરાવવામાં આવે તો ચિત્તમાં રાજસતા (અહંકાર) આવે અને ચિત્ત પ્રભુમાં પ્રવણ ન થઇ શકે અને બીજાનું ધન લઇને પોતાના તનથી સેવા કરે તો સેવા ભાડૂતી થઇ જાય છે, નોકરી બની જાય તેવી સેવા ફલિત થતી નથી. ભગવદ્સેવાનો પ્રકાર ''સિદ્ધાન્ત રહસ્ય'' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કર્યો છે (સાક્ષાત્ ભગવાનના કહેલા પ્રમાણેજ) 'અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્ ', ' નિવેદિભિ : સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિ', 'તસ્માદાદૌ સર્વ કાર્યે સર્વ વસ્તુ સમર્પણમ્ ', 'સેવકાનાં યથા લોકે વ્યવહાર : પ્રસિદ્ધ્યતિ ' એટલે **સર્વ-સમર્પણપૂર્વક ભગવદ્-સેવાનો જ પ્રકાર છે.**

તેમજ ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ''યથા ભક્તિ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે, ... બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહેસ્થિત્વાસ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભી :'' એટલે કે, **ભક્તિ પુષ્ટિજીવમાં કેમ વધે તેના પ્રકાર કહું છું. ભક્તિનો બીજભાવ દઢ થવા માટેનો પ્રકાર તો ઘરમાં રહીને પોતાના વર્ણાશ્રમધર્મ પ્રમાણે મનથી અવ્યાવૃત થઇને કૃષ્ણનીસેવા કરવી** અને આના સીવાય બીજો કોઇપણ ભગવદ્-સેવાનો પ્રકાર

પુષ્ટિમાર્ગમાં માન્ય છે જ નહીં. એટલે પોતાના ઘરમાં પોતાના શ્રીઠાકોરજીન પોતાના પરિવારના સહયોગથી પોતાના ધનથી અને પોતાના તનથી ભગવદ્ સેવાનો એક જ પ્રકાર શ્રીમહાપ્રભુજીને માન્ય છે. આ સિવાયના જેટલા પણ **પ્રકારો ભગવદ્ -સેવાના છે તે બધાજ કપોલ-કલ્પિત અને સિદ્ધાન્ત વિરૂ પ્રકારો છે તેવા પ્રકારોનું ફલ પૃષ્ટિમાર્ગમાં કાંઈ જ નથી પણ ઉલ્ટાનું પુષ્ટિમાર્ગન નામે આવા મનઘડંત સેવા પ્રકારોથી પતન જ થાય છે. ઉદ્ધારતો ક્યારેય નહીં જ**

(H) આચાર

શાસ્ત્રમાં કહ્યું છે કે 'આચારો પ્રથમો ધર્મ' આચાર એ પ્રથમ ધર્મ છે આ આચારો પણ શાસ્ત્રમાં, બધાના એટલે કે ચાર વર્ણ અને ચાર આશ્રમવાળાઓના અલગ અલગ બતાવેલા છે. એટલે કે બ્રાહ્મણના જે આચાર હોય તેનાથી ક્ષત્રીયના આચાર અડધા, ક્ષત્રીયના આચારથી વૈશ્યના આચાર અડધા અને શુદ્રને તો કોઈ આચારની મર્યાદા જ નથી. એમ ચાર આશ્રમમાં બ્રહ્મચર્ય આશ્રમના આચાર જૂદા (જન્મથી પચીસ વર્ષ સુધીના), ગૃહસ્થાશ્રમના આચાર જૂદા (પચ્ચીસથી પચાસ વર્ષ સુધીના), વાનપ્રસ્થાશ્રમના આચાર જૂદા (પચાસથી પંચોતેર વર્ષ સુધીના), અને સન્યાસાશ્રમના આચાર જૂદા (પંચોતેર થી ૧૦૦ વર્ષ).

ત્યાર પછી દરેક માટે દિવસના આચાર કરતા રાત્રિના આચાર અડધા. રાત્રિના આચાર કરતા બિમારીમાં આચાર અડધા, બિમારીના આચાર કરતા પ્રવાસના આચાર અડધા, પ્રવાસના આચાર કરતા મરણપથારીની અવસ્થાના આચાર અડધા.

(**સાર :** અપરસ-મેંડ-મર્યાદા- જે પાળવાની છે તે આચાર સ્વરૂપે બ્રાહ્મણોએ સૌથી વધારે અને ક્રમશઃ ઉતરતા ક્રમમાં ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ણમાં પાળવાનો આગ્રહ શાસ્ત્ર રાખે છે. તેમાં પણ ઉંમર પ્રમાણે આશ્રમ બદલાતા અને શારીરિક પરિસ્થિતિ પ્રમાણે ક્રમશઃ ઘટતા જાય છે.)

દરેક વર્ણ અને આશ્રમમાં શાસ્ત્ર છુટ આપે છે કે, દિવસે સૌથી વધારે પળાતા આચારમાં ૫૦% ઘટાડો **રાતના** આચાર પાળવામાં રાખવો જોઈએ. તેનાથી અડધો એટલે કે ૨૫% **માંદગીની અવસ્થામાં** રાખવાનો છે. જ્યારે **પ્રવાસમાં** તેનાથી અડધો એટલે કે, ૧૨$\frac{૧}{૨}$% જેટલો **જ આચાર પાળવાનો છે.** અને **મરણ પથારી** વખતે તેનાથી પણ અડધો **આચાર પાળવાની છૂટ શાસ્ત્ર**

આપે છે.

આચારના ઘણા પેટા પ્રકાર છે એટલે અનાચાર, દુરાચાર, **મિથ્યાચાર, ભ્રષ્ટાચાર, અત્યાચાર, લોકાચાર, સદાચાર** વિ. આપણા સામર્થ્ય - શક્તિથી ઓછા આચાર પાળીએ તે **અનાચાર** અને આપણા સામર્થ્ય - શક્તિ કરતાં વધારે આચાર પાળીએ તો તે **અત્યાચાર** કહેવાય અને આપણા સામ્થર્ય - શક્તિ પ્રમાણે આચાર પાળીએ તે જ **મુખ્ય આચાર** કહેવાય.

બ્રહ્મસંબંધ લીધા પછી ના પુષ્ટિજીવના મુખ્ય આચારો શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિધ્ધાન્તોનું પાલન છે. જેવા કે,

(૧) કૃષ્ણ સેવા સદા કાર્યા
(૨) તત્ સિદ્ધયૈ તનુવિત્તજા
(૩) અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્
(૪) સર્વદા સર્વ ભાવેન ભજનિયો વ્રજાધિપઃ
(૫) ગૃહેસ્થિત્વા સ્વધર્મત઼ઃ વગેરે

એટલે કે (૧) કૃષ્ણની સેવા હંમેશા કરવી જોઇએ (૨) પોતાના તન અને પોતાના ધનથી જ સેવા કરવી જોઇએ. (૩) પ્રભુને સમર્પિત ન કરેલી વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. (૪) હંમેશા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કરવું જોઇએ. (૫) પોતાના ઘરમાં પોતાના વર્ણાશ્રમધર્મ ના આચાર મુજબ સેવા કરવી જોઇએ તથા અન્યાશ્રય ન કરવો જોઇએ, દુઃસંગથી બચવું જોઇએ, નિવેદનનું સ્મરણ કરવું જોઇએ વગેરે વગેરે. **આ બધા આચારો મુખ્ય છે બાકીના બધા આચારો ગૌણ છે** એટલે ગૌણ આચારો ન નભી શકતા હોવાના લીધે **મુખ્ય આચારને છોડી દેવાથી પુષ્ટિજીવની અતિશય હાની છે.** બીજા આચારો પળાય તે પ્રભુના સુખ માટે વિશેષ સારૂં છે પણ તે ન પાળી શકાય તો મુખ્ય આચાર **'ભગવદ્ સેવાનું'**બલીદાન આપી દેવું એ તો ઘડ યોગ્ય ન રહ્યું હોવાથી માથુ કપાવી નાખવા જેવી અતિશય મૂર્ખતા ભરેલી જ વાત છે. આત્મહત્યા જેવી જ વાત છે.

:: મનોરથ ::

અધરામૃતની પાતળ-૬ માં સેવા-આચાર-વિચાર...
વગેરેની ચર્ચા કરવાનો અમારો મનોરથ છે

- શેષ ભગવદ્ઇચ્છા

વિભાગ-૨

શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતામાં ધર્મ – અધર્મ વિષયક ભગવાનની આજ્ઞાઓ

ધર્મ-અધર્મનાં દગ્‌કાચથી, આપણી દરેક ક્રિયા અને આચરણ જોવા પડશે નહીં તો ક્યારે ધર્મ કરતા અધર્મ થઇ જશે તેની ખબર જ નહીં પડે.

ઉદાહરણ રૂપે રાજાનૃગે રોજનાં અસંખ્ય ગૌદાન આપ્યા હતા (ગૌદાન તે ધર્મ છે) પરંતુ એક બ્રાહ્મણને દાનમાં આપેલી ગાય પાછી લીધી (જે અધર્મ થયો), તેને લીધે બ્રહ્મકલેશ (બ્રાહ્મણને કલેશ થયો-ઝઘડો થયો) જેને લીધે (જે અધર્મ થયો) રાજા નૃગને કાચીંડા કે કરચલાનો અવતાર લેવો પડ્યો. **દયારામભાઇ ભક્તિ પોષણ ગ્રંથમાં** ચંદ્રવળા - ૪૪ માં જણાવે છે કે, ...

નૃગ ભૂપે ગોદાન કર્યા કેટલાં, કાંઇ ગણતા ન આવે પાર
એક દિવસ અણુ દોષ પડ્યો, કકલસ થયો અવતાર
અવતાર અધમ, થઇ જગ હાંસી, ગોદાન પુણ્ય ગયું ક્યાં નાસી
દાન કર્યા તોય પામ્યો દુઃખ, શા માટે ? હતો ભક્તિ વિમુખ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૪ ॥

(અણુદોષ-દાનમાં આપેલી ગાય પાછી લીધી, કકલસ-કાચીંડો કે કરચલો)

એટલે કે આવા કરેલા એક અધર્મથી એટલે દાનમાં આપેલી ગાય (વસ્તુ) લઇને પાછી દાનમાં આપી (ઉપયોગમાં લીધી), **હજારો ગાયોના દાનનું પૂણ્ય** (ધર્મ) નષ્ટ થઇ ગયું. એટલે ધર્મ કરતાં કરતાં, અધર્મ ક્યારે પાછલા દરવાજે ઘુસી જાય છે તે ખબર નથી પડતી તેનાં ઉપર ચાંપતી નજર રાખવી જોઇએ. ધર્મ-અધર્મનો વિવેક સમજવો જોઇએ.

આ ધર્મ-અધર્મને શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતા, શ્રીમદ્દ્ભાગવત, શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો વચનોમૃતોનાં પ્રકાશમાં જોઇશું-સમજીશું-અને શુદ્ધ આચરણ માટે કૃતનિશ્ચયી બનીશું.

શ્રીમદ્દ્ભગવદ્દ્ગીતામાં ભગવાને ધર્મ-અધર્મ વિષયને સમજાવવા કેટલાક વચનો કહ્યા છે તે હવે જોઇએ. સ્વધર્મપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમ્ અર્હસિ ।

धर्म्याद्धि युद्धात् श्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥ २-३१ ॥

શ્લોકાર્થ : સ્વધર્મ જોઈને પણ તારે કમ્પવું યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયને ધર્મયુદ્ધથી કોઈ શ્રેયઃ નથી.

☞ અથ ચેત્ ત્વમ્ ઈમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ ।
તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમ્ અવાપ્સ્યસિ ॥ ૨-૩૩ ॥

શ્લોકાર્થ : વળી જો તું આ ધાર્મિક યુદ્ધ નહિં કરે તો સ્વધર્મ અને કીર્તિ ગુમાવી પાપ મેળવીશ.

☞ શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વ ધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥ ૩-૩૫॥

શ્લોકાર્થ : સારી રીતે આચરેલા **પરધર્મ** કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. **સ્વધર્મ** માં નિધન પણ શ્રેય છે, પરધર્મ ભયકારક છે.

☞ યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ ભવતિ ભારત ।
અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાઽઽત્માનં સૃજામ્યહમ્ ॥ ૪-૭ ॥

શ્લોકાર્થ : હે ભારત ! જ્યારે - જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું પોતે અવતરૂં છું.

☞ પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥ ૪-૮ ॥

શ્લોકાર્થ : સાધુઓનું (સત્પુરૂષોનું) રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા, અને ધર્મનું સંસ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરૂં છું.

☞ બલં બલવતાં ચાહં કામ-રાગ-વિવર્જિતમ્ ।
ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ ! ॥ ૭-૧૧ ॥

શ્લોકાર્થ : હે ભરતર્ષભ ! કામ અને રાગ વિનાનું બલવાળાઓનું બલ હું છું. પ્રાણીઓમાં ધર્મથી અવિરૂદ્ધ કામ હું છું.

☞ યઃ શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમ્ અવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥ ૧૬-૨૩ ॥

શ્લોકાર્થ : જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી વર્તન કરે છે તે સિદ્ધિ, સુખ કે પરમગતિ પ્રાપ્ત કરતો નથી.

☞ તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઇહાર્હસિ ॥ ૧૬-૨૪ ॥

શ્લોકાર્થ : તેથી કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થા કરવામાં તારે શાસ્ત્રને પ્રમા ગણવું, અને શાસ્ત્રે વિહિત કહેલાં કર્મ જાણીને અહીં તારે કર્મ કર યોગ્ય છે.

☞ યયા ધર્મમ્ અધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।
અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ ! રાજસી ॥ ૧૮-૩૧ ॥

શ્લોકાર્થ : હે પાર્થ ! જેનાથી ધર્મ અને અધર્મને તથા કાર્ય અને અકાર્યને ખો રીતે જાણે તે બુદ્ધિ રાજસી છે.

☞ શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વભાનિયતં કર્મ કુર્વન્ નાપ્નોતિ કિલ્બિષમ્ ॥ ૧૮-૪૭ ॥

શ્લોકાર્થ : સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવ (વર્ણાશ્રમ ધર્મથી) નિયત કર્મ કરતાં માણસ પાપ પામતો નથી.

☞ સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥ ૧૮-૬૬ ॥

શ્લોકાર્થ : સર્વ ધર્મોનો પરિત્યાગ કરી (ગૌણ રાખીને) મને એકલાને જ શર (મુખ્ય રાખીને) આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શો કર નહીં.

“ યદા યદા હિ ધર્મસ્ય .... ” ॥ ૪ (૭-૮) ॥

જ્યારે જ્યારે **ધર્મની ગ્લાનિ** થાય છે, **અધર્મનું અભ્યુત્થાન** (ઉત્પ અને વૃદ્ધિ) થાય છે, ત્યારે ત્યારે જ હું (મારા) આત્માને સર્જું છું, પ્રકટ કરૂં છું જ્યારે જ્યારે નો આશય છે, જ્યારે જ્યારે પણ આવશ્યક લાગે છે, પ્રભુ ઈચ્છે - ત્યારે ત્યારે ચોક્કસ સમય ન હોવા છતાં પણ પ્રભુ પ્રકટ થાય છે. પ્રાકટ્યન હેતુ બતાવ્યો છે - ધર્મની ગ્લાનિ ! અહીં ધર્મનો નાશ નથી કહ્યો, ગ્લાનિ કહી છે ‘ગ્લૈ હર્ષક્ષયે’ - ધાતુપાઠ છે. ધર્મ તો ભગવાન્ સ્વધામ પધાર્યા ત્યારે સાથે ગયો છે, ભગવાનના દક્ષિણ સ્તનમાંથી થયો છે, શાસ્ત્રમાં પ્રમાણનિષ્પન્ન વિધિવિહિત, ચોદના (વિધિ, આજ્ઞા) લક્ષણ - ધર્મ છે. એનો તો નાશ થત નથી. અહીં તો ધર્મની ગ્લાનિ કહી છે !

જ્યારે જ્યારે ધર્મ કરવામાં પણ હર્ષ ન થતો હોય, ધર્મ - ધાર્મિક ક્રિયાઓ બોજારૂપ બની જતી હોય. ધર્મ મોક્ષને માટે નહીં પરંતુ અર્થ - કામ વગેરેને માટે કરવામાં આવતો હોય, **ધર્મ ધંધાના રૂપમાં કરવામાં આવતો હોય**, ધર્મમાં સ્મય-સંગ-મદ-અસત્ય દ્વારા અધર્મનું જ રુપ ઘૂસી ગયું હોય, ધર્મમાં વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા, છલ રૂપ **અધર્મની પાંચ શાખાઓનો** જ વિસ્તાર થઇ ગયો હોય, ધર્મમાં જ્યારે ધર્મી ભગવાન અથવા ભગવચ્છાસ્ત્રોની ઉપેક્ષા થતી હોય, ધર્મમાં વિધિ-પ્રમાણ નહીં સુવિધા (સ્વાર્થ) જ મુખ્ય થઇ ગયો હોય, **ત્યારે ત્યારે** (આટલી પરિસ્થિતિઓમાં) ધર્મની ગ્લાનિ થાય છે ! અને સાથે સાથે અધર્મનું અભ્યુત્થાન પણ થાય છે ! (ઉત્પતિ અને વૃદ્ધિ) **ત્યારે ત્યારે** હું આત્માનું સર્જન કરું છું. 'જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ' - જ્ઞાનીભક્ત મારો આત્મા છે. ભગવાને કહ્યું છે, ભગવાન ધર્મના ઉપદેશ માટે પોતાનો આત્મા જ્ઞાનીભક્તને આપે છે. આચાર્ય -ઋુષિ-મુનિ- વગેરેના રૂપમાં પણ ભગવાન વિહાર કરે છે. (અહિં શ્લોકમાં અસુરવધ વગેરે નથી કહ્યા.) એટલે ધર્મ-હર્ષને માટે તો, **ધર્મગુરુના રૂપમાં પ્રભુ** પધારે છે. આ આત્માનું સૃજન છે.

(B) શ્રીમદ્ ભાગવતના આધારે વર્ણવાયેલ ધર્મ અને અધર્મની જાણકારી

શ્રીમદ્‌ભાગવતના આધારે ધર્મ અને અધર્મ વિશે જોઇશું, જેથી આપણને **પ્રમાણ અંતર્ગત માર્ગદર્શન મળી રહે.**

(૧) ધર્મનું રહસ્ય :–શ્રીમદ્ ભાગવતમાં (૧૧/૫-૧૧-૧૨-૧૩) જણાવ્યા પ્રમાણે,

લોકે વ્યવાયામિષમદ્યસેવા નિત્યાસ્તુ જન્તોર્ન હિ તત્ર ચોદના ।
વ્યવસ્થિતિસ્તેષુ વિવાહયજ્ઞસુરાગ્રહૈરાસુ નિવૃત્તિરિષ્ટા ॥ ૧૧ ॥
ધનં ચ ધર્મૈકફલં યતો વૈ જ્ઞાનં સવિજ્ઞાનમનુપ્રશાન્તિ ।
ગ્રહેષુ યુગ્જન્તિ કલેવરસ્ય મૃત્યું ન પશ્યન્તિ દુરન્તવીર્યમ્ ॥ ૧૨ ॥
યદ્‌ઘ્રાણભક્ષો વિહિતઃ સુશયાસ્તથા પશોરાલભનં ન હિંસા ।
એવે વ્યવાયઃ પ્રજયા ન રત્યા ઇમં વિશુદ્ધં ન વિદુઃ સ્વધર્મમ્ ॥ ૧૩ ॥

(માનવની જેમાં રાગથી સ્વાભાવિક પ્રવૃત્તિ ન હોય તેમાં જ વેદ વિધિના રૂપમાં કર્મ કરવાની આજ્ઞા દે છે) લોકમાં (દિખાય છે કે) જીવવા મથતા જંતુ (માનવ) નું, મૈથુન-માંસ-મદ્ય સેવન નિત્ય છે, (રાગથી કરે છે), તેમાં ખરેખર શાસ્ત્રવિધિ-વિધાન છે જ નહીં. એમાં વ્યવસ્થા તો વિવાહ-યજ્ઞ-સૌત્રામણી-યજ્ઞ

દ્વારા કરવામાં આવી છે. (લોકોની ઉચ્છૃંખલ-વૃત્તિયોને સંયમમાં રાખવા આ મર્યાદા કરી છે), વાસ્તવમાં તો, તેમાંથી (લોકોને) નિવૃત્તિ જ (શ્રુતિને) ઇષ્ટ છે. ધનનું એકમાત્ર ફલ છે, ધર્મ ! કારણ કે ધર્મથી જ જ્ઞાન - અનુભવ એ પરમ શાંતિ છે. તે (ધન) નો ઉપયોગ લોકો ઘર (ચલાવવા) માં (સ્વાર્થ-ભોગમાં) કરે છે. શરીરના ટાળી ન શકાય તેવા મૃત્યુને જોતા-જાણતા નથી. સૌત્રામણી (યજ્ઞ) માં (પણ) સુરાને સૂંઘવાનું વિધાન છે, પીવાનું નહિં. તેમ પશુનું દેવતાને ઉદ્દેશીને પશુહનન (આલભન) કહ્યું છે. પોતાના સ્વાર્થ માટે હિંસા નહિં ; આમ સ્ત્રીસંગ પણ પ્રજા-તંતુ-રક્ષા-નિમિત્તે છે, વિષયભોગ માટે નહિ ; આ વિશુદ્ધ-સ્વધર્મને લોક-વિષયરતો જાણતા નથી. **આ છે - ધર્મનું રહસ્ય !**

(૨) ધર્મના તેર પત્ની-પુત્રનું વિવેચન :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, સ્વાયમ્ભુવ મનુને શતરૂપા રાણીથી આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એ નામની ત્રણ કન્યાઓ થઇ તેમાં આકૂતિ રુચિઋષિને આપી, દેવહૂતિ કર્દમ પ્રજાપતિને આપી અને પ્રસૂતિ બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિને આપી.

મનુપુત્રી પ્રસૂતિ અને દક્ષને ત્યાં મનની ૧૬ કલારૂપ ૧૬ દીકરીઓ થઇ. તેમાં અગ્નિને એક, સમસ્ત પિતૃગણને એક, અને શિવજીને એક. દક્ષ મનોમય છે. **દક્ષે પોતાની ૧૩ કન્યાઓને ધર્મ સાથે પરણાવી છે.**

ધર્માચરણ કરનારમાં પત્ની તરીકે ઓળખાવેલો ગુણ હોય તો, તેના પુત્ર તરીકે ગણાવેલું ફલ-લાભ તેને થાય. પત્નીના નામે ઓળખાવેલો ગુણ ન હોય તો ધર્મ અધૂરો રહે અને તેમાં (ધર્મમાં) અનર્થ ઘૂસે છે. અશાંતિ અનુભવાય છે.

ધર્મ અમુક સમયે જ થાય તેવી કોઇ અમુક ક્રિયા માત્ર નથી. ધર્મ તો જીવનનું અનિવાર્ય અંગ છે. ધર્મ તો જીવનમાં વણાઇ જવો જોઇએ. હંમેશા સર્વકાલમાં ધર્માચરણ થાય. ધર્માનુકૂલજ જીવાય. તે સૂચવવા બાર માસના પ્રતિકરૂપ ૧૨ કન્યા દીધી. અધિક માસમાં ધર્મ અધિક હોય, તે બતાવતાં ૧૩માં કન્યા મૂર્તિ પણ પરણાવ્યા. મૂર્તિ યજ્ઞની મૂર્તિમંત આંતરક્રિયા છે. બાહ્યધર્મથી કલ્યાણ-લાભ થાય. (શુદ્ધિ, ભાવરૂપ) અંતર ધર્મથી પ્રભુ પ્રસન્ન થાય. ધર્મનું ફલ પ્રભુની પ્રસન્નતા-પ્રાપ્તિ-હોય, તેથી છેલ્લે પ્રભુ નરનારાયણ રૂપે પ્રગટ થયા ! શ્રીમદ્ ભાગવતના ચોથા સ્કન્ધના પ્રથમ સાત અધ્યાયના ધર્મપ્રકરણમાં પણ છેલ્લે દક્ષના યજ્ઞમાં પ્રભુ પ્રકટ થયા. તે જ **યજ્ઞરૂપ ધર્મનું ફલ છે.**

ક્રમ	ધર્મના પત્ની	પુત્ર	ભાવાર્થ
૧.	શ્રદ્ધાથી	શુભ . . .	પ્રત્યક્ષ ન દેખાવા છતાં, કે પોતાને ન સમજાવા છતાં (શાસ્ત્રમાં કહેલી વાતોને) શંકા વગર આદરથી સ્વીકાર તે શ્રદ્ધા ! શ્રદ્ધાપૂર્વકના ધર્મકાર્ય સફલ થાય, શુભપ્રદ બને, શ્રદ્ધા વગર ફલ ન મળે.
૨.	મૈત્રીથી	પ્રસાદ . . .	સૌ સાથે મૈત્રી કરે, હિત કરે, વૈર ન રાખે, તેનું મન બળે નહિ, પ્રસન્ન રહે. પ્રસાદ એટલે પ્રસન્નતા.
૩.	દયાથી	અભય . . .	સૌના દુઃખ દુર કરવાની ઈચ્છા તે-દયા ! સૌ તેનાથી નિર્ભય બને.
૪.	શાન્તિથી	સુખ . . .	અંતઃકરણની સ્વસ્થતા, ક્ષોભનો અભાવ, ઉગ્ર કે વ્યગ્ર ન થવું તે - શાન્તિ ! શાન્તિથી જ સુખ અનુભવાય.
૫.	તુષ્ટિથી	મુદ્ . . .	તૃષ્ટિ એટલે સંતોષ. સંતોષથી હર્ષ-આનંદ થાય, અસંતોષથી ઉદ્વેગ રહે. ઉદ્વેગ પ્રગતિનો વેગ અટકાવે.
૬.	પૃષ્ટિથી	સ્મય (અંહકાર) . . .	પૃષ્ટિ એટલ પોષણ-કૃપા. પોતાના સ્વધર્મનું પોષણ થતાં, તેમાં કૃપા મળતાં, આત્મગૌરવ (સ્વમાન), ધર્મ ગૌરવકે સેવ્ય ગૌરવ મળે, તે સ્મય છે. તે ધર્મ સંબંધી હોવાથી અભિમાન નથી. આવું ગૌરવ અનન્યતા-દઢતા-આપે.
૭.	ક્રિયાથી	યોગ . . .	ક્રિયા એટલે કર્તવ્યપરાયણતા, આળસ વગરનું કાર્ય તેનાથી મેળવવા ઈચ્છેલા ફળ મળે. મળવું તે યોગ.
૮.	ઉન્નતિથી	દર્પ . . .	ઊંચે લઈ જાય તે - ઉન્નતિ ! તેનાથી ગર્વ આવે, પોતાના ધર્મની શ્રેષ્ઠતાનું ભાન થાય, તે અન્યત્ર આથડતા અટકાવે.
૯.	બુદ્ધિથી	અર્થ . . .	બુદ્ધિ સારી સમજ અને સાચો નિર્ણય આપી, શંકા દૂર કરી, સન્માર્ગ સૂઝાડે, તેનાથી અર્થ- પ્રયોજન-સિદ્ધ થાય.
૧૦.	મેધાથી	સ્મૃતિ . . .	ધારણ કરનારી બુદ્ધિ મેધા ! તેનાથી સજ્જન, સ્વજન અને પ્રભુના ઉપકારોની યાદ, સ્મૃતિ રહે.
૧૧.	તિતિક્ષાથી	ક્ષેમ . . .	સૌના અપરાધ સહન કરવા તે તિતિક્ષા. તેનાથી મળેલા સત્ફલ-ભાવાદિ ટકી રહે.
૧૨.	હ્રીથી	પ્રશ્રય (વિનય) . . .	હ્રી એટલે લજ્જા. અયોગ્ય કાર્ય કરવામાં થતો સંકોચ. તેમાંથી વિવેક થાય-તે પ્રશ્રય.
૧૩.	મૂર્તિથી (સત્ત્વ)	નર નારાયણ . . .	મૂર્તિ એટલે હૃદયનો ધર્મ, સત્વ, ભગવદ્ સ્વરૂપ કે ચિત્રજી, તેના સેવનથી ભગવાન મળે. પ્રભુ-પ્રાપ્તિ એ ધર્મનું શ્રેષ્ઠ-ચરમ-ફલ.

આંમ, ધર્મના તેર પત્નીઓ-શ્રદ્ધા, મૈત્રી, દયા, અને શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ છે.

ધર્મ હોય ત્યાં પત્ની રૂપે કહેલા તેર ગુણો આવે, તેથી પુત્ર રૂપે કહેલાં સત્કર્મ-ફલ મળે, પ્રભુ મળે ! તે ધર્મની પૂર્ણતા છે. સ્વધર્મમાં મૂર્તિ (આંતરધર્મ હૃદયનો ભાવ) હોય, તો ભગવાન્ મળે. નર-નારાયણ માગ્યા વગર મળે છે ! દેવાદિને મૂર્તિ માનીને ભાવ વગરના યંત્રવત્ સેવનથી સાક્ષાત્કાર ન થાય.

(3) સામાન્ય ધર્મો તથા વર્ણાશ્રમ ધર્મો :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, મિશ્રવાસના (સદ-અસદ્) વાળાની શુદ્ધિ માટે ૩૦ સામાન્ય ધર્મો તથા વર્ણાશ્રમ ધર્મો સમજાવવામાં આવે છે. દૈવી અને આસુરી સૃષ્ટિ તો પ્રસિદ્ધ છે. તેમાં મૂલરૂપ સારી (સદ્) વાસના, અને ખરાબ (અસદ્) વાસના, બંનેના મિશ્રભાવ રૂપ ત્રીજી(સદાસદ્ - સદ્+અસદ્) વાસનાવાળાઓ છે.

વેદસંમત-કર્મથી દુષ્ટવાસના દૂર થાય. નિષિદ્ધ કર્મથી સારી વાસના નષ્ટ થાય. ખરાબ વાસના મનમાં હોય અને સત્કાર્ય કરવામાં આવે તો, બંને પ્રકારના ફલ મળે. **ભક્તિ ફળપ્રદ છે પણ પ્રાયશ્ચિત રૂપ નથી, તેથી ખરાબ વાસનાના નાશ માટે વર્ણાશ્રમ ધર્મ છે.** કેવલ સદ્વાસના હોય, તો ભક્તિથી ધન્યતા મળે. નારદજીએ ત્રીસ ધર્મો ગણાવ્યા છે. તેમાં સાધનરૂપ નવધા ભક્તિ પણ ગણાવી છે. ભક્તિના સાધનરૂપ ૨૧ ધર્મો છે. અસદ્વાસના ; કવચિત્ કર્મથી, ક્યારેક કર્મ અને જ્ઞાન દ્વારા અને ક્યારેક કર્મ તથા ભક્તિથી દૂર થાય છે. ત્રણેના સંકલન રૂપે ૩૦ ધર્મો છે. વૈદિક વિરાટ્છંદમાં ૩૦ અક્ષર છે. તેના પ્રતિનિધિરૂપ ૩૦ ધર્મ પિંડ બ્રહ્માંડ ન્યાયે શુદ્ધિ માટે કહ્યા.

પ્રભુ પ્રસન્નતાના વિચારે જ ધર્માચરણ કરવું. પ્રભુપરાયણ વિપ્રો ધર્મતત્વને જાણે છે. ધર્માચરણ પાપના સ્પર્શ વિના પાર પહોંચાડનારો પુલ છે. તેનું મૂલ ભગવાન છે. ભગવાન્ ધર્મના વક્તા, કર્તા, પાલક અને અનુમોદક છે. ભગવાન્ અને ધર્મ બંને સનાતન છે. ઉભયનો આદર અંતરને ઉજાળે.

નારદજીએ ભગવાન નારાયણ પાસેથી સાંભળેલા ધર્મનું વર્ણન ર્ક્યું છે.

☞ (A) : **સામાન્ય ધર્મ** : શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, સત્ય, દયા, તપ, પવિત્રતા, સહિષ્ણુતા, વિવેક, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સરલતા, સંતોષ, સમદ્રષ્ટિવાળા ભક્તોની સેવા, ધીમે ધીમે ગ્રામ્યસુખ

- પ્રવૃત્તિમાંથી વિરામ, માનવીની નિષ્ફલ ક્રિયાનો વિચાર, મૌન, આત્મચિંતન, અન્નાદિમાં પ્રાણીઓને યોગ્ય રીતે ભાગ દેવો, પ્રાણીમાત્રનું સ્વાગત, સૌમાં ભગવદ્‌બુદ્ધિ અને નવધાભક્તિ. આ સૌનો સામાન્ય ધર્મ છે.

☞ **(B) વર્ણના ધર્મ :** શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે,ચાર વર્ણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર માટે શાસ્ત્ર વર્ણાશ્રમના ભેદથી જુદા જુદા ધર્મો બતાવે છે.

(૧) બ્રાહ્મણના યજન, અધ્યયન અને દાન- **એ ત્રણ ફરજિયાત ધર્મ છે.** યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ (દાન લેવું તે - સ્વિકારવું તે) - એ ત્રણ ધર્મો બ્રાહ્મણના **મરજિયાત છે,** આજીવિકારૂપ છે.
(૨) ક્ષત્રિય માટે પ્રજાની રક્ષા, વિપ્ર સિવાયના પાસેથી કર.
(૩) વૈશ્ય માટે કૃષિ, ગોરક્ષા, વ્યાપાર
(૪) શુદ્ર માટે ત્રણેય વર્ણની સેવા

શાસ્ત્રએ બ્રાહ્મણને ચાર આજીવિકા બતાવી છે. **'વિચિત્રવાર્તા'**- ખેતી, ગોરક્ષા, વ્યાપારાદિ. **'શાલિન '** - વગર માગ્યે મળે તે. **'યાયાવર'** - રોજ માત્ર ધાન્ય માગવું તે. **' શિલોગ્છનમ્ '** - શિલ- ખેતરમાં પડેલા દાણા અને ઉગ્છ - બજારમાં પડેલા દાણા લાવવા તે. બ્રાહ્મણની આ ચાર આજીવિકા છે. આપત્તિકાલમાં આવશ્યક રીતે આજીવિકા કરે. શિલ અને ઉગ્છને **'ઋત '** પણ કહે છે. શાલીનને અમૃત, નિત્યયાચ્ઞાને મૃત અને ખેતીને પ્રમૃત કહે છે. વ્યાપાર **સત્યાનૃત** (સાચું + ખોટું) છે. નીચેના વર્ણની સેવા શ્વવૃત્તિ (હડે થવા છતાં ટુકડો મળતાં દોડવાની વૃત્તિ, ગુલામ વૃત્તિ) છે. **બ્રાહ્મણ અને ક્ષત્રિય માટે હીનસેવન અયોગ્ય છે.**

સ્ત્રીઓ માટે પતિ અને પરિવારની સેવા ધર્મ છે. સંતોષ, સત્ય અને મધુરવાણી વિનય અને સહનશીલતા સેવા માટે અનિવાર્ય ગુણો છે. નિપુણતા, ધર્મજ્ઞાન, પવિત્રતા, પ્રમાદરહિતપણુ અને સ્નેહ પણ આવશ્યક છે.

પુરુષ વ્યવહાર અને વ્યવસાયને વ્યવસ્થિત રાખે, સ્ત્રી પોતાના ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત રાખે. સ્ત્રી વ્યવહાર અને વ્યવસાયને ધર્મમય રાખવાની પ્રેરણાનો સ્રોત બને. સ્ત્રી ઘરને સ્વર્ગ બનાવી શકે છે.

☞ **(C) આશ્રમના ધર્મો** :- જેમ વર્ણ પ્રમાણે જુદા જુદા ધર્મો શાસ્ત્રે બતાવ્યા છે, તેવી રીતે આયુષ્યને ધ્યાનમાં રાખી દરેક વર્ણ માટે વર્ણ અને આશ્રમના ધર્મો સમજાવ્યા છે. બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થાશ્રમના ધર્મો, 'સર્વમાં ભગવાન બિરાજે

છે !' આ જ્ઞાન સાથે બધા વર્ણાશ્રમધર્મ કૃતાર્થ કરે. વનવાસ રૂપ બ્રહ્મચર્ય અ
વાનપ્રસ્થના ધર્મો સાથે કહ્યા છે. **બ્રહ્મ-વેદ, સ્વાધ્યાયને સાનુકૂલ આચ**
અને વિચારવાળો હોય તે, બ્રહ્મચારી. વિદ્યા સંપાદન કરવા સિવાય બીજી ક
વૃત્તિ કે પ્રવૃત્તિ, વિદ્યાર્થીના જીવનમાં વિઘ્નરૂપ બને. **પચીસ વર્ષ સુ**
બ્રહ્મચર્યાશ્રમ. તેમાં ગુરૂની વિનય અને પ્રેમપૂર્વક સેવા તે પહેલો ધર્મ છે. નિ
કર્મમાં નિયમિતતા, નિત્ય સ્વાધ્યાય, સાદો પોષાક, સાત્વિક અને અલ્પ-આહ
ઓછું-બોલવું, સુશીલતા, જિતેન્દ્રિયતા, સ્ત્રી સંબંધી વાતો કે વિચારોનો ત્યા
સૌન્દર્ય-પ્રસાધનોના ઉપયોગનો ત્યાગ, વ્યસનનો ત્યાગ, સ્વાશ્રય, સિને
વગેરે મનોરંજનનો ત્યાગ, **વિદ્યાર્થીના વિકાસનો આ રાજમાર્ગ છે.** વિદ્યાધ્યય
પૂર્ણ થતાં, ગુરુના ઉપકાર- સ્મરણે આદ્ર બની, ગુરુ સેવાથી કૃતાર્થ થઇ વિદ્યા
અન્ય આશ્રમ સ્વીકારે.

૫૦ વર્ષ પછી વાનપ્રસ્થાશ્રમ. શેકેલું, બાફેલું, કાચું-સાનુકૂલ રીત
એક વખત ભોજન, વ્યવહાર અને વ્યવસાયની વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યા
પ્રભુપરાયણતા, સંયમ, અલ્પ આવશ્યકતાવાળું જીવન, તીર્થ સેવ
એકાન્તવાસ, સૌને હિતકારક- ઉપયોગી થાય તેવું આદર્શ જીવન અને અંતે ત્યા
ભગવાનમાં મતિથી વૃદ્ધાવસ્થામાં જીવન બોજારૂપ ન બને, મંગલમય થાય.

☞ (D) **સન્યસ્તાશ્રમનો ધર્મ** :- વૈરાગ્ય અને સંતોષ હિતાવહ છ
જીવનપર્યંતનોસદ્ધર્મ અંતે બધામાંથી આસક્તિ છોડાવે, ત્યાગમાં પ્રે
આત્મજ્ઞાન-સંપન્ન, તન અને મનથી સમર્થ, પ્રભુપ્રેમપૂર્ણ માનવ સઘળા
પરિત્યાગ કરે. ૭૫ વર્ષ પછી સંન્યસ્તાશ્રમ.

સાચા ધર્મ - પરિપાલનના પ્રભાવે, કોઈ કામના મનમાં ન રહે. અસંગ્ર
એકાકી વિચરણ, પ્રભુપરાયણતા, નિરપેક્ષતા, સર્વત્ર ભ્રમણ, સૌનું હિત કર
એક રાત્રિ ગ્રામવાસ, સર્વત્ર ભગવદ્દષ્ટિ, વાદવિવાદનો ત્યાગ, નિષ્પક્ષપ
વગેરે યતિને હિતકારક બને. અતિશિષ્ય સંગ્રહ, બહુ ગ્રંથોનો અભ્યાસ, વ્યાખ્યા
લોકપ્રવૃત્તિ વગેરે હિતપ્રદ ન ગણાય. પ્રહલાદ અને અજગર મુનિના સંવાદે
ભક્તિથી અજ્ઞાનનાશ, ભગવદિચ્છાવશ જીવન, મધુકર અને અજગર
જીવનમાંથી વૈરાગ્ય અને સંતોષનો સંદેશ અને અંતે ભગવદનુભૂતિ રૂપ ધ
બતાવ્યા.

☞ (E) **ગૃહસ્થાશ્રમના સામાન્ય – ધર્મો** :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે
ત્રણ આશ્રમના આધાર રૂપ ગૃહસ્થાશ્રમના ધર્મો વિશેષ સ્પષ્ટ રીતે ભાગવ

બતાવે છે. અર્થ અને કામનો સમન્વય જીવનમાં ધર્મ સાથે સાધી, **મંગલમય જીવન-ઉદ્યાન રચવાનો ઉદ્યમ ગૃહસ્થાશ્રમ છે.** જીવન મનોરમ ઉપવન બને, ધર્મસેવીને આ સુરભિસુમન (સુગંધી ફુલ) સમૃદ્ધ બને. જીવનકાર્ય વનમાલાની માલાના સુરભિસુમન રૂપે કલામય રીતે સુસંયોજિત બને, ગૃહસ્થાશ્રમ અને આશ્રમી ધન્ય બને. સેવા, સદાચાર, સમુત્કર્ષ, સ્નેહ, સમર્પણનો સુભગ સુસંવાદ સર્જાય, તે ગૃહસ્થાશ્રમનું શ્રમ-નિવારણ અને આશ્રમત્વ-સંપાદન બને !

ધર્માચરણથી વાસના વિજય થયા પછી, ભક્તિરસાનુભવ થાય. કોઇને માટે પણ કશો જ અયોગ્ય વિચાર ન આવે, ત્યારે વાસના વિજય ગણાય. વાસના હૃદયમાં ભરેલી હોય અને ભક્તોના સંગમાં ભક્તિ કરતાં, વાસના કાઢવાનું વિસરી જવાય તો, સાનુકૂળ સંયોગો મળતાં વાસના ઉછળી આવે, ભગવાન ભુલાય, અપરાધ થાય, સ્વાધ્યાય, તપ, અહંતામમતા -ત્યાગ અને સત્કર્મનું સેવન વાસના વિજય માટે કરવું. પ્રભુને કેન્દ્રમાં રાખીને જીવન ઘડવું. ભગવદીય સંગમાં ભગવત્કથાનું સેવન કરવું. પોતાનો હઠાગ્રહ છોડી, અનાસકત બની, સર્વસંમત વ્યવહાર કરવો. ભગવદિચ્છાનુસાર ધર્મસંમત આજીવિકા દ્વારા જે કાંઇ મળે તેનો સંતોષથી ઉપભોગ કરવો.

યાવદ્ભ્રિયેત જઠરં તાવત્ સ્વત્વં હિ દેહિનામ્ ।
અધિકં યોઽભિમન્યેત સ સ્તેનો દણ્ડમર્હતિ ॥(૮)

પેટ ભરાય તેટલું પોતાનું, અધિકની અપેક્ષા અપરાધ રૂપ ગણાય. સાદી વાત. રસોડામાં રસોઇ ગમે તેટલી હોય, પણ પેટ ભરાય તેટલું પોતાનું. વધારે જમનાર માંદો પડે ! તે દંડ છે. તેમ સંપત્તિમાં જરૂર કરતાં વધારે સંપત્તિ હોય તો અનેક અનર્થ આવે, તે દંડ છે !

સમાજવાદ કે સામ્યવાદ કરતાં ઉત્તમ સૌમ્યવાદ ધર્મશાસનમાં છે ! વગેરે પ્રાણી ગૃહસ્થોના આધારે જીવે છે. પ્રાણીમાં પણ પ્રાણછે. પોતાના સંતાન જેવા તે પણ કોઇના સંતાન છે. પ્રાણ સૌના સમાન પ્રિય છે. તેને પીડા ન પહોંચાડાય.

શરીર અંતે તો કૃમિ કે ભસ્મરૂપ થાય છે. તેમાં આસક્તિ કરીને અનર્થ આચરવો નહિં. પવિત્ર અન્નથી તેનું પોષણ કરવું.

પોતાની આવકમાંથી દેવ, ઋષિ, માનવ, પ્રાણી અને પિતૃનું પ્રિય થાય તેમ, યજ્ઞ કે સેવા, વિદ્યા, પરોપકાર અને શ્રાદ્ધાદિમાં શ્રદ્ધા અને સ્નેહથી ભાગ આપવો. કલ્યાણકારક કાલે સત્પાત્રને દાનાદિ દેવા. પુણ્યસ્થલોનું સેવન કરવું. પ્રભુસેવન થતું હોય તે સ્થલ કલ્યાણકારક છે.

ભગવાન્ સૌમાં હોવા છતાં, ગુણોથી પાત્રતા જુદી જુદી પ્રકટ કરે છે. તપ, વિદ્યા, સંતોષસમ્પન્ન, સ્વાધ્યાયશીલ, પ્રભુપરાયણ બ્રાહ્મણ **સૌને** પાવન **કરેછે.**

☞ **(F) ગૃહસ્થાશ્રમના મોક્ષપ્રદ વિશેષ ધર્મો :–** શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, સુપાત્ર બ્રાહ્મણ - ગુરુજનની સેવા સૌને દોષમુક્ત કરે છે. દેવકાર્યમાં બે, પિતૃકાર્યમાં ત્રણ અથવા ઉભયમાં એક એક વિપ્રને ભોજન કરાવવું. આદર અને આદર્શ સચવાય, શ્રદ્ધા અને સ્નેહ વધે. વિસ્તાર કરવાથી માત્ર વ્યવહાર વધે, ધર્મ વિક્ષેપ થાય.

ધર્મ યથા સંભવ પાળવો, અધર્મ સ્વલ્પ પણ ન આચરવો. **અધર્મની પાંચ શાખાઓ છે.**

(૧)	વિધર્મ	: સ્વધર્મ વિરૂદ્ધ કે ધર્મબાધક
(૨)	પરધર્મ	: પોતાના વર્ણ કિ આશ્રમ સિવાય, અન્ય માટેનો ધર્મ.
(૩)	આભાસ	: ઉપરથી ધર્મ જેવો દેખાવ લાગે, પણ શાસ્ત્રસંમત ન હોય. પોતાના મનથી માની લીધેલા ધર્મ.
(૪)	ઉપમા (ઉપધર્મ)	: પાખંડથી અન્યને છેતરવા માટે થતો ધર્મ.
(૫)	છલ	: શાસ્ત્રની આજ્ઞાઓના મનગમતા અર્થો શબ્દની રમતથી કરવા તે.

આ પાંચ અધર્મની શાખાઓ છે. ધર્મજ્ઞે તેનો ત્યાગ કરવો.

ભગવદ્ઇચ્છાથી, પ્રારબ્ધાનુસાર ધન મળે તેમાંથી ધર્મકાર્ય કરવાં. અયોગ્ય રીતે ધન મેળવવા મથવું નહિં. “ સદા સન્તુષ્ટમનસ : સર્વા : સુખમયા દિશ : ” - સદા સંતોષપૂર્ણ મનવાળાને સર્વત્ર સુખ છે. જ્ઞાનપ્રદ ગુરૂની કૃપાથી સઘળું સિદ્ધ થાય. ચંચલ મન સ્થિર કરવા સદા પ્રયત્નશીલ રહેવું. અધર્મ અન્યમાં દેખાય તો ઉપેક્ષા કરવી. અનુકંપા (દયા) કરવી.

શરીરનો સદુપયોગ કરી પ્રભુને પ્રાપ્ત કરવા. શરીર રથ છે. ઇન્દ્રિયો અશ્વ છે. મન લગામ છે, વિષયો માર્ગરૂપ છે, બુદ્ધિ સારથી છે, સત્ત્વનિષ્ઠ ચિત્ત બેસવાનું સ્થાન છે, દશપ્રાણ અક્ષ-ધરી છે. ધર્મ-અધર્મ બે પૈડાં છે. અભિમાની જીવ રથી છે. તેનું ધનુષ્ય પ્રણવ (ૐ કાર) છે, જીવ બાણ છે અને પરબ્રહ્મ જ લક્ષ્ય છે. રાગદ્વેષ, કામ-ક્રોધાદિ દુશ્મનો છે. મહાપુરૂષોની ચરણસેવા તલવાર છે. તેનાથી વિજયી તથા સફલ થવું. અચ્યુત ભગવાનનું બલ મેળવી, દોષરૂપ

શત્રુઓનો સંહાર કરી, પ્રભુ પ્રાપ્ત કરવા. ગૃહાસ્થાશ્રમી જો સાવધ ન રહે તો ઇન્દ્રિયરૂપ ઘોડા તોફાની બને, રથ ફેંકાઇ જાય, દેહ વ્યર્થ વેડફાઇ જાય. પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ ધર્મો યોગ્ય રીતે આચરવા.

વસ્તુભેદ, કર્મભેદ અને સ્વભોગવૃત્તિ દૂર કરવા માટે અદ્વૈતનું અનુસંધાન કરવું. વસ્ત્ર કાર્ય રૂપ અને કારણ રૂપ તંતુ જુદા નથી. તંતુ જ ચોક્કસ - ક્રમમાં ગોઠવાઇને વસ્ત્રરૂપ બન્યા છે. **આ સમજથી વસ્તુમાંથી ભેદબુદ્ધિ દુર થાય, મોહ ન થાય.** આ ભાવાદ્વૈત કહેવાય.

મન-વાણી-શરીરથી કરેલાં સઘળાં કર્મ અને ફલ પ્રભુને સમર્પણ કરવાં. તે ક્રિયાદ્વૈત ગણાય. કર્મભેદ ન રહે, અથવા દ્વેષાદિ દૂર થાય.

પોતે, પત્ની,સ્વજન સૌના દેહ પંચમહાભૂતના છે. જીવ ભગવાનનો અંશ છે. આ સમજે સ્વભોગવૃત્તિ ટળે, આ દ્રવ્યાદ્વૈત છે.

(૪) અર્ધમનું સ્વરૂપ અને પરંપરા :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, અર્થમાંથી અધર્મ રૂપ અનર્થ ઉદ્ભવે છે. પ્રભુપરાયણતા ઘટે અને અર્થપરાયણતા વધે, તેમ તેમ અધર્મ જ આવે, અંતે અનર્થ થાય. અર્થ (ધન) પોતે અનર્થ રૂપ નથી. પણ તે અનર્થરૂપ સંસારાસક્તિ વધારે છે, તેથી અનર્થરૂપ છે ! **ભગવાનની કૃપાથી મળેલો અર્થ પુરૂષાર્થરૂપ છે.** તે સંસારમાં વૈરાગ્ય કરાવે છે. અર્થનો અધર્મ સાથે સંબંધ સમજાવવા તેની પરંપરા શ્રીમદ્ભાગવતના ચતુર્થસ્કન્ધમાં આઠમાં અધ્યાયમાં વર્ણવવામાં આવી છે. માત્ર પૈસા, પ્રયોજન, સ્વાર્થ કે પદાર્થ -પ્રાપ્તિની પાછળ પડેલાના જીવનમાં અનર્થની પરંપરા દેખાય છે.

અધર્મની પત્નીનું નામ મૃષા ! (મૃષા = જૂઠું, અસત્ય, વ્યર્થ, નકામું) જ્યાં અધર્મ હોય ત્યાં સાથે જુઠાણુ અવશ્ય આવે. અધર્મ બ્રહ્માજીની પીઠમાંથી પ્રકટ થયેલો છે. **અધર્મ અને અસત્ય આવે એટલે અનર્થની પરંપરા આગળ વધે.** અધર્મ અને મિથ્યા વાણી હોય ત્યાં **દંભ અને માયા જન્મે.** અધર્મને છૂપાવવા દંભ કરવો પડે, ધર્મનો દેખાવ કરવો પડે. તેની રક્ષા માટે જૂઠાણાં અને છલકપટ કરવાં પડે. તે બંને પરણે, ભાઇબહેન તો છે જ. નાનપણમાં સાથે હોય, પણ મોટપણામાં પરણે એટલે છુટ્ટા થાય, **પણ અહિં તો મૂલમાં જ અધર્મ છે, તેથી સદા સાથે રહેવા પરણે,** - તે સૂચવે છે કે, અધર્મ પરંપરામાં સ્ત્રી - પુરુષ રૂપે ગણાવેલા દોષો હંમેશા સાથે રહે છે. એક દોષ હોય ત્યાં બીજો પણ હોવાનો અને પરંપરા ચાલવાની !

☞ **અધર્મની પરંપરા :**– શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, અધર્માચરણથી કેવી પરંપરા સર્જાય છે તે જોઇએ. દંભ અને કપટને **નિઋતિ** (નાશ-વિનાશ-આફત-વિપત્તિ-મૃત્યુ) નામનો રાક્ષસ દત્તક લે છે. જેનામાં દંભ (દેખાડો) અને માયા આવે તેનામાં **આસુરભાવ, કઠોરતા આવે જ, ભગવદ્ભાવ કોમલતા રહે નહિં !** એમને ત્યાં **લોભ અને શઠતા જન્મ** લે, અને ઠંડે કલેજે કરતો હોય તેમ જ કર્યા કરે, સાચું કે સારૂં સાંભળે કે સ્વીકારે નહિ, પણ ગમે તે રીતે પોતે જ સાચો છે તેમ સૌને આગ્રહથી ઠસાવ્યા કરે, - **તે શઠતા !** આવું ઠસાવવા, ધર્મનો દંભ કરવા, પૈસા ખર્ચવા પડે, તેથી જીવ બળે, **લોભ થાય,** બીજેથી પૈસા મેળવવા પ્રયત્ન કરે. તેમાં અયોગ્ય યુક્તિઓ કરે તેથી **શઠતા આવે.**

લોભ અને શઠતા મળતાં ક્રોધ અને હિંસા જન્મે ! લોભ આવે અને ધાર્યું કામ ન થાય, ઇચ્છેલું ન મળે, એટલે ક્રોધ આવવાનો. ક્રોધ વાણી કે વર્તન દ્વારા પણ કોઇને પીડે, તેથી **કલહ** (કલિ) અને **દુરુક્તિ** (ખરાબ વચનો) થવાનાં ! કલેશ અને કઠોર ભાષા (અપશબ્દો) ના-પરિણામે **ભય અને મૃત્યુ** ઉત્પન્ન થાય! જીવનભર ભય સતાવે. અંતે મરે ત્યારે મળે **નિરય (નરક)** અને ત્યાં યાતના ભોગવવી પડે ! (૧) અધર્મ - મૃષા, (૨) દંભ - માયા, (૩) લોભ-શઠતા, (૪) ક્રોધ - હિંસા, (૫) કલહ - દુરુક્તિ, (૬) ભય-મૃત્યુ, (૭) નરક-યાતના. **આ સાત અધર્મ-પરંપરા છે, તેનાથી દૂર રહેવું ; પછી જ ધર્માચરણ સરલ બને.** આ વંશ ત્રણ વખત સાંભળે, તો મનોમલ (મનનો મેલ - મનના વિકારો) જાય ! જે વિચારતા પરિણામની ભયાનકતા સમજાય, તો અનર્થથી દૂર રહેવાની ઇચ્છા થાય.

(૫) ધર્મના ચાર ચરણ :– શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, ધર્મના ચાર ચરણ (પગ) છે. **આ ચાર ચરણ જ્યારે સંપૂર્ણ સ્વસ્થ હોય ત્યારે ધર્મ સરખી રીતે ચાલી શકે એકાદ ચરણ પણ ખંડિત થાય તો ધર્મ લંગડો બની જાય છે.**
(૧) તપ **(૨)** શૌચ (પવિત્રતા) **(૩)** દયા **(૪)** સત્ય.

☞ **(૧) તપ :** કૃચ્છાદિ. (શરીરને કષ્ટ પડે તેવું પ્રાયશ્ચિત કે વ્રત) કલ્યાણ માટે કાયાને કસવી, ઘસવી તે તપ ; સંતાપ (કલેશ-દુઃખ ઉદ્વેગ વગેરે) સહન કરવું, આલોચન (જોવું - ચિંતન- મનન - વિચારવું)

☞ **(૨) શૌચ :** સર્વથા શુદ્ધ પણું, તન અને મન બંનેની પવિત્રતા. **તનના આચાર અને અંતઃકરણના વિચાર** બંને જ્યારે પવિત્ર હોય, તો તે

સદાચારરૂપ છે. આચાર સારા હોવા છતાં પણ, વિચારમાં વિકાર હોય તો તે **'મિથ્યાચાર'**છે ! વિચાર સારા અને આચારમાં શિથિલતા હોય **તો તે પ્રમાદ છે !** આચાર પવિત્રતાનો પાયો છે. પવિત્રતાથી શરીરસુખની વૃત્તિઓ ઘટે. 'શૌચાત્ સ્વાઙ્ગજુગુપ્સા પરૈરસંસર્ગ : ' પવિત્રતાથી પોતાના શરીરમાંથી આસાક્તિ નીકળી જાય અને અન્યનો સંસર્ગ ન રહે. સુંદર સ્વાદિષ્ટ પદાર્થોથી આ દેહ પોષાય છે, છતાં આંખ, નાક, કાન, મોં અને અધઃસ્થાનો તથા ચામડી દ્વારા તો, **મલ જ બહાર નિકળે છે !** તેનો વિચાર કરતાં શરીરમાં આસક્તિ ન થાય. શરીરના બધા મલને સાફ કરી, સ્વચ્છ રાખી, પવિત્રતાના પાલન માટે અન્યના સર્વ સંપર્કથી દૂર રહેવાય, **બહિર્મુખ થતાં બચાય, અંતર્મુખ કે ભગવદાભિમુખ થવાય.**

☞ **(૩) દયા :** અન્યના દુઃખ દૂર કરવાની ઇચ્છા પ્રબલ થતાં પ્રવૃત્તિ રૂપે પરિણમે. સર્વના કલ્યાણની ભાવના.

☞ **(૪) સત્ય :** વાણીનું સત્ય સાથે વ્યવહારનું સત્ય પણ સ્વાભાવિકપણે વણાયેલું હોય જ. આ ચાર ચરણ, **આચરણમાં દેખાય તો જ ધર્માચરણ કર્યું સમજાય.**

(૬) ધર્મમાં જ આવતા અધર્મના ચરણ : શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, અહિંયા આપણે ધર્મનું આચરણ કરવાની ક્રિયા સાથે કેવી રીતે અધર્મ થઇ જાય છે તેનો વિચાર કરીશું. એટલે દેખીતો ધર્મ લાગશે હકિકતમાં તે અધર્મ બની જશે. જેમ બ્રહ્મસબંધી જીવનું મુખ્ય કર્તવ્ય સેવા છે, જે પોતાના જ તન-મન-ધનથી પોતાનાંજ ઘરમાં - પોતાનાં ઠાકોરજીની કરવાની છે. પરંતુ આ સેવા કરવાનો પ્રકાર બીજાનાં પૈસાથી કે બીજાનાં તન થી કે બીજાનાં ઠાકોરજીની કરાવતા થઇ ગયા ત્યારે ચિત્તમાં સેવાજ થઇ રહી છે તેવા ભાવ છે પણ સંપ્રદાયમાં આજ્ઞા ન હોવાથી **આ ક્રિયા અધર્મ બની જાય છે.**

સતયુગમાં તપ ; ત્રેતાયુગમાં પવિત્રતા ; દ્વાપરયુગમાં દયા ; અને **કલિયુગમાં સત્યની મુખ્યતા** હોય છે. ધર્મના ચરણ ક્રમશઃ ત્રણ યુગોની અંદર એક એક તૂટતા ગયાં. **સત્યયુગની** અંદર ધર્મના આ ચારે પગ સ્વસ્થ હતા, પણ **ત્રેતાયુગની** અંદર ગર્વથી તપ ગયું, કલ્યાણમય ક્રિયા કરવામાં ગર્વ આવે એટલે તપ જાય. ''હું કોઇ (અમુક પ્રતિષ્ઠાવાળો) છું '' એ ગર્વ આવ્યો ; એટલે શારીરિક ક્રિયા ન થાય, સંકોચ થાય, મોટાઇ અટકાવે, પછી તો દ્રવ્યાદિથી ધર્મ પતાવી

દેવાનું મન થાય, અથવા મનમાં અહંકાર સાથે જ શારીરિક સત્ક્રિયા થાય. પરિણામે સત્ક્રિયારૂપ ધર્મમાં જ અહંકાર રૂપ અધર્મ આવે ! 'અધર્માં શૈસ્ત્ર્યયોભગ્ના :' - માંનો 'અંશ ' શબ્દ સૂચક છે. **ધર્મમાં જ આ અધર્મના ચરણ (રૂપ આચરણ) આવે છે.** અને ધર્મના ચરણ (રૂપ આચરણ) તૂટતા જાય છે. પરિણામે **ધર્મનું જ આખું સ્વરૂપ અધર્મમાં પરિવર્તિત થઇ જાય છે.**

ધર્મને સ્થાને પ્રાયઃ ધર્માભાસરૂપ અર્ધમ - શાખા જ દેખાય છે. **પરધર્મ, વિધર્મ, ધર્માભાસ, ઉપમા(ઊપધર્મ), અને છલ આ પાંચ અધર્મની શાખાઓ છે.** ધર્મમાં અધર્મ આવે છે એની ખબર ઘણા ઓછાને પડે છે. અધર્મ સ્પષ્ટ હોય તો ઓળખાય પણ ધર્મને ઓથે આવેલો અધર્મ ઓળખવો અતિ કઠિન છે. **અધર્મના ચરણ-ચાર : - ગર્વ, સંગ, મદ અને અસત્ય તે વિશિષ્ટ દશામાં ધર્મમાં પ્રવેશે**, ધર્મના અંશ થઇને આવે, તો ધર્મના પગોનો નાશ ન કરે ! જેમકે,ભગવાનના **દાસપણાનો** ગર્વ, **સત્સંગ**, ભગવાનના ચરિત-ગાનમાં હર્ષથી **મદ**, ગાય- બ્રાહ્મણાદિની હિંસા અટાકવવા માટે **અસત્ય**, જે ધર્મના અંશ છે. જ્યારે **અધર્મના અંશ તો ધર્મના ચરણોનો નાશ કરે છે.**

દ્વાપરયુગમાં સંગથી પવિત્રતા ચાલી ગઇ. સંગથી શરીરની અને અંતઃકરણની પવિત્રતા સચવાતી નથી. સંગનો રંગ અંતઃકરણને લાગતો જાય છે. પરિણામે સ્વચ્છતા કે શુદ્ધિ સચવાય પણ પવિત્રતા તો જાય. શુદ્ધિ એ સ્થુલ વસ્તુ છે. અને પવિત્રતા એ સૂક્ષ્મ વસ્તુ છે. શુદ્ધિ ઉપરથી દેખી શકાય તેવી, ચોકખાઇ કે સ્વચ્છતા છે **(બાહ્ય શુદ્ધિ છે)** અને પવિત્રતા એ અંતઃકરણમાં સમજી શકાય તેવું સૂક્ષ્મ-તત્વ **(આંતરશુદ્ધિ)** છે.

☞ **ઉદાહરણ રૂપે :-** જો, સાકરનો એક ટુકડો મળમાં પડયો હોય અને એને ધોઇ નાખો. ઉપર મળનો અંશ પણ ન રહી જાય. અંદરથી ગંધ પણ ન આવે એમ એને સાફ કરી નાખો, પછી એ સાકર ખવાય કે ન ખવાય ? ચોખ્ખી તો છે. શુદ્ધ તો થઇ ગઇ તે આંખ દેખે છે. (જુએ છે),છતાં તે સાકર અપવિત્ર થઇ ગઇ. એ અપવિત્રતા આંખે દેખાતી નથી. અંતરથી ઓળખાય છે, **તેથી શુદ્ધિ આંખથી દેખાતી બાહ્ય-ભૌતિક-અનુભૂતિ છે. જ્યારે પવિત્રતા અંદરથી ઓળખાતી આંતર-આદ્યાત્મિક-અનુભૂતિ છે.**

માણસ મોટે ભાગે શુદ્ધિને ઓળખે છે. પણ પવિત્રતાને પારખતો નથી. તેથી પવિત્રતાનો પરિત્યાગ અને પરિહાસ કરતો થયો છે ! માત્ર બહારની ચોકખાઇ અને અંદરની અપવિત્રતા નભાવી લેતો થયો છે. **જ્યારે શાસ્ત્ર,**

સ્વચ્છતા અને પવિત્રતાનો સૂમેળ સાધે છે.

કલિમાં મદથી દયા ચાલી ગઇ છે. (સત્ક્રિયા કરવાથી કે સદ્ વસ્તુ મળવાથી આવતો અહંકાર અંતઃકરણમાં રહે, ત્યાં સુધી ગર્વ કહેવાય, પણ વાણી અને વર્તનમાં તે વ્યક્ત થાય ત્યારે મદ કહેવાય છે.) મદ મત્ત બનાવે. કોઈની પરવા ન રહે. કોઇને મદદ કરવાનું મન ન થાય. પોતાનો મદ પોષાય તેમ, ખુશામતખોર જ પોષાય. સાચી દયા ચાલી જાય. દયા ખાનારા બહુ દેખાય છે. દયા કરનારા બહુ ઓછા છે. પ્રાયઃ દેખાવની દયા છે, દિલની નથી.

(૭) ધર્મનું સ્વરૂપ બળદનું અને અધર્મનું સ્વરૂપ ગધેડાનું છે: શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, ગર્વ, સંગ, મદ અને અસત્ય, આપણા જીવનમાં અધર્મ જ છે. અધર્મનું સ્વરૂપ ગર્દભ (ગધેડા) નું છે, અને ધર્મનું સ્વરૂપ બળદનું છે.

બળદની ખરીમાં બે ભાગ હોય છે, અને ગધેડાની ખરી એક જ આખી હોય છે. ધર્મ બે ભાગમાં વહેંચાયો છે : (૧) પ્રમાણ, (૨) પ્રવૃત્તિ. પ્રમાણને અનુકૂલ પ્રવૃત્તિ હોય ત્યાં ધર્મ છે. શાસ્ત્રમાં કહેલું હોય, સંતોને સંમત હોય, કોઇ મોટા પુરુષે જીવનમાં સદાચાર રૂપે સ્વીકારેલું હોય, તે બધું પ્રમાણરૂપ ગણીને, તેને અનુકૂલ પોતાની પ્રવૃત્તિ કરવી તે ધર્મ ગણાય.

પણ અધર્મ - ગધેડો એક જ આખી ખરી વાળો છે. એનું નામ પ્રવૃત્તિ ! તેમાં પ્રમાણ કોઇ જ નહિં - મરજી ફાવે તેમ કરો, - જીવો ! એ અધર્મ છે. મનમાંની વૃત્તિઓ પ્રબલ થતાં, પ્રવૃત્તિમાં પરિણમે તે અધર્મ છે. મન ફાવે તેમ લૌકિક લાભનો વિચાર કરીને જીવવું તે અધર્મ જ છે.

શાસ્ત્રના પ્રમાણ વગરની, મન ફાવતી રીતે કરેલી ધાર્મિક ક્રિયાઓ પણ સફલ થતી નથી, સદ્‌ગતી આપતી નથી. ધર્મ અને અધર્મના સંબંધથી જ કાલના યુગરૂપે વિભાગ ગણાય છે. કેવળ ધર્માવચ્છેદક સત્યયુગ છે. કેવલ અધર્મ - સંબંધી કલિયુગ છે. ત્રેતાયુગ સત્યયુગનો ભાગ છે અને દ્વાપર કલિનો શેષ છે.

(૮) અર્ધમના ૯ પ્રાણ (આધાર) :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, કલિયુગ અધર્મને પોષનારો છે. જ્યાં કલિ-કલહ-આવે, ત્યાં એનો મિત્ર અધર્મ આવે, સાથે એના નવ કટુંબીજનોને લાવે. એ અધર્મના આધાર કે પ્રાણ છે. તે પરસ્પર સંબંધિત પણ છે. શરીરમાં પ્રાણ પ્રવેશતા પ્રવૃત્તિ પ્રાંરભાય, તેમ અંતઃકરણમાં આ નવમાંથી એક પણ આવે તો અધર્મ આરંભાય.

(૧) **લોભ** : પરદ્રવ્ય વગેરેનો અભિલાષ, ભગવાને પોતાને જે આપ્યું હોય તેમાં સંતોષ ન થાય. વધારે મેળવવાની ઝંખના જાગે. તેને દબાવી ન શકાય. અંતઃકરણમાં તેનું આવરણ આવી જાય. અધિક લાભ માટે અન્યનું અન્યાયથી પણ લેવાની ઇચ્છા થાય તે લોભ.

(૨) **અનૃત** : જૂઠાણું. અધિક મેળવવાની ઇચ્છારૂપ લોભ પૂર્ણ કરવા માટે અનેક રીતે લોકોને છેતરવા વગેરે.

(૩) **ચૌર્ય** : ચોરી, જેનું કોઇ પડાવી લેવું હોય તે પોતાના કરતાં વધુ બલવાન હોય તો ગુપ્ત રીતે પડાવી લેવાની વૃત્તિઓ.

(૪) **અનાર્ય** : સામો દૂર્બલ હોય તો પોતાના બલના ઉપયોગથી પ્રત્યક્ષમાં જ તેનું કાંઇ પડાવી લેવાની ધૃષ્ટતા. આર્યોને યોગ્ય નહિ તેવું વર્તન - અનાર્યતા ! બળજબરી, ધાકધમકી, લૂંટ - એ બધાનું નામ અનાર્યતા.

(૫) **અહંઃ પાપ** : અનાર્યતા ન થઇ શકે એમ હોય તો, ગુપ્ત રીતે સામાનું નુકશાન કરવાનો પ્રયત્ન. કાંઇ મેળવવાની ઇચ્છા હોય તે મેળવી ન શકતાં સામાને કાંઇપણ નુકશાન થાય એવી રીતનો પ્રયાસ. આગ લગાડવી વગેરે

(૬) **જયેષ્ઠા** : સામાને દરિદ્રય બનાવી દેવો તે. પોતાને કાંઇ ન મળે તો કાંઇ નહિં, છતાંય સામો પરેશાન થાય એવા બધા પ્રયાસો જયેષ્ઠા છે. 'ચ' કાર પોતાનું પણું દારિદ્રય કહ્યું છે.

(૭) **માયા** : સામાને પરેશાન કરવા માટે પોતાની કપટ-જાળમાં ફસાવવાની - છેતરવાની - ચતુરાઇ.

(૮) **કલહ** : કલેશ કે ઝઘડો. વિવિધ કપટ કરવા છતાંય ધાર્યું કામ ન નીકળે, તો પછી ઝઘડી પડવું તે અને 'ચ' કારથી મારવું તે.

(૯) **દંભ** : પુન :, કોઇ પોતાનો વિશ્વાસ કરે, તે માટે સારા દેખાવાનો પ્રયત્ન ! સારા થવું એ તો કર્તવ્ય છે. સારા દેખાવા મથવું એ દંભ છે. સૌને સારા દેખાવું પ્રાય : ગમે છે. તે સહેલું પણ છે. સારા થવું કઠિન છે. તે ઓછાને ગમે છે. પરિણામે કવચિત્ અજાણતાં અકારણ પણ દંભ ઘૂસી જાય છે.

(૯) કલિ(કલહ) ને રહેવાના પાંચ સ્થાન જેના કારણે કલિનો મિત્ર અધર્મ તેમાં આવે છે :- શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે, કલિ (કલહ) ને રહેવાના પાંચ સ્થાન છે, જે નીચે પ્રમાણે સમજાવે છે.

(૧) **દ્યૂત** : જુગાર. કોઇપણ જાતની શરત લગાવવી, હારજીત કરવી, આ બધું જ દ્યુતનું સ્વરૂપ છે. એમાં કલહ થયા સિવાય રહેતો નથી.

(૨) **પાન** : મદ્યપાન. કોઇપણ પ્રકારે કેફ કરાવે તેવું પીણું પીધા પછી માદકતા આવેલી લાગે, કેફ ચઢે એ કલિયુગનું નિવાસસ્થાન છે.

(૩) **સ્ત્રી** : (સાધારણ સ્ત્રીઓ) જે સ્ત્રીને સારૂં જમવાનું, સારા વસ્ત્રો, ઘરેણાં, ઘરમાં બધી સવગડ જોઇએ તેવી સ્ત્રી. સંસારમાં અભિમુખ રહેનાર અને કુટુંબને સંસારમાં અભિમુખ

કરનાર સ્ત્રી, ઘરમાં કલહ લાવ્યા સિવાય રહે નહિં. પતિ પરાયણ અને પ્રભુ પરાયણ ન હોય, તેવી સ્ત્રીઓ કલિના સ્થાનરૂપ છે.

(૪) **હિંસા :** કોઇને મારી નાખવું એ જ માત્ર હિંસા નથી, પણ કોઇનેય દુભાવવું એ પણ હિંસા છે. એનાથી કલેશ થાય.

(૫) **સોનુ :** સોનું તો ભગવાનની વિભૂતિ પણ છે, પણ કલેશ કરાવે એ સોનું કલિના વાસરૂપ છે.

આ પાંચેય સ્વરૂપ કલિના સ્થાનરૂપ નથી, પણ કાર્યતઃ છે, એટલે અનૃતરૂપ ઘૂત, મદરૂપ પાન, કામરૂપ સ્ત્રી, રજઃ કે ક્રોધરૂપ હિંસા, વેરરૂપ સોનું કલિના સ્થાન છે. **ઉન્નતિ ઈચ્છનારે, ધર્મશીલે, રાજાએ, ઉપદેશકે (નેતાએ), રક્ષકે પ્રમાદથી પણ તેનું સેવન ન કરવું.**

(C) શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોના આધારે ....

☞ **(૧) તત્વાર્થદિપ નિબંધ (શાસ્ત્રાર્થ પ્રકરણ) :–** શાસ્ત્રાર્થ પ્રકરણ માં ધર્મ - અધર્મનું નિરૂપણ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પોતાના સંપ્રદાય અંતર્ગત જણાવે છે -

⁕ વેદાહાઃ શ્રીકૃષ્ણવ્યાક્યાણિ વ્યાસસુત્રાણિ
ચૈવહિ સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણમ તદ્ ચતુષ્ટયમ્

વેદ ભગવદ્‌ગીતા વ્યાસસુત્ર અને ભાગવત્ આ **ચારેયની એક વાક્યતા** પ્રમાણ માટે વિચારી, સંપ્રદાય અંતર્ગત બ્રહ્મસબંધી જીવોને - ધર્મ-અધર્મ વિશે શ્રીમહાપ્રભુજી પોતાના ગ્રંથોમાં જે નિરૂપણ કરે છે તેને હવે સમજવાનો પ્રયાસ કરીશું. આપ શ્રી **તત્વાર્થદિપ નિબંધ અંતર્ગત શાસ્ત્રાર્થપ્રકરણ માં ધર્મ-અધર્મનું નિરૂપણ કરતાં સમજાવે છે :-**

⁕ દ્વાપરાદૌ તુ ધર્મસ્ય દ્વિપરત્વાદ્ દ્વેયં પ્રમા ॥
વિરુદ્ધવચનાનાં ચ નિર્ણયાનાં તથૈવ ચ ॥ ૧૦ ॥

અર્થ : દ્વાપરના પ્રારંભમાં ધર્મ શ્રુતિપરક તથા સ્મૃતિપરક (આ પ્રકારથી દ્વિપરક) થઇ જવાથી આવશ્યક કર્તવ્યરૂપ જે ધર્મ તેના વિષયમાં શ્રુતિ તથા સ્મૃતિ બંને પ્રમાણ છે. આજ પ્રકારે પરસ્પર વિરોધી વાક્ય તથા નિર્ણયમાં બંને પ્રકારના વાક્યો તથા બંને પ્રકારના નિર્ણય પણ પ્રામાણિક છે.

⁕ કૃષ્ણવાકયાનુસારેણ શાસ્ત્રાર્થં યે વદન્તિ હિ ॥
તે હિ ભાગવતા : પ્રોકતા : શુદ્ધાસ્તે બ્રહ્મવાદિન : ॥ ૨૧ ॥

અર્થ : ગીતા-ભાગવતમાં કહેવાયેલા ભગવાનના વાક્યોના અનુસાર વેદનો

અર્થ જે પંડિત કરે છે તે જ ભાગવત (પરમ ભગવદિય) છે. તેઓ જ યથાર્થ કર્મના સ્વરૂપને જાણે છે જે વિદ્વાન ગીતા-ભાગવતાનુસાર વેદોકત કર્મ કરે છે. તથા તેઓ જ પૂર્ણ બ્રહ્મજ્ઞાની છે, જે વિદ્વાન ગીતા-ભાગવતાનુસાર વેદોક્ત કર્મ કરે છે. તથા તેઓ જ પૂર્ણ બ્રહ્મજ્ઞાની છે જે વિદ્વાન ગીતા-ભાગવતાનુસાર વેદોકત બ્રહ્મસ્વરૂપને જાણે છે.

❋ મોહાર્થશાસ્ત્રકલિલં યદા બુદ્ધેર્વિભિદ્યતે ॥
તદા ભાગવતે શાસ્ત્રે વિશ્વાસસ્તેન સત્ફલમ્ ॥ પર ॥

અર્થ : વેદ, ભગવદ્ગીતા વગેરે ભગવચ્છાસ્ત્ર સિવાય બીજા જેટલા પણ શાસ્ત્ર **છે તે બધા મનુષ્યને મોહ કરાવવા માટે પ્રકટ કરેલા છે.** એ શાસ્ત્રોને કલિયુગમાં મોટા માન્યા છે. એને જોવાથી **બુદ્ધિ મલિન થઈ જાય છે.** જ્યારે ભગવાનની કૃપાથી બુદ્ધિનો મલ દૂર થાય ત્યારે ભગવચ્છાસ્ત્રમાં વિશ્વાસ થાય એટલે કે ભગવચ્છાસ્ત્રમાં જે કહ્યું છે તે **બધું સાચું છે એવી દઢતા થાય.** ત્યાર બાદ તેને અનુસાર હંમેશા વર્તાવ રાખે ત્યારે તેને સાચું ફલ મળે છે. **એટલે કે ઇન્દ્રિયોમાં તથા અન્તઃકરણમાં આનંદ પ્રકટ થાય છે.**

☞ **(૨) તત્વાર્થદિપ નિબંધ (સર્વનિર્ણ યપ્રકરણ) :–** સર્વનિર્ણય પ્રકરણમાં ધર્મ-અધર્મનું નિરૂપણ શ્રીમદ્વલ્લભાચાર્યજી પોતાના સંપ્રદાય અંતર્ગત જણાવે છે -

❋ તસ્માદ્ વેદોકત માર્ગેષુ ન સ્વલ્પોऽપિ પતેદ્ બુધઃ ॥
અત : સએવ સદ્ધર્મે : સેવ્યો વર્ણિભિરાદરાત્ ॥ ૨૧૦ ॥

અર્થ : તેથી વેદથી અતિરિકત જેટલા પણ માર્ગ છે તે સ્વતન્ત્ર ફલસાધક નથી, વેદનું જ અંગ બનીને વેદોક્ત પ્રમેય જેવું છે તેને જ સિદ્ધ કરનાર હોય તો જ સફલ થાય છે. તેથી વેદોક્ત માર્ગોને અનુસાર આચરણ કરવાથી જીવનું ક્યારેય પણ પતન નથી થતું. તેથી ત્રિવર્ણીએ (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યોએ) વેદોકત સદ્ધર્મનું જ આદરપૂર્વક આચરણ કરવું જોઈએ.

❋ ધર્મમાર્ગ પરિત્યજ્ય છલેનાધર્મવર્તિન : ॥
પન્તતિ નરકે ઘોરે પાષણ્ડમતવર્તનાત્ ॥ ૨૧૧ ॥

અર્થ : વેદ માર્ગને છોડીને છલ વડે અધર્મનું આચરણ કરવાવાળા છે તેઓ **પાખંડ વેષનો સ્વીકાર કરવાને કારણ ઘોર નરકમાં પડે છે.** તેથી જો આપત્કાલ વિના જ જે જીવ મ્લેચ્છોના વેષ-ભાષા-આચરણને ધારણ કરી લે છે એમની

પણ સદ્ગતિ થતી નથી.

* અધુના તુકલૌ સર્વે વિરુદ્ધાચારતત્પરા ઃ।।
સ્વાધ્યાયાદિક્રિયાહીના ઃ તથાચારપરાંમુખા ।। ૨૧૨ ।।
ક્રિયમાણં તથાચારં વિધિહીનં પ્રકૃ વર્તે ।।
વિક્ષિપ્તમનસો ભ્રાન્તા ઃ જિવ્હોપસ્થપરાયણા ઃ ।। ૨૧૩ ।।
વાત્યપ્રાયા ઃ સ્વતો દુષ્ટાસ્ તત્ર ધર્મ ઃ કથં ભવેત્ ।।
ષડ્ભિ ઃ સમ્પદ્યતે ધર્મસ્ તે દુર્લભતરા ઃ કલૌ ।। ૨૧૪ ।।

અર્થ ઃ અત્યારના સમયમાં તો કલિકાલના દોષોથી બધાની શક્તિ ક્ષીણ થઇ ગઇ છે. વેદની યથાર્થ સ્થિતિ નથી રહી. **બધા જ જીવો વિરૂદ્ધાચરણમાં તત્પર છે. વૈદિક ક્રિયાથી હીન છે. આચાર વિનાના છે.** " શૌચાચાર વિહીનાનાં સમસ્તા નિષ્ફલાઃ ક્રિયા ઃ ". **તેથી કરવામાં આવેલા કર્મ પણ બધા નિષ્ફલ બને છે.** જે કોઇ જીવ વૈદિક કર્મ કરે છે તો વિધિરહિત કરે છે. મન એકાગ્ર નથી રાખતા. સદા-સર્વદા ભ્રમમાં જ ડૂબતા રહેલા આવે છે. જીવ્હા-ઉપસ્થના સુખમાં પરાયણ રહેતા થયા છે.

પ્રાત્ય (સંસ્કાર ન કરવામાં આવ્યા હોવાથી પોતાનો વર્ણ ગુમાવી બેઠેલી વ્યક્તિ) પ્રાયઃ વર્ણધર્મથી પતિત છે. સ્વભાવથી દુષ્ટ છે. આવા મનુષ્યમાં ધર્મ કેવી રીતે રહિ શકે ? કારણ કે દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, કર્મ તથા મન્ત્ર આ છ પદાર્થોથી ધર્મ બને છે. **આ કલિકાલમાં આ શુદ્ધ દેશ વિગેરે છ પદાર્થો પ્રાપ્ત થવા દુર્લભ છે.** કલિકાલના દોષથી શક્તિનો નાશ થઇ ગયો છે તેથી વેદનો અભાવ છે. એટલા માટે બધા ધર્મોનો પણ અભાવ છે.

* અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા ।।
શ્રીભાગવતમાર્ગેણ સ કથશ્ચિત્ તરિષ્યતિ ।। ૨૧૫ ।।

અર્થ ઃ પાષંડમતનો ત્યાગ કરીને, ભક્તિનું અંગ સમજીને, યથાશક્તિ અગ્નિહોત્રાદિકને કરતાં કરતાં **સદા શ્રીકૃષ્ણની ભક્તિમાં પરાયણ રહે તો કલિયુગને તરિ જાય છે.** અર્થાત્ આ કલિયુગમાં મુખ્ય વૈદિક ધર્મ નથી નભી શકતો તેથી વેદોક્ત ફલ પણ નથી મળતું. ભગવદ્ ભજન કરતો રહે તો પાત નથી થતો.

* અત્રાપિ વેદનિન્દાયામ્ અધર્મકરણાત્ તથા ।।
નરકે ન ભવેત્ પાત ઃ કીન્તુ હીનેષુ જાયતે ।। ૨૧૬ ।।

અર્થ ઃ ભક્તિમાં પણ બે બાધક છે. ૧. **ભક્તિમાર્ગમાં સ્થિત થઇને વેદને**

અપ્રમાણ કહે તથા ૨. અધર્મનું આચરણ કરે તો - જો કે નરકપાત થવો યોગ્ય નથી પરન્તુ ભગવાનનું નામ નરકનું વિરોધી હોવાથી નરકમાં તો તે જીવ નથી જતો. પરંતુ - જન્મમરણાત્મક ત્રીજા માર્ગને પ્રાપ્ત થઇને **શુદ્ર વગેરે હીનયોનિઓમાં ઉત્પન્ન થાય છે.** આથી જ નીચ યોનિમાં કબીર, રૈદાસ, સદન વગેરે ભગવદ્ભક્તોનો જન્મ જોવામાં આવે છે. **તેથી વેદનિન્દા (વેદવિરૂદ્ધ આચરણ) તથા અધર્મનો ત્યાગ કરીને ભગવાનની સેવા કરવી યોગ્ય છે.**

✻ પૂર્વસંસ્કારતસ્ તત્ર ભજન્ મુચ્યતે જન્મભિ: ॥
અત્યન્તાભિનિવેશશ્ચેત્ સંસારે ન ભવેત્ તદા ॥
એતાવન્માત્રાતાપ્યસ્તિ માર્ગેઽસ્મિન મુરવૈરિણ: ॥ ૨૧૭॥

અર્થ : શુદ્રયોનિમાં જન્મેલો ભક્ત પૂર્વજન્મના સંસ્કારના કારણે તે શુદ્રયોનિમાં પણ ભગવાનનું ભજન કરે છે તથા તે દેહમાં વેદની સ્મૃતિ નથી રહેતી તેથી વેદનિન્દા પણ નથી કરતો. ત્યારે પ્રસન્ન થઇને ભગવાન તે ભક્તને મુક્ત કરે છે. પરંતુ તે જન્મમાં પણ એક બાધક છે. **પૂર્વજન્મના ભક્તિના સંસ્કાર દુર્બલ થઇ જાય તો સંસારમાં અભિનિવેશ થવાથી દઢ ભજન નથી થઇ શકતું, તેથી મુક્ત પણ નથી થતો.** આટલા કથન વડે વેદનિન્દા વડે પુનરાવૃત્તિ-જન્મમરણ થાય છે પરંતુ શુદ્ધ ભજન દ્વારા પ્રાપ્ત થનારી મુક્તિને પૂર્વજન્મમાં કરેલી વેદનિન્દા બાધક નથી થતી. **તેથી વેદનિન્દા ન કરીને ભગવદ્ભજન કરવામાં આવે તો ભક્તિમાર્ગ અતિ શ્રેષ્ઠ છે.**

✻ વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ ॥
ક્રિયમાણે ન ધર્મસ્યાદ્ અતસ્તતસ્માન્ન મોચનમ્ ॥ ૨૨૩॥
બુદ્ધિમાનાદરં તસ્મિન્ છલે સાધ્યેઽપિ દુ:ખત: ॥
ત્યક્ત્વા માર્ગે ધ્રુવફલે ભક્તિમાર્ગે સમાવિશેત્ ॥ ૨૨૪॥

અર્થ : યથાવત્ યજ્ઞોપવિતાદિક સંસ્કાર થયા વિના બ્રાહ્મણયાદિ દેવતાઓનો દેહમાં પ્રવેશ થતો નથી. તથા આશ્રમોના જે પ્રમાણે આચાર કહેલા છે તે આચાર પણ નથી નભી શકતા. તેથી કલિયુગમાં કરવામાં આવેલો ધર્મ નામમાત્રનો ધર્મ છે. આવા ધર્મથી અપૂર્વ નથી થતું. અર્પૂવ વિના મૂક્તિ વગેરે ફલ પણ નથી મળતાં. જ્યારે ભગવાને આ પ્રકાર જાણ્યો ત્યારે ભક્તિમાર્ગનું કથન કર્યું. તેથી અત્યારે કલિકાલમાં બીજા માર્ગ ફલદાયક નથી.

કલિયુગમાં તો કર્મ વગેરે સર્વથા બની શકતા નથી પરંતુ સત્યયુગ વગેરેમાં પણ ‘‘ગહના કર્મણો ગતિ:’’ (ભગ.ગીતા ૪/૧૭૧) વગેરે ગીતાવાક્યાનુસાર

દુઃખ વડે સિદ્ધ થઇ શકે એવા કર્મ વગેરે માર્ગોમાં આદરનો ત્યાગ કરવો. અર્થાત્ ઘણા માર્ગોમાં પરમ આદર નથી રહી શકતો તેથી એક માર્ગ માટે જ આદર રાખવો. વેદમાર્ગની સરખામણીમાં ભક્તિમાર્ગ ઉત્તમ છે. તથા અત્યારે અન્યમાર્ગ વિદ્યમાન પણ નથી. (ફલરૂપતાના સંદર્ભમાં) તેથી આદરપૂર્વક બુદ્ધિમાન પુરુષ ભક્તિમાર્ગમાં જ પ્રવેશ કરે. તેથી ભક્તિમાર્ગમાં પ્રવેશ થતાં જ જીવ કૃતાર્થ થઇ જાય છે.

✻ સ્વધર્માચરણં શકત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ॥
ઇન્દ્રિયાશ્ર્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ॥ ૨૩૮॥
એતદ્ વિરોધિ યત્કિંચિત્ તત્તુ શીઘ્રં પરિત્યજેત્ ॥
ધર્માદીનાં તથા ચાસ્ય તારતમ્યં વિચારયન્॥ ૨૩૯॥

અર્થ : નિત્યકર્મ વગેરે સ્વધર્મોને સેવાના અંગ સમજીને સેવાના અવકાશમાં કરવા. 'ધર્મોમદ્ ભક્તિકૃત્પ્રોકત :' (ભાગવત પુરાણ ૧૧/૧૯/૨૭) અને 'શ્રેયોભિર્વિવિધૈશ્ર્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ' (તત્રૈવ ૧૦/૪૭/૨૪/) વગેરેમાં વર્ણાશ્રમધર્મ વગેરે બધા ધર્મોને શ્રીકૃષ્ણચન્દ્રમાં ભક્તિ સિદ્ધ કરવા માટે આ વાત સ્પષ્ટ કહેલી છે . દેહ-દ્રવ્યના સામર્થ્ય મુજબ અગ્નિહોત્રાદિ ધર્મ કરવા. સામર્થ્ય હોય તો પ્રમાદ ન કરવો. **વિધર્મ** - નિષિદ્ધ ધર્મનું આચરણ ક્યારેય પણ ન કરવું. નિષિદ્ધિ કાર્ય ક્યારેય પણ ન કરવું. ઇન્દ્રિયરૂપ ઘોડાઓને કાબુમાં રાખવા. જેમ ઘોડાને બીજેથી રોકીને એક રસ્તા ઉપર જ ચલાવવામાં આવે છે ત્યારે ઇચ્છિત સ્થાને લઇ જાય છે. એટલે કે **મહારાજોપચારથી ભગવત્સેવા કરવી. પછી ભગવાનના પ્રસાદી અનેક વ્યંજનો ભક્તોને લેવડાવી પોતે ભોજન કરવું**. એ વ્યંજનોને 'આદ્યાદાત્મવિશુદ્દ્ધ્યર્થમ્ ' (ભાગ. પુરા ૬/૧૯/૨૦/) વગેરે ભાગવત વચનાનુસાર **'આ આત્મશુદ્ધિ કરનારો મહાપ્રસાદ છે '** આવી **બુદ્ધિ રાખવી. 'જીભના સ્વાદ માટે ભોજન કરૂં છું ' આવી બુદ્ધિ ન રાખવી.** તથા પ્રથમથી સુંદર સામગ્રી પ્રભુને અર્પણ કરવા માટે સારા - નરસા વ્યંજનોની પરીક્ષા માટે બધી સામગ્રીને ચકાસવી. પોતાની ધર્મપત્નીની સાથે પણ ઇન્દ્રિયોની પ્રસન્નતા માટે ક્યારેય સંગ ન કરવો **પરંતુ સેવામાં ચિત્તને ઉદ્વેગ કરનાર કામની નિવૃત્તિ માટે સંગ કરવો.**

આ ત્રણેય કર્મ ક્રીડાર્થ પણ ક્યારેય ન છોડવા. **આસક્તિ આ ત્રણેયનો બાધ કરનારી છે.** જે કાંઇ પણ આ ત્રણેયના વિરોધી હોય તેને તૂરતજ છોડી દેવા. સામાન્ય વચન ધર્માદિકનું ઉપલક્ષણ છે. અર્થાત્ ધર્માદિકને માટે પણ ૧. સ્વધર્માચરણ ૨. વિધર્મથી નિવર્તન ૩. ઈન્દ્રિયવિનિગ્રહ. આ ત્રણેય છોડવા

નહિં. અન્યથા પરોપકારાર્થ ઈન્દ્રિયનિગ્રહના ત્યાગની સંભાવના થશે.

તથા પૂજા વિરોધી ધર્માદિકનો પણ ત્યાગ કરવો. આ વિષયમાં વિચાર વર્ણન કરે છે. **ભગવદ્ભજનનું** ફલ અચલ મોક્ષ છે. **પરોપકારાદિ સર્વ ધર્મોનું** ફલ ક્ષયવાળા સ્વર્ગાદિક છે. તેથી પૂજા તથા સર્વધર્મોનું તારતમ્ય જાણીને પૂજાના વિરોધિ પરોપકારાદિ જે ધર્મ હોય તેને પણ છોડી દેવા, **સેવાને છોડીને ન કરવા.** (સેવાના અવકાશમાં કરવા.)

☞ **(૩) ષોડશગ્રંથ અંતર્ગત ધર્મ – અધર્મનો વિવેક :–** શ્રીમહાપ્રભુજી અને અન્ય ટીકાકારો ષોડશગ્રંથ અંતર્ગત ધર્મ-અધર્મનો વિવેક સમજાવે છે.

✻ આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ચ સર્વથા ॥ ૪ ॥
અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માઽગ્રદર્શનમ્ ॥ (વિ.ધૈ.આ.)

ભાવાર્થ : આપત્તકાલ હોય ત્યારે હઠનો દરેક પ્રકારથી ત્યાગ કરવો. આગ્રહનો પણ ત્યાગ કરવો. **સર્વત્ર, ધર્મ અને અધર્મનો પ્રથમથી જ વિચાર કરવો.**

ટીકા : આપત્તકાલ આવે ત્યારે, પહેલાં જે સામગ્રી વગેરેનો નિયમ બાંધ્યો હોય તે જ પ્રમાણે કરવાનો હઠ દરેક પ્રકારે છોડી દેવો. એટલે કરજ કરીને, અથવા (બીજા પાસેથી લઈને કે માંગીને) નિયમ મુજબ જ બધું કરવું જ એવી હઠ ક્યારેય ન રાખવી. પરન્તુ વિના પ્રયત્ને જે મળે તેમાં સંતોષ રાખીને એટલું જ પ્રભુને અર્પણ કરવું, વધારાનો આગ્રહ રાખવો નહિં. કેમ ? કારણ કે પુષ્ટિમાર્ગની મર્યાદા મુજબ પ્રભુને ભક્ત જે સમર્પશે તે પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરશે. જ્યારે પ્રભુસંબંધી કાર્યોમાં પણ હઠ ન કરવી તો પછી લૌકિક કાર્યોમાં હઠ તો ક્યારેય ન કરવી જોઈએ તેમાં શું કહેવાનું હોય ? **આ સાતમો વિવેક છે.**

વૈદિક કાર્યમાં કેમ કરવું ? આવું જાણવાની ઈચ્છા હોય ત્યાં કહે છે કે સ્માર્ત (સ્મૃતિ) તથા શ્રૃત્તિ (વૈદિક) સર્વ સ્થળોએ આગ્રહ ન રાખવો. એટલે, ભગવત્સેવાને છોડીને સ્માર્ત-શ્રોતાદિક ધર્મનું આચરણ કરવાનો આગ્રહ સર્વથા ન રાખવો. **પરંતુ ભગવાનની આજ્ઞા હોવાના કારણે જે આવશ્યક કર્મ છે તે સેવાના અનવસરમાં કરવા.** મૂલમાં 'ચ' કાર છે તેથી સાક્ષાત્ ભગવાનનો સંબંધ જેમાં ન હોય એવા બધા કાર્યોમાં અનાગ્રહ જ રાખવો **આ આઠમો વિવેક છે.**

વૈદિક ધર્મોમાં અનાગ્રહ કેવી રીતે થાય ? આ જાણવાની ઈચ્છા થાય તો ત્યાં કહે છે કે ધર્મ અને અધર્મનો પ્રથમથી જ નિર્ણય કરવો. એટલે, પરિણામનો વિચાર કરવો. તે આ પ્રમાણે કે જેમ શ્રોત-સ્માર્તાદિક ધર્મ, અને આ ન કરવાથી

પાપ લાગે તે અધર્મ. તેનું પરિણામ વિચારીને જેના પરિણામમાં અધર્મ જોવામાં આવે તે ન કરવું. જેમ સ્માર્ત-શ્રૌત ધર્મ અને ભગવદ્‌ધર્મ, આ બંનેમાં ઉત્તરોતર બળવાન છે. **તેથી શ્રૌત (વૈદિક) ધર્મ કરવામાં સ્માર્ત (સ્મૃતિ) ધર્મને છોડવો પડે તેમાં દોષ નથી.** તેવી રીતે ભગવદ્‌ધર્મ કરવામાં **સ્માર્ત અને શ્રૌત ધર્મ છૂટી જાય તો દોષ નથી.** કેમ ? કારણ કે બધાથી બળવાન ભગવદ્‌ધર્મ છે. આવું વિચારીને સ્માર્ત તથા શ્રૌત ધર્મોનો આગ્રહ ન રાખવો **આ નવમો વિવેક છે.**

✻ સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયડમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥ ૧ ॥ (ચતુઃશ્લોકી)

ભાવાર્થ : નિરન્તર સર્વભાવ વડે વ્રજાધિપ (શ્રીકૃષ્ણ) સેવન કરવા યોગ્ય છે. **પુષ્ટિમાર્ગીય જીવોનો કૃષ્ણસેવન જ ધર્મ છે, કોઇપણ સમયમાં અથવા કોઇપણ સ્થાનમાં બીજો કોઇ ધર્મ નથી.**

ટીકા: એટલે વ્રજાધિપ જે સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ એ જ પુષ્ટિમાર્ગીઓને સેવનીય છે. તેથી શ્રીભાગવતના દશમસ્કન્ધના જન્મપ્રકરણ વિવરણમાં **શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે** ''શ્રીગોકુલમાં નિઃસાધનોના ફલરૂપ એવા શ્રીકૃષ્ણ પ્રકટ થયા છે તેથી અમે દરેક પ્રકારથી નિશ્ચિન્ત થયા છીએ'', તેથી નિઃસાધનોને માટે જ ભગવાનનું પ્રાગટ્ય હોવાથી **દૈવીસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા એવા સાધન-સમ્પતિ રહિત જે જીવ છે એમને શ્રીકૃષ્ણ અવશ્ય સેવા કરવા યોગ્ય છે.**

તે સેવા સર્વભાવથી કરવી. એટલે કે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, સ્ત્રી, પુત્ર, ધન અને ઘર વગેરે બધું જ ભગવાનના જ છે મારા નથી એવો જે ભાવ છે તે અહન્તા-મમતાત્મક સંસારનો નાશ કરનારો છે. જીવમાં જ્યારે એવો ભાવ આવે ત્યારે જીવ નિશ્ચિન્ત બને. **તેવો જીવ ભગવન્મય અને મુક્ત કહેવામાં આવે છે.** આવા જીવની દશાનું વર્ણન ' ભક્તિવર્ધિની ' માં કરેલું છે : '' જ્યારે પ્રભુમાં દઢાસક્તિ થાય ત્યારે ઘરમાં સ્થિત (અભગવદીય) જે સ્ત્રી, પુત્ર વગેરે એમનું બાધકપણું અને એમનામાં અનાત્મપણું જોવામાં આવે છે. અને પ્રભુમાં વ્યસન ; એટલે કે પ્રભુ વિના રહી ન શકાય એવી દશા, જ્યારે થાય ત્યારે તે જીવ કૃતાર્થ થાય છે.'' **તેથી સર્વાત્મભાવ છે તે દૈવીજીવોનો મુખ્ય ધર્મ છે. તે નિઃસાધનોને અવશ્ય કરવા યોગ્ય છે.** આ પ્રકારના ભાવથી જ બધા કાર્ય સિદ્ધ થાય છે.

શ્રીભાગવતમાં પણ કહ્યું છે કે ‘‘ફક્ત ભાવ વડે જ શ્રીગોપીજન, ગાય, યમલાર્જુન ..... વગેરે વૃક્ષ, જામવાન ..... વગેરે મૃગ અને મૂઢ બુદ્ધિવાળા કાલીય ..... વગેરે સર્પ પણ સિદ્ધ થઇને મને પ્રાપ્ત થયા છે.’’ તેથી આવા ભગવાનના **વચનથી જ સર્વાત્મભાવનું મુખ્યધર્મપણું સિદ્ધ થાય છે.**

અહિં શંકા થાય કે, ઉપર કહ્યો જે ધર્મ તે એક કાલ અથવા એક સ્થળે જ કરવો યોગ્ય ધર્મ હશે, અને સર્વદા કરવાનો ધર્મ શું તેનાથી જુદો હશે ? આવી શંકા ન થાય એટલા માટે મૂલમાં (શ્લોકમાં) ‘‘નાન્ય : ’’ અને ‘‘કદાચન ’’ એમ બે પદને ગ્રહણ કરીને એ બતાવ્યું છે કે, **જે મેં (શ્રીમહાપ્રભુજીએ) કહ્યું એ જ ધર્મ છે તેના સિવાય બીજો કોઇપણ ધર્મ પુષ્ટિમાર્ગીઓનું કાર્ય સિદ્ધ કરનારો નથી.** કેમકે મર્યાદામાર્ગીય ધર્મ વિભૂતિપર્યવસાયી છે. એટલે મર્યાદામાર્ગીય સાધનો દ્વારા ભગવાનની વિભૂતિની પ્રાપ્તિ થઇ શકે પરંતુ પુરૂષોત્તમની પ્રાપ્તિ ન થાય અને દેશ-કાલના ધર્મમાં પણ વિપર્યાસ જોવામાં આવે છે. એટલા માટે આ જ ધર્મ કર્તવ્ય છે એવું મૂલમાં ‘કવ’ શબ્દથી સૂચિત થાય છે. કાલાન્તરમાં (કોઈપણ પરિસ્થિતિમાં) પણ આ ધર્મ છોડવા જેવો નથી પ્રત્યુય વિધેય (ઉલ્ટાનું વિધાન) છે એવું મૂલના ‘કદાચન’ પદથી સૂચિત થાય છે.

સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ॥ ૪$^{૧}/_{૨}$ ॥ (અન્તઃકરણપ્રબોધ)

ભાવાર્થ : સેવકનો ધર્મ તો શ્રીહરિની આજ્ઞાનુસાર કાર્ય કરવું એ જ છે. શ્રી હરિ પોતાના ભક્તોના સઘળા કાર્ય પોતે જ કરશે.

ટીકા : સેવકમાં જો તેનો પોતાનો **દાસ ધર્મ હોય** તો સ્વામી જે પ્રભુ, તે પણ પોતાના સ્વામીપણાનો ધર્મ સેવક સાથે નિભાવશે. અથવા પ્રભુ આપણા સ્વામી છે, આપણે એમના સેવક છીએ. **આ સમ્બન્ધથી આપણા તેઓ અને તેઓના આપણે આત્મીય છીએ.** તેથી ભગવાને જે વિચાર્યું હશે તે આપણા હિતનું જ હશે ; અને તે પ્રમાણે જ કરશે એમ સમજવું આ જ સેવકનો ધર્મ છે.

(D) સંપ્રદાય સાર

આમ લૌકિક અને અલૌકિક, ધર્મ અને અધર્મ વિશે જાણ્યા પછી શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં દિક્ષીત **દરેક વૈષ્ણવો માટે વર્ણાશ્રમ સાથે શ્રીઠાકોરજીની આજ્ઞા તેમજ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવું તે ધર્મ બને છે.** જેનું પાલન સમર્પણની કે બ્રહ્મસબંધની દિક્ષા લેનાર વૈષ્ણવોએ

કરવું જ જોઇએ. આપણું 'આચરણ ' આ આજ્ઞાઓ વિરૂદ્ધ હશે તો તે અધર્મ બની જશે. જે આપણી સાંપ્રદાયિક અસ્મિતાને કે આપણી સાંપ્રદાયિક નિષ્ઠાને કુંઠિત કરી દેશે કેમકે, **અધર્મની પત્નિ મૃષા** (જૂઠ-અસત્ય-મિથ્યાવાણી) પતિવ્રતા હોવાથી સાથે આવશે જ. (અર્થાત જ્યાં અધર્મ હોય ત્યાં જૂઠાણું - અસત્યાચરણ વગેરે આવે જ)

અર્થ (પૈસો) પોતે અનર્થ રૂપ નથી, પરંતુ અધર્મ સાથે જોડાતા તે અનર્થરૂપ સંસારાસક્તિ વધારે છે. અર્થાત શ્રીઠાકોરજી માટેની આપણી ભગવદાસક્તિ કુંઠિત કરી દે છે. **જ્યારે** ધર્માચરણ આચરવાથી, **ભગવદ્દ્કૃપાથી મળેલો અર્થ** - પુરુષાર્થરૂપ હોવાથી સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે, ભગવદાસક્તિ વધારે છે. **આ જ વાત શ્રીમદ્ભાગવતના ચતુર્થસ્કન્ધમાં આઠમાં અધ્યાયમાં વર્ણવવામાં આવી છે.**

જ્યાં અધર્મનું સામ્રાજ્ય હોય ત્યાં મૃષા (જૂઠ - અસત્ય- મિથ્યા વાણી) સાથે હોવાથી **દંભ અને માયા જન્મે છે.** અધર્મને છૂપાવવા દંભ કરવો પડે - ધર્મનો દેખાવ કરવો પડે - જૂઠાણાં છળકપટ કરવા પડે - આ ભાઇ-બહેન સાથે રહેવા પરણે અને સંતાનરૂપે **દોષોને જન્મ આપે** - દંભ તેને છૂપાવવાનો પ્રયત્ન કરે આમ તેમની પરંપરા ચાલે. આવી અધર્મની પરંપરા ચાલે ત્યારે **નિર્ઋતિ** (નાશ-વિનાશ-આફત-વિપત્તિ-મૃત્યુ ......) નામનો રાક્ષસ દંભ અને કપટને દત્તક લે છે. જેથી તેમને સુરક્ષા મળે છે. **દંભ અને માયાને લઇને આસુરભાવ, કઠોરતા જન્મે છે.** જેથી તેવા જીવોમાં (જે અધર્માચરણ આચરે છે તેઓમાં) ક્રમશઃ આસુરભાવ કઠોરતા ઉત્પન્ન થાય છે. ભગવદ્ભાવ કોમળતા જતા રહે છે. લોભ અને શઠતા ત્યારે જન્મે છે. દંભનાં અંચળા હેઠળ વધુને વધુ અધર્મને પોષણ જીવ આપતો રહે છે. (વધુ સમજણ પાના ક્રમાક (૨૭) પર છે.) જે ક્રમશ : ક્રોધ-હિંસા-અપશબ્દો-કઠોરભાષાને જન્મ આપે છે.

આ બધું સમજી (જીવનો ધર્મ શું છે ?) સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા શું છે ? તેનો આપણે સારરૂપે વિચાર કરવો જરૂરી છે.

૧. ☞ પોતાનાં ઘરમાંજ, પોતાના ઠાકોરજીની પોતાનાંજ તન, મન,ધનથી સેવા કરવી. (ચતુઃશ્લોકી - ભક્તિવર્ધિની ગ્રંથોમાં જોવું)
૨. ☞ અસમર્પિતનો ત્યાગ કરવો - ભોગ ધરીને લેવો. (સિદ્ધાંત રહસ્ય ગ્રંથ)
3. ☞ અવૈષ્ણવનાં હાથનું કે તેનાં દ્રવ્યનું ખાનપાન ન કરવું (૮૪-૨૫૨

વૈષ્ણવોની વાર્તાઓમાં અને - સિદ્ધાંત રહસ્ય ગ્રંથની ટીકા)

૪. ☞ **વૈષ્ણવ કે અવૈષ્ણવ પાસેથી દ્રવ્ય કે સામગ્રી લઈ સેવા ન થાય** - શ્રીઠાકોરજીને ન ધરાવાય. જો ધરાવીયે છીયે તો શ્રીઠાકોરજી અરોગતા નથી, અનમના બીરાજ છે. (અર્થાત) તે પ્રસાદ નથી થતો (**શ્રીહરિરાય મહાપ્રભુજી** - કિશોરીબાઈની વાર્તામાં શ્રીઠાકોરજીનાં વચનોને ભાવપ્રકાશ સાથે આ સમજાવે છે.)

૫. ☞ શ્રીમદ્ ભાગવતનું પઠન પ્રયત્ન પૂર્વક રોજ કરવાનું છે પરંતુ તેનું વાંચન-પઠન્ કે શ્રવણ, કોઈ પણ હેતુ માટે ન થાય. **પહેલા કે પછી દ્રવ્ય (પૈસા કે કાંઇ પણ) લઇને ન થાય.** આ રીતે જો ભાગવત સપ્તાહ થતી હોય તો ત્યાં મનોરથી થઇને કે શ્રોતા બનીને ભાગ ન લેવાય એવું **શ્રીમહાપ્રભુજી પદ્યનાભદાસજીની વાર્તામાં, નીજ વાર્તા ઘરૂવાર્તામાં જલભેદગ્રંથ- ઈત્યાદીમાં અને શ્રીગોપીનાથજી અને ટીકાકારો ટીકા લખીને સમજાવે છે.**

૬. ☞ જ્યારે શ્રીઠાકોરજીને ઉદ્દેશીને ભેટ-સામગ્રી દ્રવ્ય-વસ્ત્ર કાંઈપણ ભેટ આપવામાં આવે છે ત્યારે તે **દાન રૂપે હોવાથી દેવ-દ્રવ્ય બને છે,** સંપ્રદાયમાં તેને વૈષ્ણવ પ્રસાદ રૂપે **ગ્રહણ નથી કરી શકતો.** (**શ્રીમહાપ્રભુજીનાં** વચનામૃત વાસુદેવદાસ છકડાની વાર્તા)

૭. ☞ જલભેદ ગ્રંથની ટીકાના સાર રૂપે, **સત્સંગ કે પ્રસાદ ત્યાંજ લેવો જોઈએ જ્યાં શ્રીમહાપ્રભુજીનાં વચનોનું - સિદ્ધાંતોનું પાલન થતું હોય.**

આવા અનેક પ્રમાણ વચનામૃતો - સિદ્ધાંત **સમજણ પૂર્વક-વિવેકથી આચરણમાં મૂકવા** તે પુષ્ટિમાર્ગીય - બ્રહ્મસબંધી જીવોનો ધર્મ બને છે - તેની વિરૂદ્ધનું આચરણ અધર્મ બને છે. અને આવા અધર્માચરણના શરણે જવાથી જીવ, દંભી-સ્વાર્થી-આસુરાવેશવાળો બની જઇ ભગવદ્ સ્વરૂપથી વિમુખ બને છે.

વૈષ્ણવોને નમ્ર વિનંતી

શાંતીથી વાંચી, સમજી-વિચારી, બુદ્ધિપૂર્વક નિર્ણય લઇ,
શ્રીમહાપ્રભુજીની આજ્ઞા-નિષેધનો વિચાર કરી
તે જ આચરવુ.
-શેષ ભગવદ્ ઇચ્છા.

વિભાગ-૩

અજ્ઞાન - અશ્રદ્ધા - સંશય

ભગવાન શ્રીમદ્ ભગવદ્ગીતામાં જણાવે છે કે,

> અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ - ૪/૪૦
> તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ
> જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મકર્તુમિહાર્હસિ - ૧૬/૨૪

જ્ઞાન રહિત, અશ્રદ્ધાવાળા તથા શંકાશીલ મનુષ્યનો વિનાશ થાય છે. તેથી શાસ્ત્રની આજ્ઞાઓને જાણી ને કર્મ કરવા જોઇએ. કારણ કે શું કરવું તથા શું ન કરવું એ વિષયમાં માત્ર એક શાસ્ત્ર જ પ્રમાણ છે. શ્રી મહાપ્રભુજી તત્ત્વાર્થ. નિબ. શાસ્ત્રા પ્રક. માં જણાવે છે કે, શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈ કૃષ્ણ : સેવ્ય એટલે, ભગવચ્છાસ્ત્રના અર્થ-તાત્પર્યનું યથાર્થ નિર્ધારણ કરીને મન-વાણી-દેહથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ.

અજ્ઞાન, અશ્રદ્ધા તથા સંશય આ ત્રણેય એકબીજા સાથે એવી રીતે જોડાયેલા છે કે **કોના કારણે કોણ પેદા થાય છે, એ નિશ્ચય નથી થઇ શકતો.** એટલે કે **અજ્ઞાની માણસમાં અશ્રદ્ધા તથા સંશય અવશ્ય હોય જ છે.** આજ રીતે જે માણસમાં શ્રદ્ધાનો અભાવ હશે તે જ્ઞાનપ્રાપ્તિને માટે પ્રયત્ન નહીં કરે. જ્યારે જ્ઞાન માટે યત્ન ન થાય ત્યાં સુધી તો સંદેહ રહિત પણ કેવી રીતે થાય. જ્યારે **સંશય તો અજ્ઞાન તથા અશ્રદ્ધાનું જ પરિણામ હોય છે એ નિર્વિવાદ સત્ય છે.** આના ઉપરથી ફલિત થાય છે કે શ્રેયસાધનામાં (આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં) પ્રવૃત્ત **સાધકની સાધના, (ક) અજ્ઞાન, (ખ) અશ્રદ્ધા તથા (ગ) સંશય આ ત્રણ અથવા આ ત્રણેમાંથી કોઇ એક દુર્ગુણના કારણે વિફલ થઇ શકે છે.** એટલા માટે જ ભગવાન તથા શ્રીઆચાર્યચરણોએ ઉપર્યુક્ત સમસ્યાના સમાધાનરૂપે **શાસ્ત્ર ભણો, શાસ્ત્ર સમજો તથા શાસ્ત્ર મુજબ આચરણ કરો** એવી સ્પષ્ટ આજ્ઞા ઉપરના વચનોમાં આપી છે.

(ક) અજ્ઞાનને ત્રણ પ્રકારથી સમજી શકાય છે. (૧) જ્ઞાનનો સર્વથા અભાવ, (૨) અલ્પ માત્રામાં જ્ઞાન હોવું તથા (૩) અન્યથા જ્ઞાન અથવા વિપરીત જ્ઞાન.

(ખ) સત્યના સ્વીકારને 'શ્રદ્ધા ' કહેવામાં આવે છે. એટલા માટે જ સત્યના અસ્વીકાર, અલ્પસ્વીકાર અથવા વિરોધને 'અશ્રદ્ધા ' સમજવી જોઇએ. અશ્રદ્ધા પણ પાછી ત્રણ સ્તરની હોય શકે છે. (૧) મનથી અશ્રદ્ધા, (૨) વચનથી અશ્રદ્ધા, તથા (૩) કર્મથી અશ્રદ્ધા.

(ગ) કોઇ એક વિષયની બાબતમાં બુદ્ધિમાં પરસ્પર અસંગત વિચાર આવવાથી થનારો અનિશ્ચય જ 'સંશય ' કહેવામાં આવે છે.

અજ્ઞાન, અશ્રદ્ધા અથવા સંશયના કારણે વ્યક્તિનો નાશ કેવી રીતે થાય છે તેનું સ્પષ્ટ નિદર્શન ભારતીય ઇતિહાસમાં અભિમન્યુ, અશ્વત્થામા, કર્ણ, શિશુપાલ, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય, ભસ્માસુર વગેરેના ચરિત્રોમાં જોઇ શકાય છે.

અભિમન્યુને ચક્રવ્યુહમાં પ્રવેશ કરવાનું જ્ઞાન હતું પરંતુ ચક્રવ્યુહમાંથી બહાર નિકળવાનું જ્ઞાન તેને ન હતું. **આ અજ્ઞાનના ફલસ્વરૂપે** તે અપાર શક્તિસમ્પન્ન હોવા છતાં પણ અકાળે વીરગતિને પ્રાપ્ત થયો.

અશ્વત્થામાને બ્રહ્માસ્ત્ર છોડવાનું જ્ઞાન હતું પરંતુ તેનું વારણ કરવાનું (પાછું વાળવાનું) જ્ઞાન ન હતું. **આ અજ્ઞાનના પરિણામસ્વરૂપ તે** દિવ્યમણિવિહીન તથા ભગવાન્ શ્રીકૃષ્ણથી શાપિત થયા.

કર્ણને બ્રહ્માસ્ત્રનું જ્ઞાન શ્રીપરશુરામ પાસેથી પ્રાપ્ત થયું હતું. તે જ્ઞાન, પરંતુ, અસત્ય (ખોટું) બોલીને પ્રાપ્ત કરવાથી શાપિત હતું. **અયોગ્યને વિદ્યાનું દાન થયું છે એમ જાણવાથી શ્રીપરશુરામજીએ કર્ણને શાપ આપ્યો** હતો કે પ્રયોગ કરતી વખતે તેની વિદ્યા વિસ્મૃત થઇ જશે.

આ અલ્પજ્ઞાન તથા અજ્ઞાનના કારણે આવનારા પરિણામ સમજાવવા આપવામાં આવેલા દષ્ટાંત છે. હવે અન્યથા જ્ઞાનનું દષ્ટાંત જોઇએ.

શિશુપાલ અન્યથા જ્ઞાનવાળો હતો. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભગવાન્ શ્રીકૃષ્ણને સર્વશ્રેષ્ટ માનીને બધા સભાસદોએ જ્યારે આપની અગ્રપૂજા કરી ત્યારે શિશુપાલથી તે સહન ન થયું. શ્રીકૃષ્ણને પરબ્રહ્મ માનવાની કથા તો દૂર રહી, આપને નરશ્રેષ્ટ માનવા પણ તે તૈયાર નહોતો. **સર્વાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ વિષયક અન્યથા જ્ઞાન (વિપરિત જ્ઞાન) ના કારણે તેનો નાશ થયો.**

''ધર્મ શું છે તે હું જાણુ છું પરંતુ ધર્મ મુજબ આચરણ નથી કરી

શકતો. અધર્મ શું છે તે પણ હું જાણુ છું પરંતુ અધર્મના આચરણને હું છોડી શકતો નથી.'' અધર્માચરણ કરવાવાળાનો તથા અન્તતો ગત્વા નાશ સુનિશ્ચિત છે એવું વિધાન કરનારાઓ કૌરવપક્ષમાં ભીષ્મ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, કર્ણ જેવા અનેક વીરપુરૂષ હતા. શાસ્ત્રીય જ્ઞાનથી પરિપૂર્ણ હોવાથી તેઓ જે કંઇ કરી રહ્યા હતા તે વિષયમાં તેમને કોઇ અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન ન હતું આ વાત અનેક વખત કરેલા એમના વિધાનોથી સમજી શકાય છે. છતાં પણ શાસ્ત્રીય આચરણથી તેઓ વિમુખ હતા. આ લોકોના ચરિત્રની આ અસાધારણ વિશેષતા છે કે સત્યનો સ્વીકાર એમની બુદ્ધિ તથા વાણી સુધી તો હતો પરંતુ આચરણમાં તે ન આવી શક્યો. આ અશ્રદ્ધાનું દ્રષ્ટાંત છે.

ભસ્માસુરથી શ્રેષ્ટ સંશયાત્માનું દ્રષ્ટાંન્ત બીજું કયું હોઇ શકે ! કઠોર તપસ્યા કરીને શિવજીને પ્રસન્ન કર્યા. જેના ઉપર તે હાથ મૂકે તે બળીને ખાક થઇ જાય આવી સિદ્ધિ પણ વરદાન દ્ધારા માંગી . તથા શિવજીએ પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વગર જ વરદાન પણ આપ્યું. ભસ્માસુરને, પરંતુ, વરદાનની સત્યતા ઉપર શંકા થઇ. તેણે તો શિવજીની ઉપર જ હાથ રાખીને વરદાનની પરીક્ષા કરવાની ઇચ્છા કરી. છેવટે વિષ્ણુએ ચતુરાઇપૂર્વક તેના પોતાના જ (ભસ્માસુરનાજ) માથા ઉપર હાથ રખાવીને ભસ્માસુરનો નાશ કર્યો. '' સંશયાત્મા વિનશ્યતિ '' આટલી કઠોર તપસ્યા અને ઇચ્છામુજબ વરદાન છતાં પણ સર્વનાશ ! અજ્ઞાન તથા અશ્રદ્ધા આ આસુરી પ્રવૃત્તિના પરિચાયક છે. તથા જ્યાં આ બંને હોય ત્યાં સંશય ન હોય એ બની જ કેવી રીતે શકે !

પુષ્ટિભક્તિસમ્પ્રદાયી આજે જે સમસ્યાઓથી પીડિત છે તેનું મૂળ ભગવદ્‌ગીતામાં કહેલા અજ્ઞાન, અશ્રદ્ધા તથા સંશયમાં હોવાની પૂરી સંભાવના છે. એટલા માટે એ સમસ્યાઓનું યોગ્ય સમાધાન પણ અજ્ઞાન, અશ્રદ્ધા તથા સંશય જે કારણો દ્ધારા અસ્તિત્વમાં આવે છે એ કારણોના નિવારણ દ્ધારા જ થઇ શકે છે એવી મારી દઢત્તમ માન્યતા છે. આપણે બધા પુષ્ટિમાર્ગીઓમાં જો સુક્ષ્મતાથી અવલોકન કરવામાં આવે તો આપણામાંથી કેટલાક અભિમન્યુ જેવા અલ્પજ્ઞાની, કેટલાક કર્ણ જેવા શાપિત જ્ઞાનવાળા, કેટલાક શિશુપાલ જેવા ઉલ્ટાજ્ઞાનવાળા, કેટલાક જ્ઞાનસમ્પન્ન હોવા છતાં દુર્યોધન, ભીષ્મ દ્રોણાચાર્ય અથવા ધૃતરાષ્ટ્ર જેવા અશ્રદ્ધાશીલ અને મોટાભાગના પુષ્ટિમાર્ગીય ભસ્માસુર જેવા સંશયાત્મા દષ્ટિગોચર થશે.

જેમ કે, અડધું-પડધું જ્ઞાન અને તે પણ પાછું જ્યાં-ત્યાંથી મેળવીને જેમ-તેમ ધર્માચરણમાં પ્રવૃત્ત થયેલાં પુષ્ટિમાર્ગાનુયાયી પોતાના પુષ્ટિમાર્ગીય જીવનની કૃતાર્થતા-સૂતક, પિંડરૂ, માથા બોળ નહાવું કે માથું પલાળ્યા વિના, અગીયારસે સાંબો ખાવો કે સાબુદાણા ખાવા, ઝારીજી જમણી બાજું પધરાવવી કે ડાબી બાજું, શ્રાદ્ધ કરી શકાય કે નહીં, ગોસ્વામી બાલકોને ‘‘જયશ્રી કૃષ્ણ’’ કરી શકાય કે નહીં, ગુરૂના કયા ચરણનો સ્પર્શ પહેલા કરવો ? ઉંચેથી જલપાન કરીને હાથ ધોવા કે નહીં, દીવાબત્તી આપણે થઇ શકે કે નહી, નલ-બોર-ડંકી-ડિપવેલ-કુવામાંથી કયું જલ વાપરી શકાય ? **પધરામણી-ઉછામણી-ચડાવો, બેઠકયાત્રા જેવી પુષ્ટિભક્તિ સંપ્રદાયની દ્રષ્ટિમાં અતિ સામાન્ય અથવા ફક્ત નામ પુરતી જ મહત્વ રાખનારી** અને કેટલીક તો સમ્પ્રદાયના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત વાતોને સમ્પ્રદાયનું સારત્વ સમજીને એમાં જ ગળાડૂબ થઇ જાય છે વગેરે. મોટાભાગે, અત્યારના દીક્ષા લેનારામાં બ્રહ્મસંબંધ લીધા પછી પ્રાપ્ત થતા સમસ્ત કર્તવ્યની પરિસમાપ્તિ ઘરની દીવાલો ઉપર શ્રીમહાપ્રભુજી-શ્રીનાથજી-શ્રીયમુનાજીના ચિત્રજીને ટીંગાડવામાં જ થઇ જાય છે. **આ અજ્ઞાન તથા અલ્પજ્ઞાનથી પીડાઇ રહેલા અનુયાયીઓની કથા છે.**

અત્યારના સમયમાં કર્ણ જેવા શાપિત જ્ઞાનવાળા અનુયાયીની પણ સમ્પ્રદાયમાં અછત નથી. અમો ગુરૂવર્ગ દ્વારા વિગત ઘણા વરસોથી આવા શાપિત જ્ઞાનવાળા અનુયાયીઓનો વધારો સમ્પ્રદાયમાં એવી રીતે કરવામાં આવી રહ્યો છે કે જાણે ચેલાઓ પેદા કરવાનું કોઇ કારખાનું ખોલી રાખ્યું હોય. જેમ કે, કોઇના દુરાગ્રહથી ફક્ત બેઠકોમાં ઝારી ભરવા માટે, સાસુ, શેઠ અથવા વૈષ્ણવના સંઘની રસોઇ કરવાના લાયસન્સના રૂપે, ધંધો સારો ચાલે એટલે, પાપ બળી જાય એટલે અથવા તો એક ગામમાં ૫૦ લોકોએ બ્રહ્મસંબંધ લીધા તો અમારા ગામમાં ૬૦ તો લેવા જ જોઇએ આવી હરિફાઇ, ચડસાચડસી **માટેના હેતુથી બ્રહ્મસંબંધ લેવા આવનારા લોકોની** દીક્ષાને કર્ણની જેમ શાપિત દીક્ષા જ જાણવી જોઇએ.

આ જ કારણ છે કે, **શરણ-સમર્પણની પુષ્ટિસમ્પ્રદાયની મહાનતમ દીક્ષા પ્રાપ્ત થયા છતાં પણ,** કપટ-ભ્રમાદિથી દીક્ષા લીધેલા (કહેવાતા) પુષ્ટિમાર્ગી દીક્ષામન્ત્ર દ્વારા શ્રુત દીનતા, અનન્યતા, શરણાગતિ, સમર્પણ, અસમર્પિતત્યાગ, કૃષ્ણપરતત્વતા વગેરેના જ્ઞાનને તથા હાથમાં તુલસીપત્ર પધરાવીને **પુષ્ટિપુરુષોતમની સામે સર્વસમર્પણપૂર્વક પોતાના ઘરમાં તેની**

સેવા કરવાની જે પ્રતિજ્ઞા કરે છે તેને પણ (કહેવાતી) દીક્ષાનું કર્મકાંડ પુરૂ થતાની સાથે જ ભૂલી જાય છે.

અત્યાર સુધી તે અન્ય દેવી-દેવતાઓના દર્શન-પૂજન વગેરે બહુદેવોપાસકના રૂપમાં કરતા હતા, ભગવદ્ અસમર્પિત પદાર્થોનું ખાનપાન એક સામાન્ય માણસના રૂપમાં કરતાં હતા તે હવે એ જ આચરણ તેઓ બિચારા બ્રહ્મસંબંધી, ગુરુની અસીમ કૃપાથી, અન્યાશ્રય તથા અસમર્પિતના ત્યાગની પ્રતિજ્ઞા લઇને કરશે. ઉપર કહેલા પ્રકારથી દીક્ષા આપવા-લેવાવાળાને જોઇએ તો **પુષ્ટિસમ્પ્રદાયની દીક્ષાની બાબતમાં એમની સમજણ એવી દેખાય છે કે** બ્રહ્મસંબંધ દીક્ષા અનન્યાશ્રયપૂર્વક ભગવત્સમર્પિત જીવન જીવવાની દીક્ષા ન હોઇને જાણે કે પ્રતિજ્ઞાપૂર્વક અન્યાશ્રય તથા અસમર્પિતનું ભક્ષણ કરવા માટે જ છે. કર્ણના પ્રસંગમાં તો ગુરૂ શ્રીપરશુરામ અજ્ઞાનતામાં જ્ઞાન આપી બેઠા હતા. અત્યારના પુષ્ટિમાર્ગીય ગુરુજન તો, જાણે છે છતાં પણ **અયોગ્ય-અનધિકારી લોકોને દીક્ષા આપવામાં લેશમાત્ર પણ સંકોચનો અનુભવ કરતા નથી.** આવી સ્થિતિમાં તો આસુરી શિષ્યોને શાપ દેવાની યોગ્યતા પણ આવા ગુરૂમાં નહીં રહેતી હોય ! ત્યારે શિષ્ય દીક્ષાજ્ઞાનને ભૂલી કેમ જાય છે ? આનો ભાવ એમ સમજવો કે **શ્રીઆચાર્યચરણની આજ્ઞા વિરુદ્ધ પ્રણાલીથી જ્યારે દીક્ષા આપવામાં આવે છે ત્યારે એવા આસુરી દીક્ષાર્થીઓને દીક્ષાદાનને વિસ્મૃત કરવાનો શાપ શ્રીઆચાર્યજી અથવા પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ પોતે જ આપતા હશે,** આટલું દ્રષ્ટાન્ત વૈશમ્ય છે.

શિશુપાલ જેવા અન્યથા જ્ઞાનવાળા મૂલસ્વભાવથી (વરણથી) આસુરી કેટલાક લોકો ઉપર બતાવ્યા પ્રમાણે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવીને પોતાની ઉલ્ટી સમજણ તથા આસુરી સ્વભાવના કારણે માર્ગના સિદ્ધાન્ત તથા આ પરંમપરાને વિકૃત કરી નાખે છે. આવા કેટલાક શિશુપાલ સમાન પુષ્ટિમાર્ગીઓના ઉદાહરણ જોઇએ તો, **શ્રીકૃષ્ણની ભકિત છોડીને ફકત શ્રીઆચાર્યજી અથવા શ્રીયમુનાજીની સેવાનો પ્રચાર કરવાવાળા, વિશ્વશાંતિ અથવા ગ્રહોની શાંતિ માટે નવરત્ન વગેરેના પાઠ કરવાની આજ્ઞા દેવાવાળા** તથા તેવા આયોજન કરવાવાળા, પુરુષોત્તમમાસમાં પ્રભુની પૂતનામોક્ષ, મથુરાગમન જેવી પુષ્ટિભાવનાથી પ્રતિકૂલ લીલાઓના મનોરથ કરનારાઓ, **પારકા પાસેથી દ્રવ્ય-સામગ્રી લઇને પોતાના સેવ્યસ્વરૂપની સેવા-મનોરથ કરનારાઓ,**

શ્રીઆચાર્યજીને શ્રીનાથજીના મન્દિરના મુખિયાજી માનવાવાળાઓ વગેરે. આ યાદીને હજુ ઘણી લાંબી બનાવી શકાય છે. અહીં, પરંતુ સમજવાની વાત ફકત એટલી છે કે ‘સાક્ષરા વિપરીતાશ્ચેત્ રાક્ષસા એવ ભવન્તિ’ (સાક્ષરા એટલે વિદ્વાન- જ્ઞાની, અને તેને ઉંધુ વાંચવાથી રાક્ષસા બનશે. જેમાં વિરુદ્ધ ગુણો હોય છે.) ન્યાયથી જાણતા - સમજતા હોવા છતાં પણ **પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે અથવા દુરાશયના કારણે** ઉપર્યુકત પ્રકારની કુપરંપરા ફેલાવવાવાળાને તથા તેને સ્વીકારવાવાળાને **ઘોર-અન્યથાજ્ઞાની** સમજવા જોઈએ. તથા માર્ગીય સિદ્ધાન્ત-પરંપરાને સમુચિત પ્રકારથી સમજવાનો પ્રયાસ ન કરીને તેના પ્રત્યે ઉપેક્ષા અથવા પ્રમાદ રાખીને ઘોર અન્યાથાજ્ઞાનીઓને અનુસરવાવાળાઓને સાધારણ-અન્યાથાજ્ઞાની સમજવા જોઈએ. **સાધારણ અન્યથાજ્ઞાનીઓને ભગવત્કૃપાથી પ્રાપ્ત સત્સંગ વગેરે દ્વારા સદ્બુદ્ધિ આવી જાય તો** તેમનું અધઃપતન થતું અટકી જાય છે. અન્યથા ઘોર-અન્યથાજ્ઞાનીની જેમ એ પણ ઘોર નર્કમાં જ જાય છે, દુર્જ્ઞ આસુરી જીવોને અનુસરવાવાળા અજ્ઞ આસુરી જીવોની જેમ. ‘‘ધર્મમં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા ..... અધો ગચ્છતિ તામસાઃ’’

બ્રહ્મસંબંધ દ્વારા ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારા લોકવેદનિરુપિત સહજ-દેશકાલોત્થ-સંયોગ સ્પર્શજ વગેરે દોષોથી પુષ્ટિમાર્ગીય સમ્ભવતઃ મુકત થઈ જતા હશે **પરંતુ પૂર્વોકત અપસિદ્ધાન્તપૂર્ણ અસત્પરંપરાઓને અનુસરનારાઓ** ઘોર અથવા સાધારણ અન્યથા જ્ઞાની પુષ્ટિમાર્ગીઓના પરિવારમાં જનમ લેવાથી **લાગતા સહજદોષ,** પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોથી સર્વથા વિપરીત જાહેર ધંધાદારી મન્દિર-હવેલીવાળા ગામમાં રહેવાથી લાગતા, **દેશ-કાલોત્થ દોષ,** સિદ્ધાન્તવિપરીત આચરણ કરનારા ગુરુ અથવા કહેવાતા પ.ભ. **વગેરેના દુઃસંગને કારણે લાગતા સંયોગ-સ્પર્શજ દોષોથી,** કે જેમની કલ્પના પણ શ્રીઆચાર્યચરણોએ નહીં કરી હોય, **અત્યારના પુષ્ટિમાર્ગીઓને મુકત થઈ શકવું અતિ દુષ્કર છે.**

જેમ કૌરવોના સામ્રાજયમાં એમની દુઃસંગતિમાં રહેવાના કારણે, એમનાથી ભયભીત હોવાથી અથવા એમના ઉપકારથી લદાયેલા હોવાથી, દેશ-કાલોત્થ તથા સંયોગ-સ્પર્શજ દોષોથી ગ્રસિત ભીષ્મ-દ્રોણ કર્ણ વગેરે ધર્મજ્ઞ હોવા છતાં **સ્વધર્માચરણ અથવા અધર્મત્યાગ ન કરી શક્યા,** એવી જરીતે અત્યારના આવા અનેક પુષ્ટિમાર્ગી છે કે જે વાસ્તવિક સિદ્ધાન્ત તથા પુષ્ટિના

ન મે ચાલી રહેલા પાખંડને જાણતા હોવા છતાં પણ ગુરૂ-ગુરૂઘરમાં અન્ધશ્રદ્ધા અથવા લોકોપવાદની બીકે અથવા પરિવારમાં વૈમનસ્ય થવાની બીકે, શ્રીમન્ત ગુરૂના ઉપકારવશ અથવા ગુરુઓમાં ચાલતી પક્ષાપક્ષીના કારણે, આવેલી કિંકર્તવ્યવિમૂઢતા જન્મપૂર્વોક્ત સહજાદિ દોષોને કારણે સિદ્ધાન્તાનુસાર આચરણ અથવા અપસિદ્ધાન્તનો ત્યાગ નથી કરી શકતા. તેના કારણે આવી ત્રિશુંક જેવી પરિસ્થિતિમાં ફસાયેલા **અત્યારના પુષ્ટિમાર્ગીઓની પણ તેવી જ ગતિ સંભવે છે કે જેવી દ્રોણ વગેરેની અધર્મનો પક્ષ લેવાથી થઇ હતી.** ત્યારે તો અવતાર કાળ હતો. આજે, પરંતુ, અનવતારકાળ છે **આટલું દષ્ટાન્ત વૈશમ્ય અહીં પણ છે.**

જ્ઞાન કે શ્રદ્ધા, અથવા આ બંને ન હોય તો પણ જયારે કોઇ વ્યક્તિ કોઇ ધર્મસમ્પ્રદાયમાં આવી જાય છે ત્યારે તે **સંશયની સાક્ષાત મૂર્તિ બની જતો હોય છે.** તેના કારણે ઉપર્યુક્ત પુષ્ટિમાર્ગીઓમાં ભસ્માસુરનું કાર્ય કરી શકવાના બધા (અવ) ગુણ પ્રચૂર માત્રામાં હોઇ શકે છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. સમ્પ્રદાયનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે. ભસ્માસુર જેવા કૃતઘ્ન પુષ્ટિમાર્ગી (ગુરુ અને શિષ્ય બંને) ઓએ અત્યાર સુધી જેટલું નુકશાન પુષ્ટિમાર્ગને પહોંચાડ્યું છે એટલું બીજા કોઇએ નથી પહોંચાડ્યું. જેમની પાસેથી વરદાન મળ્યું તથા જેને પૂજય માને તે શિવજીનું જ અનિષ્ટ કરવાનો પ્રયાસ જેમ ભસ્માસુરે કર્યો હતો તેવી જ રીતે જેમના દ્વારા પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળ્યો એવા ગુરુની પાસેથી જ એમના સેવ્ય શ્રીઠાકોરજી તથા ઘર-સમ્પત્તિ ઉપરથી **એમની માલિકી હટાવીને એને જાહેર સ્વરૂપમાં ફરેવાવી દેવા જેવું આતતાયી જેવું દુષ્કર્મ કરનારાઓ બીજા કોઇ નથી પરંતુ ભસ્માસુર જેવા પુષ્ટિમાર્ગીઓ જ છે.** (આને પારિવારિક અથવા વ્યક્તિગત નુકશાન માની લેવાની ભૂલ ન કરવી જોઇએ. સમ્પ્રદાયના ઘટક ગુરુ તથા શિષ્ય હોય છે. સમ્પ્રદાય ગુરુ દ્વારા શિષ્યમાં આવે છે. આ **બંનેમાંથી કોઇ એકના નષ્ટ અથવા વિકૃત થવાથી સમ્પ્રદાય જ નષ્ટ અથવા વિકૃત થઇ જાય છે.)**

પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા પોતાની ધન-સમ્પત્તિથી કરવાનો સિદ્ધાન્ત છે. સાર્વજનિક સ્થળ અથવા સાર્વજનિક ધન-સમ્પત્તિથી પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા કરવી તે **શ્રીઆચાર્યચરણોના સિદ્ધાન્તથી સર્વથા વિરુદ્ધ છે.** પુષ્ટિમાર્ગમાં આવા ભસ્માસુરની અત્યારે કમી નથી કે જે પોતાના કોઇ હીન સ્વાર્થની સિદ્ધિ માટે ગુરુને પરિશ્રમ પડશે આવા ખોટા કારણો રજૂ કરીને, સાચા

જિજ્ઞાસુ અનુયાયીઓને, (ગુરુના દ્વારપાલ બનીને) ગુરુની નજીક જવાથી રોકતા હોય. પુષ્ટિમાર્ગમાં આવા ભસ્માસુરો તો એક માગો તો દશ મળી જશે કે જે એકમાત્ર પુષ્ટિમાર્ગને બાદ કરીને બીજા અન્ય કોઇપણ ધર્મસમ્પ્રદાય, ચિન્તક અથવા વક્તાને નિત્યનિયમપૂર્વક વાંચતા-સાંભળતા હશે. જો નહીં વાંચતા-સાંભળતા હોય તે એક માત્ર પુષ્ટિમાર્ગના જ પવિત્ર ગ્રંથોને કે જેની કંઠી જનમથી પોતાના ગળામાં ઘાલીને અત્યાર સુધી ફરી રહ્યા છે. મુંબઇમાં જાન્યુઆરી ૧૯૯૨ માં આયોજિત પુષ્ટિસિદ્ધાન્ત - ચર્ચાસભા બાદ ઉંચી પદવી ઉપર બિરાજનારા આવા ભસ્માસુર પણ ઉઘાડા થઇ ગયા છે કે જે શ્રી આચાર્યચરણોના પારદર્શક (સ્પષ્ટ) સિદ્ધાન્તોમાંથી દષ્ટિગોચર થતી પોતાની નિર્લજતા ઉપર ઢાંક-પિછોડો કરવા માટે મિથ્યા પ્રયાસના રૂપમાં શ્રીઆચાર્યચરણોના સિદ્ધાન્તવચનોને વિપરિત (ઉલ્ટુ) વ્યાખ્યાન કરવા લાગી ગયા છે. **પુષ્ટિમાર્ગમાં આવા ભસ્માસુર પણ ઘણા છે કે જે પોતાના ગુરુ સાથે ઘનિષ્ઠ સંબંધ રાખતા હોવાથી બહિર્મુખતા પ્રાપ્ત કરાવનારી મોજ-મજાની નવી નવી સાધન-સામગ્રીઓ સપ્લાય કરીને એમને સત્પથભ્રષ્ટ કરતા હોય.**

ભસ્માસુરોની યાદી હજુ પણ લાંબી બનાવી શકાય છે. અહીં, પરંતુ ધ્યાનમાં લેવાની વાત એ છે કે **ભસ્માસુર જાતે પેદા નથી થતા. પાત્ર-અપાત્રના પુરતા જ્ઞાન વગર વરદાન દઇ દેવાથી સ્વયં શિવજી ભસ્માસુરની ઉત્પત્તિના કારણ બન્યા એવી જ રીતે ઉપર્યુકત પ્રકારના પુષ્ટિમાર્ગીય ભસ્માસુરોને પેદા કરવાના પાપના ભાગીદાર પણ હકીકતમાં તો ગુરુજન જ કહેવાશે.**

અજ્ઞાન, અશ્રદ્ધા અથવા સંશયજન્ય ઉપર્યુકત તથા બીજા પણ જે વિનાશ કરનારા વિકારો સમ્પ્રદાયમાં ઉત્પન્ન થયા છે તેને નિર્મૂલ કરવા માટે મુખ્ય ચાર ઉપાય મારી દષ્ટિએ હોઇ શકે છે.

(૧) આચાર્યવંશજોનુી અનિવાર્ય રૂપથી આચાર્યપદોચિત શાસ્ત્રીય અભ્યાસ.
(૨) દીક્ષાપ્રણાલીની વિશુદ્ધતા.
(૩) સ્વમાર્ગીય સિદ્ધાતન્તગ્રંથોમાં યથાધિકાર અદયયન-અદયાપનની પરંપરાની પુનઃસ્થાપના.
(૪) સાધનાપ્રણાલીની વિશુદ્ધતા.

ઉપર્યુકત ઉપાયોને વ્યવહારમાં લાવવા બે-ચાર માણસથી શકય નથી.

એટલા માટે આ દિશામાં સંનિષ્ઠ પ્રયાસ જ્યાં સુધી પ્રારંભ ન થાય ત્યાં સુધી વ્યક્તિગત રૂપથી જેટલા સત્પ્રયાસ બની શકે એટલા કરતા રહેવા, એ જ ઉચિત પ્રતિત થાય છે.

(ઉદ્ધૃત : ‘‘સર્વનિર્ણય પ્રકરણ ’’ પ્રકાશીત પુસ્તકમાંથી
સમ્પાદકીય લેખ - ગો. શ્રીશરદકુમારજી (માંડવી - કચ્છ))

☞ **સંપ્રદાય સાર :** બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજી-શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી વગેરેનાં ગ્રંથોનો ટીકા સાથે અભ્યાસ કરવો જોઇએ. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા - શિક્ષાપત્ર વગેરેમાંથી વાંચી-સમજી સાચું જ્ઞાન જાણકારી મેળવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સંપ્રદાયના સિદ્ધાંતો વગેરે જાણી **આચરણ કરવું એજ ક્રિયા, ધર્મ બનશે, જ્યારે તેનાથી વિપરીત દરેક ક્રિયા અધર્મ બનશે.**

જેમ જ્ઞાની ધર્મનિષ્ઠ ભિષ્મપિતામહ, દ્રોણ, અશ્વત્થામા, કર્ણ વગેરેનો વિનાશ અધર્માચરણ આચરનારા કૌરવોના પક્ષે રહેવાથી થયો હતો તેમ સંપ્રદાયમાં પણ અધર્માચરણ આચરનારાઓને સાથ-સહકાર આપવાથી બ્રહ્મસંબંધી જીવોનો વિનાશ થઇ શકે છે એટલે બર્હિમુખ થઇ જાય છે. અને શિક્ષાશ્લોકીમાં જણાવ્યા પ્રમાણે કાળ તેને ગ્રસ્ત કરી જાય છે. માટે આપણે સૌએ ધર્મ શું છે ? અધર્મ શું છે ? તે જાણી-સમજી-વિચાર પૂર્વકનું આચરણ કરવું જોઇએ, શેષ ભગવદ્ ઇચ્છા. ✍

શ્રી ભાગવત પારાયણ-ચિંતન શિબિર

:: અધ્યક્ષ :: ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)

મહાપ્રભુશ્રી વલ્લભાચાર્ય તેમજ શ્રીગોપીનાથપ્રભુ ચરણોએ ચીંધેલ રાહે શ્રીભાગવતનું પારાયણ તેમજ ચિંતન આપણે સહુ પુષ્ટિમાર્ગીઓએ નિર્હેતુક-નિર્દમ્ભ ભાવે આદર-ભક્તિથી પરસ્પર મળીને કરીએ !

ભાગવત એ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. વૈષ્ણવો માટે વેદ સમાન છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને સ્વયં ભગવાને શ્રીભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવાની આજ્ઞા કરતાં આપે ભાગવતના સાત પ્રકારે અર્થો પ્રકટ કર્યા છે. ભાગવત સર્વસન્દેહવારક શાસ્ત્ર હોવાથી, ભક્તિશાસ્ત્ર હોવાથી પુષ્ટિમાર્ગીય ગુરૂમાં ભાગવતતત્વજ્ઞાનની અનિવાર્યતા શ્રીમહાપ્રભુજીએ સ્વીકારી છે. શ્રીભાગવતનો નિત્યપાઠ, પ્રવચન, લેખન, પારાયણ એ મહાપ્રભુજીના જીવનક્રમના અભિન્ન અંગ રહ્યા છે.

(CD, પુસ્તકો માટે જુઓ વૈષ્ણવોને નમ્ર વિનંતી - રાજકોટ.)

વૈષ્ણવોને નમ્ર વિનંતી – રાજકોટ

આજે ઠાકોરજીની સેવા કરનારા, ગુરૂની સેવા કરનારા, વૈષ્ણવોની સેવા કરનારા, સમાજ સેવા કરનારા, માનવ સેવા કરનારા, કે પછી મૂંગા-અબોલ પશુઓની સેવા કરનારા અસંખ્ય વ્યક્તિઓ મળી જશે પરંતુ આજે આપણા **પુષ્ટિભક્તિસંપ્રદાયની સેવા કરનારાઓ શોધવા જઈએ તો માંડ પાંચ ટકા** પણ મળે તો ધન્ય ધન્ય કહેવાય.

સંપ્રદાયની સેવા, દરેક સાંપ્રદાયિક વ્યક્તિ કે અનુયાયીનું પરમ કર્તવ્ય અને આવશ્યકતા પણ છે. જો સંપ્રદાયનું રક્ષણ આપણે કરીશું તો સંપ્રદાય આપણું રક્ષણ કરવા શક્તિશાળી રહેશે. **સંપ્રદાયના મૂળ સ્વરૂપનોજ** જો નાશ થઈ જશે તો આપણું ભક્ષણ કરવા માટે કાળ મોઢું ફાડીને બેઠો જ છે તેથી જ શ્રીમહાપ્રભુજીએ અંતિમ ઉપદેશમાં આજ્ઞા કરી છે કે **“ જો તમે પ્રભુથી બહિર્મુખ થશો તો કાલના પ્રવાહમાં વહી રહેલા તમારા જ દેહ અને તમારૂં જ ચિત્ત, તમારૂં ભક્ષણ કરી જશે”** આજે આપણા સંપ્રદાયમાં જવાબદાર વ્યક્તિઓ તથા તેને અનુસરનારા અનુયાયીઓની મોટા ભાગે આ જ પરિસ્થિતિ થતી જાય છે.

મૂલ સંપ્રદાયની રક્ષા કરવા માટે, તેના મૂલપ્રવર્તક તથા તેમના પછીના વિદ્વાન આચાર્યોનું ગ્રંથ સાહિત્ય જ હોય છે. તે મૂલ ગ્રંથ સાહિત્ય પ્રત્યે છેલ્લા દોઢસો-બસો વર્ષથી, ઉપેક્ષા ઉત્તરોઉત્તર વધતી ચાલી છે. તેનું પરિણામ અત્યારે આપણે બધા અનુભવીએ જ છીએ. એટલા માટે આપણા સંપ્રદાયના મૂલ-ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કર્યા છે તે, અને વિદ્વાન-પ્રાચિન આચાર્યોના ગ્રંથોને ફરી પાછા વ્યવહારમાં લાવવા માટે અલગ અલગ માધ્યમો દ્વારા (પાઠશાળાઓ, શિબિરો, વિડીયો-કેસેટ દ્વારા) વૈષ્ણવો સુધી પહોંચાડવા માટે આ અભિયાન પ્રવૃત્તિ કેન્દ્ર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી સતત ચાલતી રહી છે. તેમાં આપ સહુ વૈષ્ણવો પણ પોતપોતાના સામર્થ્ય મુજબ સહકાર રૂપ બનશો તો જરૂર આપણાં સંપ્રદાયને તેના મૂળસ્વરૂપમાં લાવીને આપણે આપણું રક્ષણ કરી શકશું.

આપ આપને ત્યાં શુભ પ્રસંગો ઉપર, **પડતર કિંમતમાં કે વિના મૂલ્યે** મળતું સાહિત્ય, પુસ્તિકાઓ, ઓડીયો - વિડીયો સીડીનું વિતરણ, વૈષ્ણવોમાં કરી સંપ્રદાયની સેવામાં સહકાર આપી શકો છો.

:: સંપર્ક ::

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪ - અમરદીપ કોમ્પલેક્ષ, ૨-રાજપૂતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯, ૦૨૮૧ - ૨૨૨૦૦૫૫

શું ?....... શું ? .... ન જોઈએ.

શ્રીવલ્લભ પ્રભુ પદ આશ્રય વિના, જન્મ વ્યર્થ વિતાવવો ન જોઇએ ।
વાંચીએ, સાંભળીએ, સમજીએ સુબોધિનીજી, સમય બીજે બગાડવો ન જોઇએ ॥
આરાધના રાધિકાનાથની, છોડવી ક્યારેય ન જોઇએ ।
આ ત્રણેય છોડ્યા, તો જન્મ નકામો, ભાર ભૂતલ વધારવો ન જોઇએ ॥

છે સિદ્ધાન્ત માર્ગનો સ્વગૃહે સેવા, એ 'ધર્મ'ભૂલવો ન જોઇએ ।
છે સ્વગૃહે બિરાજતા નિધિ અમોલ, એ 'અર્થ'ભૂલવો ન જોઇએ ॥
તનમનધન ન્યોછાવર એના પર, એ 'કામ'ભૂલવો ન જોઇએ ।
છે સર્વદા રમણ એ પ્રભુ સાથે, એ 'મોક્ષ'ભૂલવો ન જોઇએ ॥

છે સંબંધ બ્રહ્મથી મારો, ગર્વ જવો એ ન જોઇએ ।
છે અલ્પ સામર્થ્યવાન પ્રભુ મારા, મનમાં લાવવું એ ન જોઇએ ॥
મહામંત્ર અષ્ટાક્ષર મુખથી, છોડવો ક્યારેય ન જોઇએ ।
સામેથી જવું અને કરવી પ્રાર્થના એ અન્યાશ્રય કરવો ન જોઇએ ॥

મંદિરથી છૂટે ગૃહ સેવા, તેથી જવું ત્યાં ન જોઇએ ।
ઘરનાં ઠાકોરજીને છોડીને મનોરથ, કરાવવા ક્યાંય ન જોઇએ ॥
બધામાં બિરાજે છે પ્રભુ મારા, એ વિસરાવું ન જોઇએ ।
સામગ્રી અર્ધભૂક્ત પ્રભુને, ધરાવવી ક્યારેય ન જોઇએ ॥

ધુન્ધુકારી ક્યારેય પૂર્વજોને, જાતે બનાવવા ન જોઇએ ।
મુક્તિ માટે તેમની, ભાગવત વેચવું કે લેવું આપણે ન જોઇએ ॥
લઇ બ્રહ્મસંબંધ ન કરવી સેવા, પાપ એ કરવું ન જોઇએ ।
પ્રદર્શનના બહાનાવાળું દર્શન, કરવું ક્યારેય ન જોઇએ ॥

વેચે પ્રભુસેવા વેચતાં હોય તે, ખરીદવી આપણે ન જોઇએ ।
છે વૈકુંઠ, જ્યાં છે, ગૃહસેવા, સત્ય તે વિસરાવું ન જોઇએ ॥
રાખવા કંઠી તિલક હંમેશા, શરમાવું એમાં ન જોઇએ ।
સેદૈન્ય જયશ્રીકૃષ્ણ બધાથી, બોલાવવા 'ભૂપ' ન જોઇએ ।

રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ'(જબલપુર) ની
રચનાનો યથામતી ગુજરાતી અનુવાદ

શું ?....... શું ? .... ન જોઈએ.

શ્રીવલ્લભ પ્રભુ પદ આશ્રય વિના, જન્મ વ્યર્થ વિતાવવો ન જોઇએ ।
વાંચીએ, સાંભળીએ, સમજીએ સુબોધિનીજી, સમય બીજે બગાડવો ન જોઇએ ॥
આરાધના રાધિકાનાથની, છોડવી ક્યારેય ન જોઇએ ।
આ ત્રણેય છોડ્યા, તો જન્મ નકામો, ભાર ભૂતલ વધારવો ન જોઇએ ॥

છે સિદ્ધાન્ત માર્ગનો સ્વગૃહે સેવા, એ 'ધર્મ' ભૂલવો ન જોઇએ ।
છે સ્વગૃહે બિરાજતા નિધિ અમોલ, એ 'અર્થ' ભૂલવો ન જોઇએ ॥
તનમનધન ન્યોછાવર એના પર, એ 'કામ' ભૂલવો ન જોઇએ ।
છે સર્વદા રમણ એ પ્રભુ સાથે, એ 'મોક્ષ' ભૂલવો ન જોઇએ ॥

છે સંબંધ બ્રહ્મથી મારો, ગર્વ જવો એ ન જોઇએ ।
છે અલ્પ સામર્થ્યવાન પ્રભુ મારા, મનમાં લાવવું એ ન જોઇએ ॥
મહામંત્ર અષ્ટાક્ષર મુખથી, છોડવો ક્યારેય ન જોઇએ ।
સામેથી જવું અને કરવી પ્રાર્થના એ અન્યાશ્રય કરવો ન જોઇએ ॥

મંદિરથી છૂટે ગૃહ સેવા, તેથી જવું ત્યાં ન જોઇએ ।
ઘરનાં ઠાકોરજીને છોડીને મનોરથ, કરાવવા ક્યાંય ન જોઇએ ॥
બધામાં બિરાજે છે પ્રભુ મારા, એ વિસરાવું ન જોઇએ ।
સામગ્રી અર્ધભૂક્ત પ્રભુને, ધરાવવી ક્યારેય ન જોઇએ ॥

ધુન્ધુકારી ક્યારેય પૂર્વજોને, જાતે બનાવવા ન જોઇએ ।
મુક્તિ માટે તેમની, ભાગવત વેચવું કે લેવું આપણે ન જોઇએ ॥
લઇ બ્રહ્મસંબંધ ન કરવી સેવા, પાપ એ કરવું ન જોઇએ ।
પ્રદર્શનના બહાનાવાળું દર્શન, કરવું ક્યારેય ન જોઇએ ॥

વેચે પ્રભુસેવા વેચતાં હોય તે, ખરીદવી આપણે ન જોઇએ ।
છે વૈકુંઠ, જ્યાં છે, ગૃહસેવા, સત્ય તે વિસરાવું ન જોઇએ ॥
રાખવા કંઠી તિલક હંમેશા, શરમાવું એમાં ન જોઇએ ।
સદૈન્ય જયશ્રીકૃષ્ણ બધાથી, બોલાવવા 'ભૂપ' ન જોઇએ ।

રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ'(જબલપુર) ની
રચનાનો યથામતી ગુજરાતી અનુવાદ